અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

09 FEBRUARY-2026 MONDAY | Vol. : 17 | Issue : 218 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  એક્ઝિટ પોલમાં PM તકાઈચીને મોટી સરસાઈ

4  સાઉદીએ અમેરિકા કરતા બમણા ભારતીયોને ડિપોર્ટ કર્યા

6  T20 વર્લ્ડ કપમાં મોટી દુર્ઘટના ટળી, એકબીજા સાથે ટકરાયા ખેલાડી

7  નવા ઈનકમ ટેક્સ નિયમોનો ડ્રાફ્ટ જાહેર: નિયમોની સંખ્યા 511થી ઘટીને 333 થઈ, 1 એપ્રિલ 2026 થી નવી સિસ્ટમ લાગુ પડશે

## 'આતંકવાદ મુદ્દે ડબલ સ્ટાન્ડર્ડ નહીં': મોદીએ કહ્યું- તમિલ ભાષા ભારત-મલેશિયાને જોડે છે

**કુઆલાલંપુર, તા.08**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મલેશિયા પ્રવાસનો આજે બીજો દિવસ છે. PM મોદી અને મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમ વચ્ચે આજે દ્વિપક્ષીય વાતચીત થઈ. PM મોદીએ આતંકવાદ પર પોતાનું વલણ કડક કર્યું.


તેમણે કહ્યું, 'આતંકવાદ વિશે અમારો સંદેશ ખૂબ જ સ્પષ્ટ છે, કોઈ બેવડા ધોરણો નહીં, કોઈ બાંધછોડ નહીં. ભારત અને મલેશિયા આતંકવાદ વિરુદ્ધ મળીને કામ કરશે.'

PM મોદીએ પ્રેસ બ્રીફિંગ દરમિયાન તમિલ ભાષાના મહત્વ પર પણ ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે તમિલ ભાષા પ્રત્યેનો સહિયારો પ્રેમ ભારત અને મલેશિયાને જોડે છે.

મોદીએ ઓડિયો-વિઝ્યુઅલ કરારનો ઉલ્લેખ કરતા કહ્યું, 'મને પૂરો વિશ્વાસ છે કે આજે થયેલા ઓડિયો-વિઝ્યુઅલ કરારથી ફિલ્મો અને સંગીત, ખાસ કરીને તમિલ ફિલ્મો, અમારા દિલને વધુ નજીક લાવશે.' PM મોદીએ મલેશિયાના PMને પોતાના મિત્ર ગણાવ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10માં ભારત-મલેશિયા CEO ફોરમ દરમિયાન આજે મલેશિયાના ચાર અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરી.

તેમણે પેટ્રોનાસના અધ્યક્ષ અને ગ્રુપ સીઈઓ તન શ્રી તેંગકુ મુહમ્મદ તૌફિક, બર્જ્યા કોર્પોરેશન બરહાદના સ્થાપક તન શ્રી દાતો' સેરી વિન્સેન્ટ, ખઝાનાહ નેશનલ બરહાદના ડાયરેક્ટર દાતો' અમીરુલ ફૈઝલ વાન ઝાહિર અને ફાઈસન ઈલેક્ટ્રોનિક્સના સ્થાપક દાતો પુઆ ખેઈન સેંગ સાથે મુલાકાત કરી.

પ્રધાનમંત્રીએ ભારત અને મલેશિયા વચ્ચે વધતા વ્યાપારી સંબંધો (B2B કનેક્શન)ની પ્રશંસા કરી અને મલેશિયન કંપનીઓમાં ભારતની વિકાસ યાત્રા પ્રત્યે ઊંડો રસ જોઈને પ્રસન્નતા વ્યક્ત કરી.



### મોદીએ કહ્યું- તમિલ ભાષા મલેશિયાના સાંસ્કૃતિક જીવનનો એક ભાગ છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'તમિલ ભાષા પ્રત્યેનો સહિયારો પ્રેમ ભારત અને મલેશિયાને જોડે છે. મલેશિયામાં તમિલ ભાષાની મજબૂત અને જીવંત ઉપસ્થિતિ શિક્ષણ, મીડિયા અને સાંસ્કૃતિક જીવનમાં સ્પષ્ટપણે દેખાય છે. મને પૂરો વિશ્વાસ છે કે આજે થયેલા ઓડિયો-વિઝ્યુઅલ કરાર સાથે ફિલ્મો અને સંગીત, ખાસ કરીને તમિલ ફિલ્મો, આપણા હૃદયોને વધુ નજીક લાવશે. વડાપ્રધાન મોદીએ આ દરમિયાન બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક જોડાણ પર ભાર મૂક્યો અને તમિલ ભાષા અને તમિલ સિનેમાને લોકો વચ્ચે ભાવનાત્મક નિકટતા વધારવાનું માધ્યમ ગણાવ્યું. તેમણે કહ્યું કે આ કરાર ફિલ્મ અને સંગીતના ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપશે, જેનાથી ભારત-મલેશિયાના સંબંધો વધુ ગાઢ બનશે.

### મોદીએ કહ્યું- UPI અને ફ્રી ઈ-વિઝા ટૂરિઝમને વધારશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મલેશિયા પ્રવાસ સંબંધિત ફોટા સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા. તેમણે કહ્યું- ભારત-મલેશિયાની મિત્રતા આપણા લોકો પર આધારિત છે. સામાજિક સુરક્ષા કરાર, પર્યટન માટે મફત ઈ-વિઝા અને મલેશિયામાં UPIનું આગમન આપણા લોકોને વધુ નજીક લાવશે અને પર્યટનને પ્રોત્સાહન આપશે. મોદીએ જણાવ્યું કે આપણે બંને દેશ યુનિવર્સિટીઓ વધારવા અને આપણા યુવાનો માટે કૌશલ્ય વિકાસની તકો ઊભી કરવા માટે પણ કામ કરી રહ્યા છીએ.



## 'ગલવાનમાં અથડામણ બાદ ચીને પરમાણુ પરીક્ષણ કર્યું હતું...', અમેરિકાનો ચોંકાવનારો દાવો

**વોશિંગ્ટન, તા.08**



ભારત અને ચીન વચ્ચે ૨૦૨૦માં થયેલી ગલવાન ખીણની લોહિયાળ અથડામણ બાદ ચીને અત્યંત ગુપ્ત રીતે પરમાણુ પરીક્ષણ કર્યું હોવાનો ખળભળાટ મચાવતો દાવો અમેરિકાએ કર્યો છે. અમેરિકાના નાયબ વિદેશ સચિવ થોમસ જી. ડીનાનોના જણાવ્યાનુસાર, ચીને વિશ્વની નજરોથી બચવા માટે ખાસ ટેકનિકનો ઉપયોગ કરીને આ પરીક્ષણ પાર પાડ્યું હતું.

અમેરિકી અધિકારીએ દાવો કર્યો હતો કે, '22 જૂન 2020ના રોજ ચીને પરમાણુ વિસ્ફોટક પરીક્ષણ કર્યું હતું. આ એ જ સમય હતો જ્યારે ગલવાનમાં ભારતીય સૈનિકો સાથેની અથડામણને માત્ર એક અઠવાડિયું થયું હતું. 15મી જૂન 2020ના રોજ ગલવાનમાં 20 ભારતીય જવાનો શહીદ થયા હતા, જ્યારે ચીનના પણ અંદાજે 30થી વધુ સૈનિકો માર્યા ગયા હોવાનું મનાય છે. બરાબર 7 દિવસ બાદ ચીને પોતાની પરમાણુ શક્તિનું પરીક્ષણ કરીને દુનિયા સામે ખતરો ઊભો કર્યો હતો.'

અમેરિકાનો આરોપ છે કે ચીને આ પરીક્ષણ સામાન્ય રીતે કર્યું નહોતું. તેમણે 'ડીકપલિંગ' નામની પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આ ટેકનિક દ્વારા ભૂકંપ દેખરેખ રાખતી સિસ્ટમની અસરકારકતા ઘટાડી દેવામાં આવે છે. જેથી જ્યારે પરમાણુ વિસ્ફોટ થાય, ત્યારે પૃથ્વીના પેટાળમાં થતી ધ્રુજારી અન્ય દેશોના સેન્સર પકડી ન શકે. ચીને સેંકડો ટન ક્ષમતા ધરાવતા વિસ્ફોટકો સાથે આ પ્રક્રિયા હાથ ધરી હતી.

વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે રચાયેલ વ્યૂહાત્મક શસ્ત્રો ઘટાડા સંધિનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું, 'નવી START પર 2010 માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, અને 2026 માં વોરહેડ્સ અને લોન્ચર્સ પરની તેની મર્યાદાઓ લાગુ રહેશે નહીં. એક પરમાણુ શક્તિ તેના શસ્ત્રો શસ્ત્રાગારને પહેલા કરતા વધુ મોટા પાયે અને ગતિએ વિસ્તૃત કરી રહી છે અને ન્યૂ START ની શરતોથી કોઈપણ અવરોધ વિના મોટા પાયે પરમાણુ પ્રણાલીઓને જાળવવા અને વિકસાવવાનું ચાલુ રાખે છે.' અમેરિકી અધિકારીએ ભાર પૂર્વક જણાવ્યું કે વિશ્વએ હવે જૂની સંધિઓના ભરોસે રહેવાને બદલે નવા જોખમોને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવી પડશે. ચીનની આ ગુપ્ત પ્રવૃત્તિઓ દક્ષિણ એશિયા અને સમગ્ર વિશ્વની શાંતિ માટે જોખમી સાબિત થઈ શકે છે.

## પાકિસ્તાનના 14 શહેરોમાં 76 હુમલા, 350થી વધુ સુરક્ષાદળોને માર્યાનો BLAનો દાવો

**ઈસ્લામાબાદ, તા.08**

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. બલૂચ લિબરેશન આર્મી (BLA) એ દાવો કર્યો છે કે 'ઓપરેશન હેરોફ II' અંતર્ગત માત્ર 6 દિવસમાં 14 શહેરોમાં 76 થી વધુ સફળ હુમલા કરવામાં આવ્યા છે. આ ઓપરેશનમાં પાકિસ્તાની સેના, ફ્રન્ટિયર કોર્પ્સ અને ગુપ્તચર એજન્સીઓના 362 થી વધુ જવાનો માર્યા ગયા હોવાનો દાવો કરવામાં



આવ્યો છે. જો કે, પાકિસ્તાની સેનાએ આ આંકડાને નકારીને 200 થી વધુ ઉગ્રવાદીઓને ઠાર કર્યા હોવાની વાત કહી છે.

BLA ના જણાવ્યા મુજબ, આ મિશનમાં તેમની મજીદ બ્રિગેડના 50 ફિદાયીન સહિત કુલ 93 લડાકુઓએ જીવ ગુમાવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, BLA એ 17 પાકિસ્તાની સુરક્ષાકર્મીઓને જીવતા પકડ્યા હોવાનો પણ દાવો કર્યો છે, જેમાંથી 7 હજુ પણ તેમની કસ્ટડીમાં છે. આ લડાકુઓએ સેનાની ચેકપોસ્ટો અને પોલીસ સ્ટેશનોને તોડી પાડી મોટા પ્રમાણમાં હથિયારો કબજે કર્યા છે.

આ પ્રાયોજિત હુમલાઓને કારણે બલૂચિસ્તાનમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છે. આ લડાઈ હવે માત્ર મેદાન પૂરતી સીમિત નથી રહી, પરંતુ મનોવૈજ્ઞાનિક રીતે પાકિસ્તાન સરકારને તોડી રહી છે. આ હિંસાને કારણે ચીન જેવા વિદેશી રોકાણકારોમાં ડર પેસી ગયો છે, જે પાકિસ્તાનની પહેલેથી જ ડગમગતી અર્થવ્યવસ્થા માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો સ્થિતિ આવી જ રહી તો પાકિસ્તાન માટે બલૂચિસ્તાન પર કાબૂ રાખવો અશક્ય બની જશે.

## 'RSS પ્રમુખ કોઈ જાતિના નહીં, માત્ર હિન્દુ હશે', મુંબઈમાં મોહન ભાગવતનું મોટું નિવેદન

**મુંબઈ, તા.08**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, 'સંઘમાં સર્વોચ્ચ પદ માટેની પસંદગી જાતિના આધારે નહીં, પરંતુ માત્ર હિન્દુ હોવાના આધારે કરવામાં આવે છે. આ નિવેદન દ્વારા તેમણે જાતિવાદની વ્યૂહનીતિથી ઉપર ઉઠીને સંગઠનની વિચારધારાને સ્પષ્ટ કરી છે.'



મુંબઈમાં આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'આરએસએસ વડા કોઈપણ જાતિમાંથી હોઈ શકે છે. આ પદ જાતિના આધારે પસંદ કરવામાં આવતું નથી. એકમાત્ર અને મુખ્ય શરત એ છે કે તે વ્યક્તિ હિન્દુ હોવી જોઈએ. સંઘમાં લાયકાત જાતિ દ્વારા નહીં, પણ હિન્દુત્ત્વની ભાવના દ્વારા નક્કી થાય છે.' આરએસએસના વડા મોહન ભાગવતે પોતાના પદ અને સંગઠનની પ્રણાલી વિશે પણ કેટલીક પાયાની વાતો શેર કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે 75 વર્ષ પછી વ્યક્તિએ પદ વિના કામ કરવું જોઈએ. મારી ઉંમર અંગે સંઘને જાણ કરી હતી, પરંતુ સંગઠને મને કામ ચાલુ રાખવા કહ્યું છે. હું પદ છોડી શકું છું, પરંતુ કામ પરથી ક્યારેય નિવૃત્ત થઈશ નહીં. આરએસએસ જ્યારે પણ કહેશે ત્યારે હું પદ છોડી દઈશ, કારણ કે અહીં નિર્ણયો વ્યક્તિ નહીં પણ સંગઠન લે છે. સંઘ પ્રમુખની પસંદગી ચૂંટણી દ્વારા નહીં, પરંતુ પ્રાદેશિક અને પ્રાંતીય વડાઓની સર્વસંમતિથી થાય છે. આરએસએસના સ્વયંસેવકોને સંબોધતા મોહન ભાગવતે કહ્યું કે, 'જીવનમાં પડકારો અને અનુકૂળતા આવતી-જતી રહેશે, પરંતુ આપણે સમસ્યાને બદલે ઉકેલ શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

## અમેરિકાની ધમકીઓ છતાં ટસનું મસ ના થયું ઈરાન! ઈઝરાયલના ધબકારા વધ્યા, ટ્રમ્પ સાથે બેઠક કરશે નેતન્યાહૂ

**તેહરાન, તા.08**

ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે અમેરિકાએ તેના પર નવા પ્રતિબંધો લાદ્યા છે, જેનાથી ભડકેલા મધ્ય પૂર્વના આ દેશે વોશિંગ્ટનને મોટી ધમકી આપી છે. ઈરાનની આ ધમકી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચિંતામાં વધારો કરી શકે છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ જણાવ્યું હતું કે, જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે, તો ઈરાન મધ્ય પૂર્વમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને પોતાનું નિશાન બનાવશે. તેમણે એમ પણ ઉમેર્યું કે, આને એ દેશો વિરુદ્ધની કાર્યવાહી તરીકે ન જોવી જોઈએ જ્યાં આ અમેરિકી મથકો આવેલા છે.

અરાગચીનું આ નિવેદન તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે ઓમાનની મધ્યસ્થતામાં શુક્રવારે (6 ફેબ્રુઆરી, 2026) થયેલી હકારાત્મક વાતચીત બાદ પરમાણુ મંત્રણા ચાલુ રાખવાની સંમતિના એક દિવસ પછી, શનિવારે (7 ફેબ્રુઆરી, 2026) સામે આવ્યું છે. અબ્બાસ અરાગચીએ શનિવારે 'અલ જઝીરા ટીવી'ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અમેરિકા સાથે આગામી વાતચીતની તારીખ હજુ નક્કી નથી થઈ, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે, આ વાતચીત આગામી સપ્તાહની શરૂઆતમાં થઈ શકે છે. તેમણે કહ્યું કે અમે અને વોશિંગ્ટન બંને માનીએ છીએ કે વાતચીત વહેલી તકે થવી જોઈએ.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વ વિસ્તારમાં અમેરિકી નૌસૈનિકોની તૈનાતી વધાર્યા બાદ ઈરાન પર હુમલો કરવાની ધમકી આપી છે. તેમણે ઈરાન પાસે યુરેનિયમ એનરિચમેન્ટ (સંવર્ધન) બંધ કરવાની માંગ કરી છે. જેને પરમાણુ હથિયાર બનાવવા તરફનું મહત્વનું પગલું માનવામાં આવે છે. આ સિવાય અમેરિકાએ



બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ રોકવા અને વિસ્તારના સશસ્ત્ર જૂથોને સમર્થન ન આપવાની પણ માંગ કરી છે. જોકે, તેહરાન લાંબા સમયથી પરમાણુ ઈંધણના સૈન્ય ઉપયોગના ઈરાદાનો ઈનકાર કરતું આવ્યું છે.

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ બુધવારે વોશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પને મળશે. શનિવારે તેમના કાર્યાલયે જણાવ્યું કે ઈરાન સાથે અમેરિકાની મંત્રણા પર ચર્ચા થશે. નેતન્યાહુ માને છે કે, તમામ મંત્રણાઓમાં બેલિસ્ટિક મિસાઈલો પર રોક અને ઈરાની જૂથોને અપાતા સમર્થનનો અંત લાવવાનો મુદ્દો સામેલ હોવો જોઈએ.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાની વાતચીત 'ખૂબ સારી' રહી છે. આ મંત્રણામાં અમેરિકા તરફથી મધ્ય પૂર્વના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશ્નર હાજર હતા. ટ્રમ્પે ઈરાનને પરમાણુ કરાર માટે મજબૂર કરવા બળપ્રયોગ કરવાની વારંવાર ધમકી આપી છે. અગાઉ તેમણે વિમાનવાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન અને અન્ય યુદ્ધ જહાજો પણ આ વિસ્તારમાં મોકલ્યા હતા. ખાડીના દેશોને ડર છે કે આનાથી પ્રાદેશિક યુદ્ધ ફાટી નીકળી શકે છે.

ઈરાન સાથેની મંત્રણામાં પ્રથમ વખત અમેરિકાએ શુક્રવારે મધ્ય પૂર્વમાં તેના ટોચના સૈન્ય કમાન્ડરને બોલાવ્યા હતા. યુએસ નેવીના એડમિરલ બ્રેડ કૂપરે શનિવારે વિટકોફ અને કુશ્નર સાથે યુએસએસ અબ્રાહમ લિંકનની મુલાકાત લીધી હતી. ઈરાની વિદેશ મંત્રીએ કહ્યું કે પરમાણુ મંત્રણા શાંત વાતાવરણમાં, તણાવ અને ધમકીઓ વિના થવી જોઈએ.

અલ જઝીરાના અહેવાલ મુજબ ઈજિપ્ત, તુર્કી અને કતારના રાજદ્વારીઓએ ઈરાનને એક પ્રસ્તાવ આપ્યો છે. જેમાં તેહરાન ત્રણ વર્ષ માટે યુરેનિયમ સંવર્ધન રોકી દેશે, પોતાનું ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમ દેશની બહાર મોકલી દેશે અને બેલિસ્ટિક મિસાઈલોનો ઉપયોગ ન કરવાનું વચન આપશે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું છે કે આ તમામ મુદ્દાઓને મંત્રણામાં સામેલ કરવા જરૂરી છે.



# મહિલા પાસેથી 20 લાખ પડાવનાર બેની મુંબઈથી ધરપકડ

## શેરબજારમાં મોટા નફાની લાલચ આપી પૈસા ટ્રાન્સફર કરાવ્યાં, સુરત સાયબર સેલ દબોચી લાવી

**સુરત, તા.08**

શેરબજારમાં રાતોરાત અમીર બની જવાની લાલચ અને નકલી ઈન્વેસ્ટમેન્ટ ટિપ્સ આપતી ટોળકીઓ હાલ સોશિયલ મીડિયા પર માયાજાળ ફેલાવીને બેઠી છે. સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી એક મહિલા આવી જ એક ટોળકીનો શિકાર બની હતી. જોકે, સુરત સાયબર ક્રાઈમ સેલે આ મામલે ગંભીરતા દાખવી તપાસ હાથ ધરતા આ કેસના તાર મહારાષ્ટ્ર સુધી પહોંચ્યા હતા અને મુંબઈથી બે રીઢા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી હતી.



આ અંગની મળતી માહિતી મુજબ, જહાંગીરપુરામાં વૈષ્ણોદેવી સ્કાય ખાતે રહેતા 27 વર્ષીય કોમલબેન શાહને ગત 4 ફેબ્રુઆરીના રોજ ઠગબાજોએ પોતાનો શિકાર બનાવ્યા હતા. ઠગબાજોએ 'niftystock.in' નામની એક નકલી વેબસાઈટ બનાવી તેને 'સેબી (SEBI) રજિસ્ટર્ડ' કંપની તરીકે ઓળખાવી હતી. આ ગેંગના સભ્યોએ 'વિજય સિંગ' અને 'અનીશ' તરીકે ખોટી ઓળખ આપી કોમલબેનનો સંપર્ક કર્યો હતો.

આરોપીઓએ કોમલબેનને વિશ્વાસમાં લીધા હતા કે, જો તેઓ તેમની કંપની દ્વારા શેરબજારમાં રોકાણ કરશે, તો તેમને ટૂંકા સમયમાં મોટો નફો મળશે. એટલું જ નહીં, ઠગબાજોએ તેમને 'ફંડેડ એકાઉન્ટ' ખોલાવી આપવાના બહાને આકર્ષક પેકેજોની ઓફર કરી હતી.

શરૂઆતમાં નફાની લાલચમાં આવીને કોમલબેને વિશ્વાસ મૂક્યો હતો. આરોપીઓએ વિવિધ પ્રોસેસિંગ ફી, ટેક્સ અને રોકાણના નામે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ટુકડે-ટુકડે કુલ રૂ. 20,67,000 ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. જ્યારે કોમલબેને પોતાના નફાની રકમ કે મુદલ પરત માંગી ત્યારે આરોપીઓએ સંપર્ક તોડી નાખ્યો હતો. છેતરપિંડી થઈ હોવાનુ માલુમ થતાં તેમણે 4 ફેબ્રુઆરી, 2026ના રોજ સુરત સાયબર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સુરત સાયબર ક્રાઈમ સેલના ડીસીપી બીશાખા જૈનની સૂચના મુજબ ટેકનિકલ એનાલિસિસ કરવામાં આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે, છેતરપિંડીના પૈસા મહારાષ્ટ્રના અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા થયા છે, જેના આધારે સુરત પોલીસની એક ટીમ મુંબઈ રવાના થઈ હતી અને બે શખસને દબોચી લેવામાં આવ્યા હતા.

પકડાયેલ આરોપીઓમાં અજય વિજય શરણપ્પા મહિલ (ઉં.વ.25) તે મૂળ કર્ણાટકનો વતની છે અને હાલ નવી મુંબઈમાં રહે છે. તેના એક્સિસ બેંકના ખાતામાં છેતરપિંડીના 2.67 લાખ રૂપિયા ટ્રાન્સફર થયા હતા. અજરોદ્દીન ખસિમ અજમેર જમાદાર (ઉં.વ.34) થાણેનો રહેવાસી આ શખ્સ મુખ્ય સૂત્રધાર અને નાસતા ફરતા આરોપીઓ વચ્ચેની કડી હતો. તે ગરીબ કે મધ્યમ વર્ગના લોકોના બેંક એકાઉન્ટ મેળવી, તે એકાઉન્ટ્સ સાયબર ઠગોને ભાડે આપતો હતો અને તેના બદલામાં 10 ટકા કમિશન મેળવતો હતો. હાલમાં પોલીસે આ બંને આરોપીઓની ધરપકડ કરી તેમને સુરત લાવી વધુ તજવીજ હાથ ધરી છે અને આ ગેંગના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પ્રહલાદનગર ગાર્ડન પાસે ડ્રાઈવરથી ગાડી અડી જતા પાછળ બેઠેલા શેઠાણીને બે શખસોએ લાફા મારી દીધા

**અમદાવાદ, તા.08**

અમદાવાદ શહેરના પ્રહલાદનગર ગાર્ડન પાસેથી ગઈકાલે(7 ફેબ્રુઆરી) બપોરના સમયે એક ગાડીમાં ડ્રાઈવર શેઠાણીને લઈને જઈ રહ્યો હતો. આ દરમિયાન ડ્રાઈવરથી આગળની ગાડીને ગાડી અડી જતા ગાડીમાંથી એક યુવક યુવતીએ ઉતરીને ડ્રાઈવર અને શેઠાણીને લાફા મારી દીધા હતા. આ અંગે ડ્રાઈવરે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




વેજલપુરમાં રહેતા ઉપેન્દ્ર યાદવે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે પ્રહલાદનગર ખાતે રહેતા તેમના શેઠાણી નિધી શાહને ગાડીમાં લઈને તે જતો હતો. આ દરમિયાન પ્રહલાદનગર ગાર્ડન પાસે આગળની ગાડીને તેમની ગાડી અડી જતા આગળની ગાડીમાંથી એક યુવતી અને તેની સાથે એક યુવક ગાડીમાંથી ઉતરીને બહાર આવ્યા હતા.

બંનેએ ઉપેન્દ્રને કહ્યું હતું કે તું આંધળો છે તેમ કહી ઉપેન્દ્ર અને નિધીબેનને ગાળો બોલીને પાછળનો દરવાજો ખોલી નિધીબેનને લાફા મારી દીધા હતા. ઉપેન્દ્રને પણ એક લાફો મારી દીધો હતો. આ દરમિયાન તેમના પતિ સંયમ શાહને ફોન કરતા સંયમભાઈ પણ ત્યાં પહોંચ્યા ત્યારે બંનેએ સંયમભાઈનો કોલર પકડીને તેમને પણ રસ્તાની વચ્ચે બે લાફા મારી દીધા હતા. યુવક-યુવતી મારામારી કરી ત્યાંથી જતા રહ્યા હતા. બાદમાં આ અંગે ઉપેન્દ્રએ ફરિયાદ નોંધાવતા આનંદનગર પોલીસે તપાસ શરૂ કરી છે.

# સુરતમાંથી વધુ એક સેક્સ રેકેટ ઝડપાયું

## ગ્રાહકોને કોલગર્લના ફોટો અને હોટલનું લોકેશન મોકલતા, ડમી ગ્રાહક મોકલી પોલીસે ભાંડો ફોડ્યો

**સુરત, તા.08**

સુરતના પાલ ગૌરવપથ સ્થિત બેલીઝીમો હબની બેલીઝીમો હોટલમાં એક યુવતીની સાથે ડમી ગ્રાહક મોકલી પાલ પોલીસે સેક્સ રેકેટ ઝડપી પાડ્યું હતું. ગ્રાહકોને વોટ્સએપ પર કોલગર્લના ફોટો અને હોટલનું લોકેશન મોકલી સેક્સ રેકેટ ચલાવવામાં આવતું હતું. પોલીસે ઓનલાઈન ગ્રાહકો સેટ કરનારા એક દલાલને ઝડપી પાડ્યો છે. જ્યારે યુવતીને મુક્ત કરાવવામાં આવી છે.



મળેલી બાતમીના આધારે પાલ પોલીસે એક દલાલનો મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરીને તેની સાથે વ્હોટ્સએપ ઉપર વાત કરી એક યુવતીનો ફોટો મંગાવી તેની સાથે રૂ.7 હજાર ભાવ નક્કી કરી ડમી ગ્રાહકને શરીરસુખ માટે લોકેશન મોકલવા કહ્યું હતું. દલાલે પાલ ગૌરવપથ સ્થિત બેલીઝીમો હબની બેલીઝીમો હોટલનું લોકેશન મોકલતા ડમી ગ્રાહક ત્યાં પહોંચ્યો હતો અને યુવતી સાથે રૂમમાં જતા પોલીસે રેઈડ કરી હતી.

પોલીસની તપાસમાં ત્યાં હાજર હોટલ મેનેજર અને માલિકની કોઈ સંડોવણી નહીં મળતા તેમના વિરુદ્ધ કાર્યવાહી કરી નહોતી. પોલીસે ડમી ગ્રાહક સાથે મળેલી મુંબઈની 25 વર્ષીય યુવતીને બચાવી તેની પુછપરછ કરી તેની પાસેથી ચાર કોન્ડોમ અને રોકડા રૂ. 2 હજાર કબજે કર્યા હતા. પોલીસે યુવતીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે સાહિલ ઉર્ફે અયાન ચૌહાણના કહેવાથી અહીં આવી હતી અને તેને દલાલે સંપર્ક કરાવ્યો હતો. પાલ પોલીસે સાહિલ ઉર્ફે અયાન ચૌહાણને ઝડપી પાડ્યો હતો અને દલાલને વોન્ટેડ જાહેર કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. સાહિલ ઉર્ફે અયાન અને અજાણ્યો દલાલ બંને ગ્રાહકોને કોલગર્લના ફોટા મોકલીને ભાવતાલ નક્કી કરતા હતા. એ પછી હોટલનું મોબાઈલ ફોન પર લોકેશન મોકલતા હતા. દીઠ રૂ. 7000ની વસૂલાત કરીને આધુનિક કુટણખાનું ચલાવવા હોવાનું બહાર આવ્યું છે.

# પિતાની નજર સામે પુત્રની હત્યા: સુરતમાં બાળકોના ઝઘડામાં સમજાવવા ગયેલા પિતા-પુત્રને ચપ્પુના ઘા માર્યા

**સુરત, તા.08**

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં ગઈકાલે(7 ફેબ્રુઆરી) રાત્રે નજીવી બાબતે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બાળકોના સામાન્ય વિવાદમાં સમજાવવા ગયેલા પિતા-પુત્ર પર પડોશીઓએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં 30 વર્ષીય ફરીદ બંબાવાલા નામના યુવકનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેના પિતા ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



અમરોલીના કોસાડ આવાસના H-1 બ્લોકમાં બાળકો વચ્ચે કોઈ વાતને લઈને બોલાચાલી થઈ હતી. આ મામલો થાળે પાડવા અને પડોશીઓને સમજાવવા માટે 30 વર્ષીય મહોમ્મદ ફરીદ અઝીઝ બંબાવાલા અને તેમના પિતા ગયા હતા. જોકે, ઉશ્કેરાયેલા સામા પક્ષના લોકોએ સમજવાને બદલે પિતા-પુત્ર પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી દીધો હતો.

આ હુમલો એટલો ભયાનક હતો કે ફરીદ બંબાવાલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર મળે તે પહેલા જ તેણે દમ તોડી દીધો હતો. બીજી તરફ, પુત્રને બચાવવા ગયેલા પિતા પર પણ હુમલો થતા તેઓ હાલ હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

મૃતક ફરીદ વ્યવસાયે રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના પરિવારમાં પત્ની અને બે માસૂમ બાળકો (એક દીકરી અને એક દીકરો), વૃદ્ધ માતા-પિતા અને ભાઈ-ભાભીનો સમાવેશ થાય છે. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવારમાં માતમ છવાઈ ગયો છે. રોષે ભરાયેલા પરિવારજનોએ આરોપીઓને સખત સજા અને ઉંમર કેદની માગ કરી છે.

જુવાન દીકરાને ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સ્મીમેર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમ બહાર પરિવારજનોના હૈયાફાટ રૂદને સૌ કોઈની આંખો ભીની કરી દીધી હતી. ઘટનાની જાણ થતા જ અમરોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને પકડી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. વિસ્તારમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

મોહમ્મદ અઝીમે (મૃતકનો ભાઈ) જણાવ્યું કે બાળકો-બાળકો વચ્ચેનો ઝઘડો હતો, તેમાં મારો ભાઈ સમજાવવા ગયો હતો. એટલી જ વારમાં તે લોકોએ પાછળથી તેના પર ચપ્પુ વડે હુમલો કરી દીધો. ત્યારબાદ મારા પપ્પા પણ વાતચીત કરવા અને મામલો થાળે પાડવા ગયા હતા, પરંતુ મારા પપ્પાને પણ પાછળ કમરના ભાગે ચપ્પુ માર્યું છે. મારવાવાળા ત્યાંના મૌલાના આઝાદ છે, સદ્દામ છે, સિરાજ છે અને બીજો એક છે જેનું નામ મને ખબર નથી. એમ કુલ ચાર જણા હતા.

તેમની સજા એવી હોવી જોઈએ કે તેમના બંને ઘૂંટણ સુધીના પગ કાપી નાખવા જોઈએ. તેમને લાવારિસ ભિખારી બનાવી દો જેથી તે સિગ્નલ પર ભીખ માંગવા લાયક રહી જાય. આ સાથે તેમણે ઉંમર કેદની સજા કરવામાં આવે.

મૃતકના સંબંધી ભીખન મુન્શી શેખે જણાવ્યું હતું કે, આ એક સામાન્ય બાબતનો ઝઘડો હતો, જે બાળકો-બાળકો વચ્ચે થયો હતો. આ ફરીદ નામનો છોકરો જેનું મૃત્યુ થયું છે તેમને સમજાવવા માટે ગયો હતો. મામલો ઘણો ગંભીર બની ગયો હતો એટલે રાત્રે જ અમે તેને સ્મીમેર હોસ્પિટલ લઈને આવ્યા હતા, જ્યાં જાણવા મળ્યું કે તેનું મૃત્યુ થઈ ગયું છે. તેના પિતાને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે અને તેઓ અત્યારે હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

આ ઘટના કોસાડ આવાસ, H1 બિલ્ડીંગ નંબર 50 પાસે બની હતી. હુમલો કરનારાઓમાં મૌલાના આઝાદ, સિરાજ, મુસ્તાકીમ અને સદ્દામ નામના ચાર ભાઈઓ હોવાનું જાણવા મળ્યું છે. આ માત્ર બાળકોના ઝઘડામાં સમજાવવા જવાની બાબતે આટલું મોટું પગલું ભરી લેવામાં આવ્યું છે. પોલીસ અત્યારે આ મામલે કાર્યવાહી કરી રહી છે અને અમને પોલીસ પર પૂરો ભરોસો છે કે તેઓ અમને ન્યાય અપાવશે. આરોપીઓની ઉંમર કેદની સજા થવી જોઈએ.

# માતાની આંખો છલકાઈ, બહેનોએ છેલ્લી રાખડી બાંધી: સુરતમાં 'શેરૂ'ને બખીયા પરિવારે મનુષ્યની જેમ આપી અંતિમ વિદાય

**સુરત, તા.08**

સુરતમાં ડોગ લવરનું એક હૃદયસ્પર્શી ઉદાહરણ જોવા મળ્યું છે, જ્યાં ભટાર વિસ્તારમાં બખીયા પરિવારે તેમના લાડકવાયા શ્વાન 'શેરૂ'ના નિધન પર તેને મનુષ્યની જેમ સન્માનપૂર્વક અંતિમ વિદાય આપી હતી. માલિકના ખોળામાં જ અંતિમ શ્વાસ લેનારા શેરૂના વિયોગમાં પરિવારની આંખો છલકાઈ આવી હતી અને બહેનોએ તેને છેલ્લી રાખડી બાંધી ભાવુક વિદાય આપી હતી.

કહેવાય છે કે, પ્રાણીઓ અને મનુષ્યો વચ્ચેનો પ્રેમ શબ્દોનો મહોતાજ નથી હોતો. આ એક એવી ઘટના બની છે જેણે સાબિત કરી દીધું કે વફાદારી અને પ્રેમમાં પ્રાણી પણ પરિવારનો અવિભાજ્ય અંગ બની શકે છે. બખીયા પરિવારે તેમના 11 વર્ષ જૂના સાથી 'શેરૂ'ના નિધન બાદ મનુષ્યની જેમ જ તેની અંતિમવિધિ કરી સમાજમાં અનોખો દાખલો બેસાડ્યો છે.



આજથી 11 વર્ષ પહેલાં જર્મન શેફર્ડ બ્રીડનો માત્ર 10 દિવસનો નાનકડો 'શેરૂ' બખીયા પરિવારમાં આવ્યો હતો. પરિવારના સભ્યોએ તેને પ્રાણી નહીં પણ ઘરના સભ્ય તરીકે અપનાવ્યો હતો. ધીરે ધીરે શેરૂ આખા પરિવારનો લાડકો બની ગયો. તેની લોકપ્રિયતા એટલી હતી કે આખી સોસાયટીમાં આ પરિવાર પોતાના નામથી નહીં, પણ 'શેરૂ વાળું ઘર' તરીકે ઓળખાવા લાગ્યું હતું.

ગતરોજ શેરૂએ પોતાની 11 વર્ષની સફર પૂર્ણ કરી. અંતિમ ક્ષણોમાં પણ શેરૂએ તેના માલિક પ્રત્યેનો પ્રેમ જાળવી રાખ્યો હતો. માલિકના હાથે ઠંડુ પાણી પીધા બાદ તેમના જ ખોળામાં શેરૂએ શાંતિથી અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટનાથી પરિવારમાં જાણે માતમ છવાઈ ગયો હતો અને સભ્યોની આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી હતી.

બખીયા પરિવારમાં ચાર બહેનો અને એક ભાઈ છે, પરંતુ બહેનોએ હંમેશા શેરૂને પોતાનો બીજો ભાઈ માન્યો હતો. દર વર્ષે બહેનો શેરૂને રાખડી બાંધતી હતી. દીકરીઓ સાસરે ગયા પછી પણ પોતાના સગા ભાઈની સાથે શેરૂ માટે ખાસ રાખડી મોકલવાનું ચૂકતી નહોતી. શેરૂના નિધન બાદ મોટી દીકરીએ રડતી આંખે પોતાના નાના ભાઈ જેવા શેરૂને છેલ્લી રાખડી બાંધીને હૃદયસ્પર્શી વિદાય આપી હતી.

પરિવારના સભ્યોએ નિર્ણય કર્યો કે શેરૂની વિદાય કોઈ સામાન્ય પ્રાણીની જેમ નહીં, પણ પરિવારના સભ્યની જેમ જ થવી જોઈએ. શેરૂના દેહને ફૂલહારથી સજાવવામાં આવ્યો હતો. પાડોશીઓ અને પરિવારજનોએ ભેગા મળીને ભગવાનનું નામ લેતા તેની અંતિમયાત્રા કાઢી હતી.

# સુરત સાયબર ક્રાઈમની મોટી સફળતા

## 'ડિજિટલ એરેસ્ટ'ના નામે વૃદ્ધોને લૂંટતી ટોળકીનો વધુ એક સાગરીત ઝડપાયો, કોમ્પિટિટિવ એક્ઝામની કરે છે તૈયારી

**સુરત, તા.08**

આધુનિક યુગમાં જેટલી ઝડપે ટેકનોલોજીનો વ્યાપ વધી રહ્યો છે, તેટલી જ ઝડપે સાયબર અપરાધીઓ પણ સક્રિય થયા છે. નિર્દોષ નાગરિકો, ખાસ કરીને સિનિયર સિટીઝન્સને નિશાન બનાવી લાખો રૂપિયા પડાવતી ગેંગનો સુરત સાયબર ક્રાઈમ સેલે પર્દાફાશ કર્યો છે. 'ડિજિટલ એરેસ્ટ' જેવી ભયાનક મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરી વૃદ્ધોને માનસિક ત્રાસ આપી લૂંટતી આ ટોળકીના વધુ એક સાગરીત જીગ્નેશ શાહને પોલીસે અમદાવાદથી દબોચી લીધો છે.



આ ઘટનાની વિગત એવી છે કે, એપ્રિલ 2025માં સુરતના એક વયોવૃદ્ધ નાગરિક સાયબર ઠગબાજોની જાળમાં ફસાયા હતા. ઠગબાજોએ સીબીઆઈ (CBI) ઓફિસર હોવાનો સ્વાંગ રચી વૃદ્ધને વીડિયો કોલ કર્યો હતો. આરોપીઓએ અત્યંત વ્યવસ્થિત રીતે ડરનું વાતાવરણ ઊભું કર્યું અને જણાવ્યું કે, "નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં તમારા આધાર કાર્ડનો ઉપયોગ કરીને ગેરકાયદેસર ટ્રાન્જેક્શન થયા છે. તમારી સામે ગુનો નોંધાયો છે અને તમારી ધરપકડ થઈ શકે છે." આ સાંભળી ગભરાઈ ગયેલા વૃદ્ધને ઠગોએ એક અઠવાડિયા સુધી 'ડિજિટલ એરેસ્ટ' રાખ્યા હતા. એટલે કે, તેમને સતત વીડિયો કોલ પર દેખરેખ હેઠળ રાખી કોઈને પણ જાણ ન કરવા દબાણ કર્યું હતું. આ માનસિક દબાણ હેઠળ વૃદ્ધે પોતાની મરણમૂડીમાંથી 22 લાખ રૂપિયાથી વધુની રકમ આરોપીઓના જણાવ્યા મુજબના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધી હતી.

ત્યાર બાદ વૃદ્ધને છેતરપિંડીનો અહેસાસ થતાં સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. અગાઉ આ કેસમાં અમદાવાદના કૃણાલસિંહ સિસોદિયા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. કૃણાલસિંહની સઘન પૂછપરછમાં જીગ્નેશ સુનિલકુમાર શાહનું નામ સામે આવ્યું હતું. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી અમદાવાદમાં જાળ બિછાવી જીગ્નેશ શાહને ઝડપી પાડ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે જીગ્નેશ ગ્રેજ્યુએટ થયેલો છે અને હાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે જીગ્નેશ શાહ આ ગેંગ માટે 'બેંક એકાઉન્ટ પ્રોવાઈડર' તરીકે કામ કરતો હતો. તે કમિશનના લાલચે સાયબર ફ્રોડના પૈસા મેળવવા માટે ભાડે અથવા ડમી બેંક એકાઉન્ટની વ્યવસ્થા કરી આપતો હતો. ઠગબાજો જે રકમ પડાવતા, તે રકમ જીગ્નેશે પૂરા પાડેલા ખાતાઓમાં જમા થતી હતી, જેમાંથી તે પોતાનું કમિશન કાપી લેતો હતો. ડીસીપી બિશાખા જૈને જણાવ્યું હતું કે, "કોઈપણ સરકારી એજન્સી ક્યારેય વીડિયો કોલ પર કોઈની ધરપકડ કરતી નથી કે પૈસાની માંગણી કરતી નથી. 'ડિજિટલ એરેસ્ટ' જેવો કોઈ કાયદેસરનો શબ્દ નથી, તે માત્ર ઠગાઈ કરવાની એક રીત છે.

હાલ તો સુરત સાયબર ક્રાઈમ સેલ જીગ્નેશ શાહની વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસને શંકા છે કે આ ટોળકીએ અન્ય કેટલાય લોકો સાથે પણ લાખોની છેતરપિંડી કરી હોઈ શકે છે. આ કેસમાં હજુ પણ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

# પુણાની નિધિ ટેક્સટાઇલ માર્કેટમાં આગ: બેઝમેન્ટમાં આગ લાગતા અફરાતફરી, આખી માર્કેટ સળગતી હોય તેવા દૃશ્યો

**સુરત, તા.08**

સુરતના પુણા વિસ્તારમાં આવેલી નિધિ ટેક્સટાઈલ માર્કેટમાં આજે (8 ફેબ્રુઆરી) વહેલી સવારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. માર્કેટના ફર્સ્ટ બેઝમેન્ટમાં અચાનક આગ લાગવાની શરૂઆત થઈ હતી. બેઝમેન્ટમાં રહેલા વાયરિંગ અને મોટા પ્રમાણમાં લાકડાના સામાનને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભીષણ હતી કે તેનો કાળો ધુમાડો પાંચમા માળ સુધી પ્રસરી ગયો હતો, જેના કારણે જાણે આખી માર્કેટ સળગી રહી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.



ઘટનાની જાણ થતા પાંચ ફાયર સ્ટેશનની 20થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ચીફ ફાયર ઓફિસર સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતાં. ફાયરના જવાનોએ બે કલાકથી વધુ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો છે. ધુમાડાને ફાયરના જવાનોને ઓક્સિજન માસ્ક પહેરી અંદર જવાની ફરજ પડી હતી. રવિવાર હોવાથી અહીં કોઈ વેપારીઓ કે કર્મચારીઓ હાજર નહોંતા. આ ઘટનામાં હાલ કોઈ જાનહાનિના સમાચાર નથી. શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. આગનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી.

ઘટનાની જાણ થતા જ સૌ પ્રથમ પાંચ ફાયર સ્ટેશનની 10 ગાડીઓ રવાના કરવામાં આવી હતી. જોકે, પરિસ્થિતિની ગંભીરતા અને ધુમાડાના ગોટેગોટાને જોતા ચીફ ફાયર ઓફિસર દ્વારા તાત્કાલિક 'બ્રિગેડ કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે શહેરના વિવિધ વિસ્તારોમાંથી 20થી 25 ફાયર ટેન્ડરો દોડી આવ્યા હતા. ધુમાડો એટલો પ્રચંડ હતો કે ફાયરના જવાનોએ ઓક્સિજન માસ્ક પહેરીને અંદર પ્રવેશ કરવો પડ્યો હતો.

ફાયરના જવાનોની અંદાજે બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આગ બેઝમેન્ટમાં આવેલા ઈલેક્ટ્રિક વાયરિંગમાં લાગી હતી, જે ત્યારબાદ મીટર પેટી સુધી પહોંચી હતી. વાયરિંગની સાથે ત્યાં પડેલો વુડન (લાકડાનો) સામાન આગની લપેટમાં આવતા ધુમાડો વધુ ફેલાયો હતો. હાલમાં ફાયર વિભાગ દ્વારા કુલિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ડિવિઝનલ ફાયર ઓફિસર ક્રિષ્ના મોઢે જણાવ્યું કે, નિધિ ટેક્સટાઇલ માર્કેટના બેઝમેન્ટમાં વાયરિંગની પ્લેટમાં આગ લાગી હતી. આ આગ પ્રસરતા વીજ મીટરોને પણ આગ લાગી ગઈ હતી અને તેના કારણે ખૂબ પ્રમાણમાં ધુમાડો નીકળ્યો હતો, જેના કારણે એવું લાગ્યું કે આખી બિલ્ડિંગમાં આગ પ્રસરી ગઈ. તપાસ કરતા બેઝમેન્ટનું ફાયર ટ્રેસ કર્યું હતું અને જેના કારણે 20થી 25 ગાડીઓ ઘટનાસ્થળે બોલાવી હતી. બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીના તમામ સાધનો લગાવેલા છે અને તે ચાલુ હાલતમાં છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# એક્ઝિટ પોલમાં PM તકાઈચીને મોટી સરસાઈ

## 465 માંથી 328 બેઠકો મળવાની આશા, કહ્યું- જો હારીશ તો રાજીનામું આપી દઈશ

**ટોક્યો, તા.08**

જાપાનમાં રવિવારે સામાન્ય ચૂંટણી માટે મતદાન પૂર્ણ થઈ ગયું છે. વડાપ્રધાન સાને તકાઈચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) મોટી જીત મેળવતી જણાય છે.

સરકારી બ્રોડકાસ્ટર NHKના એક્ઝિટ પોલ મુજબ, LDPને નીચલા ગૃહની 465 માંથી 274 થી 328 બેઠકો મળી શકે છે, જે બહુમતી માટે જરૂરી 233 બેઠકો કરતા ઘણી વધારે છે. LDPના નેતૃત્વ હેઠળનું ગઠબંધન સહયોગી જાપાન ઈનોવેશન પાર્ટી (ઈશિન) સાથે મળીને 366 બેઠકો જીતી શકે છે. હાલમાં ગઠબંધન પાસે 233 બેઠકો છે, અને જો તે 310 બેઠકો જીતી લે છે તો ઉપલા ગૃહમાં વિપક્ષના નિયંત્રણ છતાં કાયદા પસાર કરવાની શક્તિ મળી જશે. તાકાઈચીએ કહ્યું છે કે જો ગઠબંધન બહુમતી ગુમાવશે તો તેઓ રાજીનામું આપશે. બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ તાકાઈચીને સમર્થન આપી ચૂક્યા છે. તાકાઈચીએ ચીન વિરુદ્ધ મજબૂત વલણ અપનાવીને સૈન્ય ખર્ચ વધાર્યો છે, આર્થિક પેકેજ અને ટેક્સ કપાતની જાહેરાત કરી છે. તેમણે ખાદ્ય પદાર્થો પરના 8% સેલ્સ ટેક્સને બે વર્ષ માટે સ્થગિત કરવાનું



વચન આપ્યું છે જેથી વધતી મોંઘવારીથી લોકોને રાહત મળે.

વ્યૂહાત્મક સલાહકાર કંપની FGS ગ્લોબલના મેનેજિંગ ડિરેક્ટર સેઈજી ઈનાડાના મતે, 'જો તાકાઈચી મોટી જીત નોંધાવે છે, તો તેમને ટેક્સ કપાત જેવા મહત્વપૂર્ણ નિર્ણયો લાગુ કરવાની સ્વતંત્રતા મળશે.' ડોનાલ્ડ ટ્રમ્પે 5 ફેબ્રુઆરીના રોજ એક પોસ્ટમાં સાને તાકાઈચીને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે તાકાઈચીને મજબૂત, શક્તિશાળી અને બુદ્ધિશાળી નેતા કહ્યા, જે પોતાના દેશને સાચો પ્રેમ કરે છે અને જાપાનના લોકોને નિરાશ નહીં કરે. ટ્રમ્પે જણાવ્યું કે તેઓ 19 માર્ચ 2026ના રોજ વ્હાઈટ હાઉસમાં તાકાઈચીને મળશે. આ સમર્થન જાપાનની 8 ફેબ્રુઆરી 2026ની ચૂંટણીના બરાબર બે દિવસ પહેલા આવ્યું છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ અમેરિકી રાષ્ટ્રપતિએ જાપાનના કોઈ નેતાને ચૂંટણીમાં ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે.

સોશિયલ મીડિયા પર સાને તાકાઈચીને લઈને 'સાનાકાત્સુ' નામનો ટ્રેન્ડ પણ ચર્ચામાં છે. તેમાં તેમની ઉપયોગમાં લેવાયેલી વસ્તુઓ, જેમ કે હેન્ડબેગ અને સંસદમાં ઉપયોગમાં લેવાતી ગુલાબી પેન, યુવાનોમાં લોકપ્રિય બની ગઈ છે. તાજેતરના એક સર્વેમાં 30 વર્ષથી ઓછી ઉંમરના 90% થી વધુ મતદારોએ તાકાઈચીની તરફેણમાં વલણ દર્શાવ્યું હતું, જોકે આ વર્ગ સામાન્ય રીતે ઓછું મતદાન કરે છે. બીજી તરફ, રવિવારે ઉત્તર અને પૂર્વ જાપાનમાં 70 સેન્ટિમીટર સુધી હિમવર્ષા થવાનો અંદાજ છે. નિયાગાતા પ્રાંતના નાગાઓકા જેવા વિસ્તારોમાં રસ્તાઓની બાજુમાં એક મીટરથી વધુ બરફ જામી ગયો છે. આવી સ્થિતિમાં ઘણા મતદારો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે. જાપાની કમ્યુનિસ્ટ પાર્ટીના સ્વયંસેવક તાકેહિકો ઈગારાશીના મતે, તેમની પાર્ટી સમર્થકોને ફોન કરી રહી છે અને જરૂર પડ્યે તેમને મતદાન કેન્દ્ર સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કરી રહી છે. છેલ્લા કેટલાક ચૂંટણીઓમાં લોઅર હાઉસનું ટર્નઆઉટ લગભગ 55%ની આસપાસ રહ્યું છે. જો આ વખતે મતદાન વધુ ઘટે છે, તો સંગઠિત વોટિંગ બ્લોક્સની અસર વધુ વધી શકે છે. મતદાન 289 સિંગલ-સીટ બેઠકો પર સીધા મુકાબલાથી થશે, જ્યારે બાકીની બેઠકો પ્રપોશનલ રિપ્રેઝન્ટેશનથી નક્કી થશે. પોલિંગ રાત્રે 8 વાગ્યે બંધ થશે, ત્યારબાદ એક્ઝિટ પોલના આધારે શરૂઆતી અનુમાન જાહેર કરવામાં આવશે.

# રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓ પર જીવલેણ હુમલો: મેડિકલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં છરો લઈને ઘૂસ્યો 15 વર્ષનો હુમલાખોર

**મોસ્કો, તા.08**

રશિયાના બશ્કોર્તોસ્તાન રિપબ્લિકમાં આવેલા ઉફા શહેરની સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીના હોસ્ટેલમાં શનિવારે ઘણા વિદ્યાર્થીઓ પર ચાકુ વડે હુમલો થયો. હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત ઓછામાં ઓછા છ લોકો ઘાયલ થયા. ભારતીય દૂતાવાસે તેને દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, એક 15 વર્ષનો છોકરો હાથમાં ચાકુ લઈને વિદેશી વિદ્યાર્થીઓના હોસ્ટેલના પ્લે હોલમાં ઘૂસ્યો અને ત્યાં ઘણા વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો. ધરપકડ દરમિયાન આરોપીએ પોલીસ પર પણ હુમલો કર્યો, જેમાં બે પોલીસકર્મી ઘાયલ થયા.

ગૃહ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ ઈરિના વોલ્કના જણાવ્યા અનુસાર, આરોપીએ પોતાને પણ ઈજા પહોંચાડી છે. ભારતીય દૂતાવાસે જણાવ્યું કે તે સ્થાનિક પ્રશાસનના સંપર્કમાં છે. કઝાન સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓ ઘાયલ વિદ્યાર્થીઓને મદદ પૂરી પાડવા માટે ઉફા જવા રવાના થયા છે.

રશિયન ફેડરલ સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, ઘાયલોમાંથી એકની હાલત ગંભીર છે, જ્યારે



ત્રણની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. હુમલાખોરને ગંભીર હાલતમાં સ્થાનિક બાળકોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઉફા પ્રશાસને ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. ટેલિગ્રામ ચેનલ બાઝા અનુસાર, આરોપી એક પ્રતિબંધિત નિયો-નાઝી સંગઠન સાથે સંકળાયેલો હોવાનું કહેવાય છે. દાવો કરવામાં આવ્યો છે કે હુમલા દરમિયાન તે રાષ્ટ્રવાદી નારા લગાવી રહ્યો હતો. જોકે, આ દાવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, હોસ્ટેલની અંદર ફ્લોર પર ચારેબાજુ લોહી ફેલાયેલું હતું. ગૃહ મંત્રાલય અનુસાર પ્રારંભિક અહેવાલોમાં જાણવા મળ્યું છે કે છરીથી સજ્જ એક ટીનેજર રશિયાના બશ્કોર્તોસ્તાન રિપબ્લિકના ઉફામાં સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીની મેડિકલ યુનિવર્સિટી ડોરમેટરીમાં ઘૂસી ગયો અને ત્યાં રહેતા વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો, જેમાં ઘણા વિદ્યાર્થીઓને છરી મારવામાં આવી. ગૃહ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ ઈરિના વોલ્કાએ એક વેબપોર્ટલને જણાવ્યું કે, 'હુમલાખોરે ધરપકડનો વિરોધ કર્યો, જે દરમિયાન બે પોલીસ અધિકારીઓને ચાકુ મારવામાં આવ્યા. આ ઉપરાંત, શંકાસ્પદ વ્યક્તિએ પોતાને પણ શારીરિક નુકસાન પહોંચાડ્યું.' તે જ સમયે, રશિયામાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, 'ઉફામાં હુમલાની એક દુઃખદ ઘટના બની છે.

ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત ઘણા લોકો ઘાયલ થયા છે. દૂતાવાસ અધિકારીઓના સંપર્કમાં છે અને કઝાનમાં કોન્સ્યુલેટના અધિકારીઓ ઘાયલ વિદ્યાર્થીઓની મદદ માટે ઉફા જઈ રહ્યા છે.'

# ઓમાનમાં ભારતીય છોકરીઓની અદલાબદલી: 4 દીકરીઓ ઘરે પરત ફરી

## એક દીકરીએ કહ્યું- હજુ પણ 100 ભારતીય છોકરીઓ ફસાયેલી છે

**કપૂરથલા, તા.08**

ઓમાનમાં ભારતીય છોકરીઓના રિપ્લેસમેન્ટનો ટ્રેન્ડ વધવા લાગ્યો છે. એક એવી હકીકત સામે આવી છે, જ્યાં એક યુવતીએ પોતાની પિતરાઈ બહેનને ઓમાન બોલાવી અને પોતે ભારત આવી ગઈ. પીડિત યુવતીના પરિવારે રાજ્યસભા સાંસદ સંત બલબીર સિંહ સીચેવાલ સાથે મુલાકાત કરી અને દીકરીની ઘર વાપસી માટે વિનંતી કરી.

બાદમાં સંત સીચેવાલના પ્રયાસોથી ઓમાનમાં ફસાયેલી 4 ભારતીય છોકરીઓની સુરક્ષિત ભારત વાપસી શક્ય બની શકી. આમાંથી 3 છોકરીઓ પંજાબની અને એક કેરળની છે. શનિવારે નિર્મલ કુટિયા સુલતાનપુર લોધીમાં સંત સીચેવાલને મળવા પહોંચેલી કપૂરથલાની પીડિતાએ પોતાની આપવીતી સંભળાવી.

પીડિતાએ જણાવ્યું કે તે મે 2024માં કઝીન બહેન દ્વારા ઓમાન ગઈ હતી. બાદમાં કઝીન ભારત પાછી આવી ગઈ અને તેને ત્યાં છોડી દેવામાં આવી. ઓમાન પહોંચતા જ તેનો પાસપોર્ટ



છીનવી લેવામાં આવ્યો અને 2 વર્ષના કરારો પર હસ્તાક્ષર કરાવી લેવામાં આવ્યા. ક્યારેય પગાર આપવામાં આવ્યો નહીં.

પીડિતાએ જણાવ્યું કે ઓમાનમાં તેને નાની-નાની વાતો પર મારપીટ, માનસિક ત્રાસ અને અમાનવીય વ્યવહાર સહન કરવો પડ્યો. જ્યારે પાછા ફરવાની માગ કરી ત્યારે સ્પોન્સરે લાખો રૂપિયાની માગ કરી. ઓમાનમાં હજુ પણ 100 છોકરીઓ ફસાયેલી છે. સંત સીચેવાલે જણાવ્યું કે ડિસેમ્બરમાં તેમણે વિદેશ મંત્રાલયને લેખિત સ્વરૂપમાં 70 છોકરીઓની જાણકારી આપી હતી. હવે સામે આવ્યું છે કે દિલ્હી એરપોર્ટ પર વધેલી કડકાઈને કારણે ગેંગ છોકરીઓને મુંબઈના રસ્તે વિદેશ મોકલી રહી છે જેથી તપાસથી બચી શકાય. બાદમાં સંત સીચેવાલના પ્રયાસોથી ઓમાનમાં ફસાયેલી 4 ભારતીય છોકરીઓની સુરક્ષિત ભારત વાપસી શક્ય બની શકી. આમાંથી 3 છોકરીઓ પંજાબની અને એક કેરળની છે. શનિવારે નિર્મલ કુટિયા સુલતાનપુર લોધીમાં સંત સીચેવાલને મળવા પહોંચેલી કપૂરથલાની પીડિતાએ પોતાની આપવીતી સંભળાવી.

# કર્ણાટકમાં પ્રાઈવેટ ટ્રેની પ્લેન ખેતરમાં ક્રેશ :બંને પાયલટે કૂદીને જીવ બચાવ્યો, પ્રાથમિક તપાસમાં એન્જિન ખરાબી કારણ.....





**વિજયવાડા, તા.08**

કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં રવિવારે એક ખેતરમાં પ્રાઈવેટ ટ્રેની પ્લેન ક્રેશ થયું. જમીન પર પડતા પહેલા જ બંને પાયલટે ઈજેક્ટ કરી લીધું. તેમને સામાન્ય ઈજાઓ થઈ છે. આ ઘટના બાલેશ્વર વિસ્તારના મંગલુરુ ગામમાં બની હતી. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

એક અધિકારીએ જણાવ્યું કે આ રેડ બર્ડ એવિએશનનું એક પ્રાઈવેટ ટ્રેની એરક્રાફ્ટ છે. જે કલબુર્ગીથી બેલગાવી જઈ રહ્યું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પ્લેનના એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી.

મહારાષ્ટ્રના ડેપ્યુટી CM અજિત પવારનું લિયરજેટ 45 પ્રીમિયમ બિઝનેસ જેટ ક્રેશ થવાથી 10 જાન્યુઆરીના રોજ નિધન થયું હતું. સવારે 8.45 વાગ્યે બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન તેમનું ચાર્ટર્ડ પ્લેન ક્રેશ થયું હતું. તેઓ 66 વર્ષના હતા. આ દુર્ઘટનામાં પવારના સુરક્ષાકર્મીઓ, બે પાઈલટ અને એક મહિલા ક્રૂ મેમ્બર સહિત 5 લોકોના જીવ ગયા.

પ્રયાગરાજમાં એરફોર્સનું ટ્રેનિંગ એરક્રાફ્ટ 21 જાન્યુઆરીએ ક્રેશ થઈ ગયું હતું. એરક્રાફ્ટ હવામાં ઉડતા-ઉડતા ડગમગ્યું અને તળાવમાં પડી ગયું. 2 સીટર એરક્રાફ્ટમાં સવાર બંને પાયલટ સુરક્ષિત બચી ગયા. આ દુર્ઘટના બપોરે લગભગ 12:20 વાગ્યે કેપી કોલેજની પાછળ થઈ હતી. આ શહેરની મધ્યનો વિસ્તાર છે.

ઓડિશાના રાઉરકેલામાં 10 જાન્યુઆરીના રોજ ઈન્ડિયા વન એરના 9 સીટર વિમાનની ટેકનિકલ ખામી બાદ ફોર્સ લેન્ડિંગ થઈ હતી. ઘટના બપોરે 1.20 વાગ્યે રાઉરકેલાથી 15 કિમી દૂર જાલ્દા વિસ્તારની છે. વિમાનમાં 4 મુસાફરો અને બે પાયલટ હાજર હતા. પાયલટને ઉડાન ભર્યાના 50 મિનિટ પછી વિમાનમાં ટેકનિકલ ખામી હોવાનું જાણવા મળ્યું. તેણે મેડે કોલ કર્યો.

# બાંગ્લાદેશને 35 વર્ષ પછી નવા PM મળશે: ચૂંટણી પર ભારત-પાક અને ચીનની નજર, બદલાઈ જશે સાઉથ એશિયાનું પાવર બેલેન્સ

**ઢાકા, તા.08**

બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ સંસદીય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. પૂર્વ પીએમ શેખ હસીનાના દેશ છોડ્યા પછી અને ખાલિદા ઝિયાના નિધન પછી આ પહેલી ચૂંટણી છે. 1991થી 2024 સુધી બાંગ્લાદેશના રાજકારણમાં આ બે નેતાઓનું વર્ચસ્વ રહ્યું.

આવી સ્થિતિમાં, 35 વર્ષ પછી દેશને નવા વડાપ્રધાન મળશે. શેખ હસીનાની પાર્ટી અવામી લીગને આ ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી નથી. ચૂંટણી પંચનું કહેવું છે કે 2024માં થયેલા વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હિંસામાં પાર્ટીની ભૂમિકાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અલ જઝીરા અનુસાર, નિષ્ણાતોનું કહેવું છે કે બાંગ્લાદેશની આ ચૂંટણીઓ માત્ર દેશના રાજકારણને જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાની રાજદ્વારી અને સત્તા સંતુલનને બદલી શકે છે. તેથી ભારત, પાકિસ્તાન અને ચીન પણ આ ચૂંટણીઓ પર નજર રાખી રહ્યા છે.

બાંગ્લાદેશમાં ઓગસ્ટ 2024થી નોબેલ વિજેતા મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળ વચગાળાની સરકાર કામ કરી રહી છે. રાજકીય નિષ્ણાતોના મતે, હસીનાના સત્તા પરથી હટ્યા બાદ બાંગ્લાદેશની વિદેશ નીતિમાં મોટો બદલાવ આવ્યો છે.

ભારત સાથેના સંબંધો હવે તેના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયા છે, જ્યારે પાકિસ્તાન સાથેના સંબંધો સુધર્યા છે અને ચીન સાથેના વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત થયા છે.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણી નક્કી કરશે કે દેશ આગળ ભારતની નજીક રહેશે કે પાકિસ્તાન અને ચીન તરફ ઝુકશે. આનાથી દક્ષિણ એશિયાનું સત્તા સંતુલન બદલાઈ શકે છે. આ જ કારણોસર આ ચૂંટણીને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

બાંગ્લાદેશ દક્ષિણ એશિયાના સત્તા સંતુલન માટે એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ દેશ ભૂગોળ, રાજનીતિ, અર્થતંત્ર અને વ્યૂહાત્મક હિતો ચારેય મોરચે એકસાથે અસર કરે છે.

બાંગ્લાદેશ, ભારતના પૂર્વોત્તર રાજ્યોને લગભગ ચારેય બાજુથી ઘેરે છે. ભારતનો ઉત્તર-પૂર્વ સિલીગુડી કોરિડોર દ્વારા ભારત સાથે જોડાયેલો છે. આવા સંજોગોમાં બાંગ્લાદેશની ભૂમિકા ભારત માટે કનેક્ટિવિટી, સુરક્ષા અને સપ્લાય લાઈનોની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ બની જાય છે.

બીજું મોટું કારણ છે ભારત-ચીન વચ્ચેની વ્યૂહાત્મક ખેંચતાણ. ચીને છેલ્લા કેટલાક વર્ષોમાં બાંગ્લાદેશમાં બંદરગાહ, રસ્તા, વીજળી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે



રોકાણ કર્યું છે. બાંગ્લાદેશ જો ચીનની વધુ નજીક જાય છે તો તે ભારત માટે સીધો વ્યૂહાત્મક ફટકો છે, ખાસ કરીને બંગાળની ખાડી અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં.

બાંગ્લાદેશની દરિયાઈ સીમા આ વિસ્તારને વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ બનાવે છે. આ વિસ્તાર ગ્લોબલ શિપિંગ, એનર્જી રૂટ્સ અને નૌકાદળની ગતિવિધિઓ માટે ખૂબ જ સંવેદનશીલ છે.

ચોથું પરિબળ છે ઈસ્લામિક રાજનીતિ અને કટ્ટરવાદ. બાંગ્લાદેશ મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ છે, પરંતુ અત્યાર સુધી તેની રાજનીતિ તુલનાત્મક રીતે સંતુલિત રહી છે. જો ત્યાં રાજકીય અસ્થિરતા વધે છે અથવા કટ્ટરવાદને સ્થાન મળે છે, તો તેની અસર માત્ર બાંગ્લાદેશ પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ ભારત, મ્યાનમાર અને સમગ્ર દક્ષિણ એશિયાની સુરક્ષા પર પડે છે.

જો આ ચૂંટણીમાં BNP જીતે છે અથવા મજબૂત સરકાર બનાવે છે, તો ભારત-બાંગ્લાદેશના સંબંધોમાં અંતર વધી શકે છે. સરહદી સુરક્ષા અને પરસ્પર વિશ્વાસ પર અસર પડશે, જ્યારે પાકિસ્તાનને સંબંધો સુધારવાની તક મળશે. ચીન પણ રોકાણ અને મોટા પ્રોજેક્ટ્સ દ્વારા બાંગ્લાદેશમાં પોતાની પકડ મજબૂત કરી શકે છે.

જો પરિણામ સ્પષ્ટ ન રહ્યું અને ગઠબંધન સરકાર બની, તો સ્થિતિ વધુ અસ્થિર થશે, જેનાથી ભારતની સ્થિતિ નબળી અને પાકિસ્તાન-ચીનની ભૂમિકા મજબૂત થઈ શકે છે.

જો જમાત-એ-ઈસ્લામી સત્તામાં આવે છે અથવા સરકારમાં મોટી ભૂમિકા ભજવે છે, તો ભારતની ચિંતા સૌથી વધુ વધશે. સુરક્ષા અને કટ્ટરપંથને લઈને દબાણ વધી શકે છે, જ્યારે પાકિસ્તાનને વૈચારિક અને રાજકીય ફાયદો મળશે.

ચીન માટે આ સ્થિરતા અને રોકાણ વધારવાની તક હશે. કુલ મળીને, 12 ફેબ્રુઆરીની ચૂંટણી એ નક્કી કરશે કે બાંગ્લાદેશ કયા પક્ષમાં જશે.

હસીનાના 15 વર્ષના શાસન દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો ખૂબ જ ગાઢ હતા. ભારત બાંગ્લાદેશનો એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક અને વ્યાપારી ભાગીદાર રહ્યો છે, પરંતુ હસીનાના ભારત આવ્યા પછી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો અને એકબીજાની નિકાસ પર પ્રતિબંધો પણ લાદવામાં આવ્યા.

2024-25માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો કુલ વેપાર લગભગ 13.51 અબજ ડોલર રહ્યો, જેમાં ભારતે 11.46 અબજ ડોલરની નિકાસ કરી અને લગભગ 2.05 અબજ ડોલરની આયાત કરી. જોકે, નિષ્ણાતોને આશંકા છે કે આવનારા સમયમાં પ્રતિબંધોને કારણે બંને દેશોનો વેપાર ઘટી શકે છે.

બાંગ્લાદેશની આઝાદી પછીથી ભારત-બાંગ્લાદેશ સંબંધો એ વાત પર નિર્ભર કરતા રહ્યા છે કે ઢાકામાં કઈ પાર્ટી સત્તામાં છે. હસીનાના કાર્યકાળમાં સંબંધો મજબૂત રહ્યા, પરંતુ વિરોધ પક્ષો અવારનવાર તેમના પર ભારત સામે નબળો વલણ અપનાવવાનો આરોપ લગાવતા રહ્યા.

હસીનાના હટ્યા બાદ બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ પણ વધી. પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે વિદ્યાર્થી આંદોલનના નેતા ઉસ્માન હાદીની હત્યા થઈ, જેના પછી ભારત વિરુદ્ધ પ્રદર્શનો થયા.

ભારતે વચગાળાની સરકાર દરમિયાન બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતીઓ સાથે દુર્વ્યવહારનો આરોપ પણ લગાવ્યો. ડિસેમ્બરમાં એક હિંદુ યુવકની હત્યાનો મામલો પણ સામે આવ્યો હતો.

આ તણાવ વચ્ચે ભારત અને બાંગ્લાદેશની ક્રિકેટને લઈને પણ વિવાદ થયો. બાંગ્લાદેશે ભારતમાં યોજાનારી T20 વર્લ્ડ કપ મેચોને કોઈ અન્ય દેશમાં કરાવવાની માંગ કરી, પરંતુ ICCએ બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધું. આ પછી પાકિસ્તાને બાંગ્લાદેશના સમર્થનમાં ભારત વિરુદ્ધ મેચ રમવાનો ઈનકાર કર્યો.

ભારત ઈચ્છે છે કે ચૂંટણી પછી બાંગ્લાદેશમાં એવી સરકાર બને જે ભારત સાથે સંબંધો સુધારી શકે. જાણકારોનું કહેવું છે કે ભારત BNPની સરકાર સાથે કામ કરવા તૈયાર થઈ શકે છે, પરંતુ જમાતની જીતને લઈને તેની ચિંતા વધુ છે. આ જ કારણથી ભારત બંને પક્ષો સાથે સંપર્કમાં છે.

બીજી તરફ, હસીનાના હટ્યા પછી પાકિસ્તાન બાંગ્લાદેશની વધુ નજીક આવ્યું છે. 2024માં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે મોહમ્મદ યુનુસ સાથે બે વાર મુલાકાત કરી. બંને દેશો વચ્ચે વેપાર ફરી શરૂ થયો અને 14 વર્ષ પછી સીધી ફ્લાઈટ સેવાઓ પણ ફરી શરૂ કરવામાં આવી. સૈન્ય અને સંરક્ષણ સ્તરે પણ વાતચીત થઈ છે.

નિષ્ણાતોના મતે, પાકિસ્તાન બાંગ્લાદેશ સાથે સંબંધો મજબૂત કરીને ભારત પર વ્યૂહાત્મક દબાણ લાવવા માગે છે અને 1971ના યુદ્ધ સાથે સંકળાયેલા જૂના મુદ્દાઓને ભૂલી જવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ચીન પણ બાંગ્લાદેશમાં પોતાની હાજરી સતત વધારી રહ્યું છે. હસીનાના સમયમાં પણ બંને દેશો વચ્ચે આર્થિક કરારો થયા હતા અને યુનુસની વચગાળાની સરકાર દરમિયાન પણ ચીને 2.1 અબજ ડોલરના રોકાણ અને લોનની જાહેરાત કરી છે. ચીને બાંગ્લાદેશમાં માળખાકીય સુવિધાઓ અને સંરક્ષણ સહયોગ વધારવામાં રસ દાખવ્યો છે.

ચીનના નેતાઓ અલગ-અલગ રાજકીય પક્ષોના સંપર્કમાં છે અને તેમનું માનવું છે કે ચૂંટણી પછી જે પણ સરકાર બનશે, તેની સાથે કામ કરવામાં આવશે. ચીન માટે બાંગ્લાદેશમાં રાજકીય સ્થિરતા અને તેના રોકાણની સુરક્ષા સૌથી મહત્વપૂર્ણ છે.

## તંત્રી લેખ

# ગુમ થતી યુવતીઓનો સિલસિલો પોલીસ-સરકાર માટે શરમજનક

મધ્યપ્રદેશના સત્તાવાર આંકડા કહે છે કે મહિલાઓ પર બળાત્કાર કરનારા ર૯ર અને સગીર વયની છોકરીઓ પર બળાત્કાર કરનારા ર૮૩ ગનેગારો ભાગતા ફરી રહ્યા છે, એટલે કે ૫૭૫ જેટલા બળાત્કારીઓ હજુય ખુલ્લા સાંઢની જેમ ફરી રહ્યા છે. વિશ્વમાં સૌથી વધુ લોકો અલાસ્કામાં ગુમ થાય છે. ત્યાં એક લાખની વસ્તીએ પ્રતિવર્ષ ૧૬૪ લોકો ગુમ થાય છે. સૌથી ઓછા લોકો અમેરિકાના મેસેચ્યુસેટ્સ સ્ટેટમાં ગુમ થાય છે. ત્યાં એક લાખની વસ્તિએ માંડ બે લોકો ગાયબ થાય છે. દિલ્હી પોલીસનો ડેટા ભયાનક છે. ૧લી જાન્યુઆરી ૨૦૨૬થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાંરાજધાનીમાંથી ૮૦૭ લોકો, એટલેકે રોજના ૫૩ લોકો ગુમ થયા છે. તેમાં ૫૦૯ મહિલાઓ-કન્યાઓ અને ૨૯૮ પુરૂષો-છોકરાઓનો સમાવેશ થાય છે. ગુમ થયેલા કુલ લોકોમાંથી ૧૯૧ સગીર વયના છે, ૬૧૬ પુખ્ત વયના હતા. પોલીસના ચોપડા અનુસાર ૩૧ જાન્યુઆરી સુધીમાં ૨૩૫ વ્યક્તિઓને શોધી કાઢવામાં આવી છે, ૫૭૨ હજુય ગુમ છે.

આમ છતાં દિલ્હીપોલીસ કહે છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વખતના આંકડા ઓછા છે. સચ્ચાઈ એ છે કે દિલ્હીની પોલીસ અને ભાજપ સરકાર બન્ને માટે આ આંકડા બહુ શરમજનક છે. દિલ્હીમાં ગુમ થતાં બાળકોના પગલે જાગેલા હોબાળાના જવાબમાં ભાજપના કેટલાક નેતાઓએ વાહિયાત ખુલાસો કરતા કહ્યું હતું કે આ તો કોઈ હિન્દી ફિલ્મના પ્રમોશન માટે ગુમશુદા લોકોનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. દિલ્હીની આમ આદમી પાર્ટીએ ગુમ થયેલા લોકોની સંખ્યા બાબતે કહ્યું છે કે ભાજપની સરકારે દિલ્હીને લાપતાગંજ બનાવી દીધું છે. જે પરિવારનું સંતાન ગુમ થઈ ગયું હોય તેમની વ્યથા જાણવાના બદલે ભાજપના નેતાઓ દિલ્હીની સરકારને બચાવવા જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. જે ફિલ્મની વાત થઇ રહી છે તે અભિનેત્રી રાણી મુખરજીને ચમકાવતી 'મર્દાની-થ્રી' છે, જેમાં ગુમશુદા બાળકો અને યુવતીઓની વાત છે. ફિલ્મમાં પોલીસ ઓફિસર બનેલી રાની મુખરજીની હિંમત જોઇને પ્રક્ષકો તાળીઓનો ગડગડાટ કરે છે. તેના કરતાં વધુ હિંમત અસલી પોલીસો અપહરણકારોને પકડતી વખતે દેખાડતા હોય છે. અનેક માથાભારે ગુંડાઓને પોલીસ કોલરથી પકડી લાવે છે અને ગુમ થયેલાં બાળકોની વિગત મેળવે છે. આ પોલીસ અધિકારીઓ માટે જોકે કોઈ તાળીઓ વગાડતું નથી. પોલીસ તંત્રનો ડર ન હોય તો અપહૃત લોકોની સંખ્યા બમણી થઇ શકે છે. ગુમ થયેલા તમામ લોકોનું અપહરણ થયું નથી હોતું. કેટલાક ઘરના કલેશને કારણે કે માનસિક બીમારીને કારણે ઘર છોડી દે છે. મધ્યપ્રદેશમાં એકલદોકલ ફરતી છોકરી અપહરણકારનો શિકાર બની જાય છે. મધ્યપ્રદેશ વિધાનસભામાં મુખ્યપ્રધાન મોહનયાદવે એક લેખિત જવાબમાં કહ્યું છેકે ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં ૨૧,૧૭૫ મહિલાઓ અને ૧૯૫૪ સગીર છોકરીઓ એક વર્ષથી ગાયબ છે. ગુમ થયેલી છોકરીઓ અને મહિલાઓ પૈકી કેટલીક લવજેહાદનો ભોગ બની હોય છે, તો કેટલીકને વેશ્યાના વ્યવસાયમાં ધકેલી દેવાય છે. કેટલીક યુવતીઓ હિરોઈન બનવા ઘરેથી છટકીને મુંબઈ ભાગી આવવાની કોશિશ કરે છે. કોઈ રીસાઈને નાસી જાય છે, અને આખરે ગુસ્સો ઉતરે કે કડવા અનુભવો થાય એટલે ઘરે પાછી ફરે છે. કુટુંબની દીકરી ગુમ થાય એટલે પરિવારજનો પર તો આસમાન તૂટી પડે છે. તેમના રોજેરોજના પોલીસ સ્ટેશનના ધક્કા શરૂ થઈ જાય છે. હવે તો શહેરોમાં ને નગરોમાં રસ્તાઓ પર સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ થઈ ગયા છે, આમ છતાંય ગુનેગારો પકડાતા નથી. કેટલાય સીસીટીવી કેમેરા બંધ હાલતમાં પડયા હોવાથી મહત્ત્વનું ફૂટેજ મળતું નથી. કેટલાય સ્વજનો પોલીના આધારે બેસી ન રહેતા ખુદ શોધખોળ આદરી દે છે. કોઈ વળી ભૂવા અને જ્યોતિષોને ત્યાં ધક્કા ખાય છે.

**સાઉદી દ્વારા ગત વર્ષે 13,256 ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં રિયાધ ખાતેથી 4,335 ભારતીયોને તથા જેદ્દાહથી 8,921 ભારતીયોને ડિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. યુએઆઈ દ્વારા અબુધાબી ખાતેથી 1,662 ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દુબઈ ખાતેથી 7,896 ભારતીયોને પરત મોકલવામાં આવ્યા હતા : 3,800 ગેરકાયદે ભારતીયોને અમેરિકા દ્વારા 2025માં ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ગત ડિસેમ્બરમાં વોશિંગ્ટન દ્વારા ગેરકાયદે રહેતા 3,414 ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા**

# સાઉદીએ અમેરિકા કરતા બમણા ભારતીયોને ડિપોર્ટ કર્યા

## વાહવાહીની દાંડી પીટતા વિદેશમંત્રીનું કંઈ ઉપજતું નથી : સાઉદીએ ગત વર્ષે 13,000 ભારતીયોને ડિપોર્ટ કર્યા

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળી ત્યારે કહ્યું હતું કે, ટૂંક સમયમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ ઉપર પસ્તાળ પાડવામાં આવશે. તેમની સામે આકરા પગલાં લેવામાં આવશે. આ વાતનો તેમણે સાર્થક કરતા ગત વર્ષે ઘણા ભારતીયોને ડિપોર્ટ કર્યા હતા. અમેરિકા દ્વારા જે ભારતીયોને પરત મોકલવામાં આવ્યા હતા તેનો આંકડો ખૂબ જ નાનો છે. દુનિયાને એવા નાના દેશો છે જ્યાં મોટી સંખ્યામાં ભારતીયોને તગેડી મુકવામાં આવ્યા છે, ડિપોર્ટ કરવામાં આવ્યા છે. અમેરિકા દ્વારા ભારતીયોને બેડીઓ પહેરાવીને, સાંકળોમાં બાંધીને જાણે કે આતંકવાદી હોય તે રીતે ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેના કારણે વિશ્વભરમાં હોબાળો મચ્યો હતો. આંચકાજનક વાત એવી છે કે, સમગ્ર વિશ્વમાં વિશ્વગુરુ હોવાની વાતો લઈને ફરતા વિદેશમંત્રાલયનું કશું જ ઉપજ્યું નહોતું. ટ્રમ્પ અને અમેરિકા દ્વારા છડેચોક ભારતીયોનું અપમાન કરવામાં આવ્યા છતાં વિદેશમંત્રાલયે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. બીજી આંચકાજનક અને ચિંતાજનક વાત એવી છે કે, તાજેતરમાં સરકારે જ સ્વીકાર્યું છે કે, ગત વર્ષે હજારોની સંખ્યામાં ભારતીયોને વિવિધ દેશો દ્વારા ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેમાં અમેરિકાનો આંકડો નાનો છે. અમેરિકા દ્વારા જે ભારતીયોને ડિપોર્ટ કરાયા તેના કરતા બમણી સંખ્યામાં સાઉદી દ્વારા ભારતીયોને હાંકી કાઢવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ રાજ્યસભામાં આ અંગે અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે, અમેરિકા દ્વારા ૨૦૨૫માં ૩૮૦૦ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસી સાંસદ રણદીપસિંહે સુરજેવાલા દ્વારા કરવામાં આવેલા સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, અમેરિકામાંથી અંદાજે ચાર હજારની આસપાસ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત સરકારે એવું પણ જણાવ્યું કે, સાઉદી અને યુએઈમાંથી ડિપોર્ટ થનારા ભારતીયોનો આંકડો અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયો કરતા ઘણો મોટો અને વધારે છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના સાંસદ રણદીપસિંહ સુરજેવાલાએ સવાલ કર્યો હતો કે, છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા ભારતીયોને અમેરિકા તથા અન્ય દેશો દ્વારા ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ભારત દ્વારા ગેરકાયદે રસ્તે ભારતીયોને વિદેશ જતા રોકવા માટે કેવા પગલાં લેવામાં આવ્યા છે. ખાસ કરીને ઉત્તર અમેરિકામાં ઘુસણખોરી કરવા માટે ડંકી રૂટનો ઉપયોગ કરનારા કેટલા ભારતીયોને અટકાવવામાં આવ્યા છે અથવા તો આ રૂટ ઓપરેટ કરતા ઓપરેટર્સને અકાયતમાં લેવામાં આવ્યા છે. ગેરકાયદે ઈમિગ્રેશન વિશે ભારત સરકારે શું પગલા લીધા છે.

વિદેશી બાબતોના રાજ્યકક્ષાના મંત્રી કિર્તી વર્ધનસિંહે આ અંગે જવાબ આપતા વિગતો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, ૩,૮૦૦ ગેરકાયદે ભારતીયોને અમેરિકા દ્વારા ૨૦૨૫માં ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ગત ડિસેમ્બરમાં વોશિંગ્ટન દ્વારા ગેરકાયદે રહેતા ૩,૪૧૪ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા તેમનો પણ ઉપરોક્ત આંકડામાં સમાવેશ થતો હતો. તેમાં વધુમાં જણાવાયું હતું કે, હ્યુસ્ટન દ્વારા ૨૩૪, સાન ફ્રાન્સિસ્કો દ્વારા ૪૯, ન્યૂયોર્ક દ્વારા ૪૭, એટલાન્ટા દ્વારા ૩૧ અને સીએટલ દ્વારા ૩૧ ભારતીયોને પાછા કાઢવામાં આવ્યા હતા. આ સિવાયના રાજ્યો અને શહેરોમાંથી છુટાછવાયા લોકોને શોધીને તેમને ભારત રવાના કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫માં ભારતીયોને ડિપોર્ટ કરવાનો અમેરિકાનો આ આંકડો નાનો છે.



ગત વર્ષે સાઉદી અરેબિયા અને યુએઈ દ્વારા સૌથી વધારે ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેમાં પણ સાઉદી દ્વારા સૌથી વધારે ભારતીયોને પરત મોકલાયા હતા. સાઉદી દ્વારા ગત વર્ષે ૧૩,૨૫૬ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. બીજી તરફ રિયાધ ખાતેથી ૪,૩૩૫ ભારતીયોને વતનની વાટ પકડાવવામાં આવી હતી. એક અહેવાલ પ્રમાણે જેદ્દાહમાં આવેલા ભારતીય દૂતાવાસ થકી જ ૮,૯૨૧ ભારતીયોને ડિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સિવાય યુએઆઈ દ્વારા અબુધાબી ખાતેથી ૧,૬૬૨ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દુબઈ ખાતેથી ૭,૮૯૬ ભારતીયોને પરત મોકલવામાં આવ્યા હતા. આ સિવાય મલેશિયા, મ્યાંમાર અને પાડોશી દેશ ચીન દ્વારા પણ ઘણા ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા.સરકારી અહવાલો જણાવે છે કે, ભારત સરકારના વિદેશમંત્રાલય દ્વારા અમેરિકા સહિતના તમામ દેશો સાથે ભારતીયોના ડિપોર્ટેશન અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. ખાસ કરીને અમેરિકા દ્વારા જે રીતે ભારતીયોને પરત મોકલવામાં આવ્યા તે વિશે વાટાઘોટ કરાઈ રહી છે. વાસ્તવિકતા એ છે કે, અમેરિકાએ છડેચોક ભારતીયોનું અપમાન કરીને તેમને ડિપોર્ટ કર્યા હતા. તે સમયે વિદેશમંત્રી કે વિદેશ મંત્રાલય અથવા તો ત્યાં રહેલા ભારતીય દૂતાવાસ દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા કે વાંધો ઉઠાવવામાં આવ્યો નહોતો. અમેરિકાએ આડોડાઈ સાથે બાળકો અને મહિલાઓને પણ સાંકળોથી બાંધીને ડિપોર્ટ કર્યા હતા અને વાતોના ઢોલ પિટતા વિદેશ મંત્રાલય દ્વારા કશું જ થયું નહોતું.

ચિંતાજનક આંકડા બીજા એ પણ છે કે, અમેરિકામાં ભારતીયોની ધરપકડ પણ મોટાપાયે કરવામાં આવે છે. ગત વર્ષે ૧૯૯૩ ભારતીયોની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી હતી. ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, આ રીતે પકડાયેલા અંદાજે ૨૦૦૦ લોકોમાંથી ૧,૬૬૯ લોકો સામે કોઈ ક્રિમિનલ કેસ બનતો નહોતો કે તેઓ ગુનેગાર પણ સાબિત થયા નહોતા. આ દિશામાં તપાસ કરવામાં આવે તો કેલિફોર્નિયા દ્વારા સૌથી વધારે ૬૪૩ ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ટેક્સાસ દ્વારા ૨૩૭ અને ન્યૂયોર્ક દ્વારા ૧૧૫ ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. અમેરિકામાં જેટલા ભારતીયોની આઈસીઈ દ્વારા ધરપકડ કરાઈ તેમાંથી અડધા લોકોની આ ત્રણ જ રાજ્યો દ્વારા કરવામાં આવી હતી. બીજી વાત એ છે કે, ગત વર્ષે નવેમ્બરમાં ૩,૨૫૮ ભારતીયોની અટકાયત કરવામાં આવી હતી. ૨૦૨૪ના નવેમ્બરમાં થયેલી અટકાયત કરતા આ આંકડો ૧૪૦૦ જેટલો વધારે હતો. જાણકારોના મતે માર્ચ ૨૦૨૫ દરમિયાન આઈસીઈ દ્વારા હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓના વીઝા પણ રદ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત હજારો વિદ્યાર્થીઓના વીઝા ટર્મિનેટ પણ કરવામાં આવ્યા હતા.

બીજી તરફ કેટલાક અહેવાલો જણાવે છે કે, દેશમાં ગેરકાયદે કામ કરતા એજન્ટોને શોધવાની પ્રક્રિયાને વેગ અપાયો છે. જાણકારોના મતે સરકાર દ્વારા શરૂ કરાયેલા ઈમાઈગ્રેટ પોર્ટલ થકી વિદેશ લઈ જવાની કામગીરી કરતી એજન્સીઓ અને સંસ્થાઓ તથા એજન્ટોની તપાસ કરવામાં આવી રહી છે. તેના દ્વારા ગત ડિસેમ્બર સુધીમાં ૩,૫૦૫ એજન્ટોને શોધવામાં આવ્યા છે જેમની નોંધણી થયેલી નથી અને લાઈસન્સ વગર કામગીરી કરી રહ્યા છે. સરકાર દ્વારા તેમની સામે પગલાં લેવામાં આવશે અને આગામી સમયમાં જો તેમના થકી મોકલાયેલા ભારતીયો ડિપોર્ટ થશે તો ભારતીયોને ખોટી રીતે વિદેશો મોકલનારા નેટવર્ક વિશે વધુ માહિતી બહાર આવે તેવી શક્યતાઓ દેખાય છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા દ્વારા સૌથી વધારે અન્ય દેશોના લોકોને ડિપોર્ટ કરવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૬ના આંકડા જોઈએ તો આઈસીઈ દ્વારા દર મહિને વેનેઝુએલાના ૯૨૦ લોકોને ડિપોર્ટ કરાયા હતા. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા ૫૬૦ નિકારાગુઆના લોકોને, ૧૩૦ તુર્કીના લોકોને, ૮૪૦ કોલમ્બિયાના લોકોને, ૨૬૦૦ હોન્ડુરાઝના લોકોને, તથા ગ્વાટેમાલાના ૩૧૦૦ લોકોને અમેરિકામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ગત વર્ષે જૂનમાં ૧૨૨ ચીની નાગરિકોને પણ ગુનાઈત પ્રવૃત્તિઓમાં સક્રિય હોવાના પગલે પકડીને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા.

સરકાર દ્વારા ભારતીયોને વિદેશમાંથી બચાવી લાવવા અંગે પણ ઘણી માહિતી અપાઈ હતી. બનાવટી કંપનીઓ અને વિદેશી કંપનીઓ દ્વારા ખોટી રીતે ભારતીયોની ભરતી કરવામાં આવી હતી અને તેમને ખોટા કામની આશા અને લાલચ આપીને વિદેશ લઈ જવામાં આવ્યા હતા. જાણકારોના મતે લોકોને સોશિયલ મીડિયાની આકર્ષક અને છેતરામણી જાહેરાતો દ્વારા કમ્બોડિયા, મ્યાંમારા અને લાઓ પીડીઆર તથા સાઉથ ઈસ્ટ એશિયાના અન્ય દેશોમાં લઈ જઈને બંધક બનાવી દેવાયા હતા. તેમને બીજા કોઈ કામની લાલચ આપીને અન્ય કામમાં રોકી લેવાયા હતા અને તેમની પાસે ગેરકાયદે કામ પણ કરાવવામાં આવતા હતા. અહેવાલો પ્રમાણે ૨૦૨૫માં ૧૩૦૦ ભારતીયોને કમ્બોડિયાથી બચાવીને સ્વદેશ પરત લાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત લાઓ પીડીઆર ખાતેથી ૧,૪૨૧ અને મ્યાંમાર ખાતેથી ૧,૫૯૪ ભારતીયોને બચાવીને પરત લાવવામાં આવ્યા હતા. આ લોકો પાસેથી ત્યાં સાઈબરક્રાઈમ કરાવવામાં આવતા હતા. તેમને ફ્રોડના કામ સોમપવામાં આવતા હતા. તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે લોકોને છેતરતા કોલ સેન્ટરોમાં કામ કરાવવામાં આવતું હતું. આ ઉપરાંત અન્ય દેશોમાં પણ ગેરકાયદે રોકી રખાયેલા અને ગોંધી રખાયેલા ભારતીયોને શોધીને વતન પરત લાવવાની કામગીરી ચાલી રહી છે. ખાડી દેશોમાં પણ ફસાયેલા ભારતીયોને પતર લાવવાના પ્રાયસ ચાલી રહ્યા છે. આ સિવાય ભારતીયોને ડિપોર્ટેશનથી બચાવવા માટે પણ મહત્ત્વના પગલાં લેવાતા હોવાના અહેવાલો છે. હાલમાં ગેરકાયદે રીતે વિદેશ લઈ જનારા એજન્ટો, ક્રિમિનલ ફેસિલિટી આપતા લોકો તથા હ્યુમન ટ્રાફિકિંગ સાથે સંકળાયેલા લોકોને શોધીને તેમને દબોચવામાં આવી રહ્યા છે.

# સરકારની 34 પુસ્તકોને મંજૂરી તો નરવણેના પુસ્તક પર લટકતી તલવાર કેમ



ભારતીય સૈન્યના ભૂતપૂર્વ જનરલ એમ એમ નરવણેના પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટીની'ને રક્ષા મંત્રાલયે પ્રકાશનની પરવાનગી આપી નથી. આ પુસ્તકમાંથી કેટલાક લખાણનો ઉલ્લેખ રાહુલ ગાંધીએ લોકસભામાં કર્યો હતો અને ત્યાર પછી મોટો વિવાદ થયો હતો. છેલ્લા પાંચ વર્ષોમાં સૈન્યના અધિકારીઓએ લખેલા ઘણા પુસ્તકોને પ્રકાશિત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. જનરલ નરવણેનું એક માત્ર પુસ્તક એવું છે કે જેને હજી સુધી પરવાનગી મળી નથી. રક્ષામંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૨૦૨૦ થી ૨૦૨૪ સુધીમાં કુલ ૩૫ પુસ્તકોના પ્રકાશન માટે મંજૂરી માંગવામાં આવી હતી. આમાંથી ૩૨ પુસ્તકોના પ્રકાશનને મંજૂરી આપવામાં આવી હતી. ત્રણ પુસ્તકોને હજી સુધી મંજૂરી આપવામાં આવી નથી જેમાં નરવણેના પુસ્તકનો પણ સમાવેશ થાય છે. જનરલ નરવણે ૨૦૧૯થી ૨૦૨૨ સુધી સેના પ્રમુખ હતા. આ સમયગાળા દરમિયાન લદ્દાખમાં એલોસી પર ટીમ સાથે તણાવ સૌથી વધુ હતો. કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગે રાહુલ ગાંધી જેટલા આક્રમક નથી. જોકે બજેટ સત્ર ચાલુ થયા પછી તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરી રહ્યા છે. વડાપ્રધાને રાજ્યસભામાં આપેલું પ્રવચન ખડગેને ખાસ પસંદ આવ્યું નથી. એમણે સોશ્યલ મીડિયા પર કડક ભાષામાં લખ્યું છે કે, 'પ્રધાનમંત્રીના ભાષણ બાબતે પ્રત્યાઘાત આપવા જેવો નથી. જોકે એમણે જેટલી નિમ્ન કક્ષાની વાત કરી છે એનો જવાબ મારે આપવો જોઈએ. જૂઠી વાતોને રીપીટ કરવાની એમને આદત છે. મારે આજે કહેવું પડે છે કે, રાજ્ય સભામાં એમણે આપેલા ૫૭ મીનીટના ભાષણમાં અમારી કોઈ પણ વાતનો જવાબ નહોતો. તેઓ ફક્ત ૧૦૦ વર્ષ, ૭૫ વર્ષ અને ૫૦ વર્ષની વાતો કરતા રહ્યા. એમણે બે કીલો ગાળોની વાતો કરી. હવે શું તેઓ ગાળોની ગણતરી પણ વજનથી કરશે? આટલા શબ્દોમાં મને ગાળો આપી એમ કહે ત્યાં સુધી ઠીક છે, પરંતુ ગાળોને બે-બે કીલો કે એક-એક ક્વીન્ટલ ગાળો... એટલે શું? અમે લોકસભા કે રાજ્યસભામાં જે મુદ્દાઓ ઉઠાવ્યા હતા એમના કોઈ જવાબ એમની પાસે હોતા નથી.'

અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલનું ફ્રેમવર્ક તૈયાર કર્યું છે. આ કારણે પાકિસ્તાનનું ટેન્શન વધી ગયું છે. છેવટે અમેરિકાએ એવું તે શું કર્યું છે કે શહબાઝ શરીફ અને આસીમ મુનીરની ઉંઘ ઉડી જાય? અમેરિકાએ છેવટે પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર એટલે કે પીઓકેને ભારતનો હિસ્સો માન્યો છે. આમ પણ જોકે પીઓકે ભારતનો જ હિસ્સો છે. ભારત શરૂઆતથી આ દાવો કરી રહ્યું છે. હવે અમેરિકાએ પણ આ બાબતે ભારત સાથે સહમતી બતાવી છે. અમેરિકાએ જે નકશો બહાર પાડયો છે એમાં પીઓકેને પણ ભારતના હિસ્સા તરીકે બતાવ્યું છે. આ નકશો જોઇને પાકિસ્તાન ચિંતામાં પડી ગયું છે. અમેરિકાના બિઝનેસ પ્રતિનિધિ કાર્યાલયે એટલે કે યુનાઈટેડ સ્ટેટ ટ્રેડ રીપ્રેઝન્ટેટીવએ ભારત - અમેરિકાના ટ્રેડ એગ્રીમેન્ટની જાણકારી આપતા જે નકશાનો ઉપયોગ કર્યો છે એ જોઈને શાહબાઝ અને મુનીર માથુ પછાડે છે.

સુપ્રિમ કોર્ટમાં રોજ ઘણા દાવાઓની સુનાવણી થાય છે. હમણા સુપ્રિમ કોર્ટમાં એક એવા દાવાની સુનાવણી થઈ કે જે લાંબા સમયથી હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. આ બાબતે સીજેઆઈ સુર્યકાંત એક મહિલાની પેન્ડીંગ અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. વકીલે જ્યારે કહ્યું કે, આ મહિલા ગરીબ છે ત્યારે સીજેઆઈએ જે જવાબ આપ્યો એની ચર્ચા થઈ રહી છે. વકીલે જ્યારે મહિલાને ગરીબ બતાવી ત્યારે સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું હતું કે, 'તે સુપ્રિમ કોર્ટ આવ્યા પછી ગરીબ થઈ ગઈ?' સીજેઆઈએ વકીલને સમજાવતા કહ્યું હતું કે પ્લીઝ તમે એમ નહીં કહો કે એ એક ગરીબ મહિલા છે. તમારે કહેવું જોઈએ કે એ એક ફાઈટર મહિલા છે. આ મહિલા જ્યાં સુધી ઘરે નહીં બેસે ત્યાં સુધી એના કેસનું લોજીકલ પરિણામ નહીં આવે. જ્યારે આ મહિલા સુપ્રિમ કોર્ટ સમક્ષ છે ત્યારે એને આપ ગરીબ મહિલા કેમ કહી રહ્યા છો? આ મહિલાનો કેસ હિમાચલ હાઈકોર્ટમાં ૧૧ વર્ષથી પેન્ડીંગ છે. રાજકીય રીતે રાજ ઠાકરે અને એમનો પક્ષ એમએનએસ કઈ ઉકાળી શક્યા નથી. લોકસભા, વિધાનસભા કે મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં રાજ ઠાકરેના પક્ષને સમ ખાવા પૂરતી બેઠકો પણ મળતી નથી. મરાઠી અસ્મિતાનું કાર્ડ રમીને એમણે શીવસેના (ઉદ્ધવ ઠાકરે) સાથે હાથ મેળવ્યો તો પણ એમને નિષ્ફળતા મળી હતી. હવે મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ અને શીવસેના (એકનાથ શિંદે)ની બહુમતી છે. મહાનગરપાલિકાના કોર્પોરેટરો બાબતે રાજ ઠાકરેએ નવી માંગણી મૂકી છે. રાજ ઠાકરેની માંગણી છે કે, મુંબઈ મહાનગરપાલિકામાં શીવસેના (ઉદ્ધવ ઠાકરે)ના ક્વોટામાંથી એક કોર્પોરેટર એમએનએસને આપવામાં આવે. આંકડા પ્રમાણે મુંબઈ મહાનગરપાલિકામાં કોઈપણ પક્ષને એક કોર્પોરેટરની નિમણૂક કરવા માટે ૨૨.૭ કોર્પોરેટરોનું સંખ્યાબળ હોવું જરૂરી છે. આ આધારે ઉદ્ધવ ઠાકરેએ ત્રણ કોર્પોરેટરોની નિમણૂક કરી શકે છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મસ્ટારોને ડરાવવા માટે હવે એક નવો માફિયા પેદા થયો છે. ફિલ્મ ડિરેક્ટર રોહીત શેટ્ટીના ઘર બહાર થયેલા ફાયરીંગ પછી એક નવું નામ ચર્ચામાં છે. ફિલ્મસ્ટાર્સ હવે માફિયા ડોન શુભમ લોનકરના નામથી ફફડી રહ્યા છે. શુભમ, કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો જમણો હાથ ગણાય છે. લોરેન્સ બિશ્નોઇ ભલે ગુજરાતની સાબરમતી જેલમાં કેદ હોય, પરંતુ એનું નેટવર્ક હજી સક્રિય છે. વિદેશમાં બેઠેલો ગોલ્ડી બરાડ આ નેટવર્ક સંભાળી રહ્યો છે. શુભમ લોનકર અત્યાર સુધીમાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પાંચ સ્ટાર્સને નિશાન બનાવી ચૂક્યો છે. એણે પાંચ મોટા સ્ટાર્સને ખંડણી માંગવા માટે ફોન કર્યા હતા. સલમાન ખાનના ઘરની બહાર થયેલા ગોળીબાર તેમજ બાબા સીદ્દીકીની જાહેરમાં થયેલી હત્યા પછી ફિલ્મવાળાઓ કોઈ ચાન્સ લેવા માંગતા નથી. દિલ્હીના જનકપુરી વિસ્તારમાં સીવર માટે ખોદાયેલા ખાડામાં મોટર સાયકલ પર જતો ૨૫ વર્ષનો યુવાન કમલ ધ્યાની પડી જતા એનું મૃત્યુ થયું છે. યુવાનના મૃત્યુને કારણે દિલ્હી ચોંકી ઉઠયું છે. પોલીસના કહેવા પ્રમાણે ટૂક સમયમાં યુવાનના મોત માટે જવાબદારોની ધરપકડ થશે. સૌથી પહેલા સબ કોન્ટ્રાક્ટર રાજેશ પ્રજાપતીની ધરપકડ કરવામાં આવી છે. જે સમયે ઘટના બની એ વખતે એક કુટુંબ ત્યાંથી પસાર થઈ રહ્યું હતું. આ કુટુંબે કમલને ખાડામાં પડતા જોયો અને તરત જ ત્યાં હાજર રહેલા સીક્યુરીટી ગાર્ડ અને બાજુના ટેન્ટમાં રહેતા એક વ્યક્તિને ઘટનાની જાણ કરી હતી. ટેન્ટમાં રહેતી વ્યક્તિ સબ કોન્ટ્રાક્ટર રાજેષ પ્રજાપતિની નોકરી કરતો હતો. આમ તો દેશના ઘણા ભાગમાં આ પ્રકારના અકસ્માતો થાય છે અને જવાબદારો છટકી જાય છે. જોકે જનકપુરીના બનાવ પછી દિલ્હીવાસીઓ ખૂબ ગુસ્સામાં છે અને આ ઘટનાની તસવીરો અને માહિતી સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

# દિલ્હીમાં ઓમ બીરલાના નિવેદનની ચર્ચા



વડાપ્રધાન નરેન્દ્ર મોદી જો લોકસભામાં આવશે તો એમના પર હુમલો થઈ શકે છે એવી શક્યતા દર્શાવીને સ્પિકર ઓમ બીરલાએ એમને લોકસભામાં નહીં આવવાની સલાહ આપી હતી. ઓમ બીરલાના કહેવા પ્રમાણે એમની સલાહ માનીને વડાપ્રધાન ગૃહમાં આવ્યા નહોતા. ઓમ બીરલાના આ નિવેદન પછી દિલ્હીમાં ચર્ચા થઈ રહી છે કે, વડાપ્રધાન ખરેખર બીરલાની સલાહ માનીને ગૃહમાં નહોતા આવ્યા કે કોઈક બીજા કારણસર. કેટલાક ટીકાકારો નુકતેચીની કરી રહ્યા છે કે, વિરોધપક્ષની તમામ ધમકીઓ છતા વડાપ્રધાને ગૃહમાં આવવાની જરૂર હતી જેથી દુધનું દુધ અને પાણીનું પાણી થઈ જાત. આ બાબતે સાંસદ પ્રિયંકા વાડ્રા - ગાંધીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાન હવે સ્પીકરની પાછળ છુપાઈ રહ્યા છે. ગૃહમાં આવવાની એમની હીંમત થઈ નહીં. તમે સરકારને કેમ નથી પૂછતા કે ગૃહમાં વિરોધપક્ષના નેતાઓને કેમ બોલવા દેવામાં આવતા નથી. ચર્ચા એટલા માટે નહીં થઈ કે ચર્ચા કરવા માટે સરકાર તૈયાર નહોતી.'

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફએ થોડા દિવસો પહેલા જાહેરમાં કહ્યું હતું કે, પાકિસ્તાન માટે લોન માંગવી કેટલી મુશ્કેલ છે. તમારે મૂંડી નીચી કરીને લોન આપનારની શરતો માનવી પડે છે.

શહબાઝે આ વાતની સાબિતી પણ આપી દીધી. વિશ્વ બેન્કના પ્રમુખ અજય બંગા હમણા પાકિસ્તાનના પ્રવાસે છે.

પાકિસ્તાનને વિશ્વ બેન્ક પાસેથી લોન લેવાની હોવાથી પાકિસ્તાની નેતાઓ અજય બંગાના પગમાં પડી ગયા છે. એમના સ્વાગતમાં ઘોડેશ્વારો, સ્કૂલના બાળકોની લાઈનો, મોટા મોટા બેનરો અને તમામ સરકારી ભપકો કરવામાં આવ્યો હતો. ભારતીય મૂળના અજય બંગા શીખ છે. શીખ સમુદાય પાકિસ્તાનમાં અત્યત લઘુમતીમાં છે. સામાન્ય રીતે પાકિસ્તાનનું વર્તન ત્યાના લઘુમતિ પ્રત્યે ખૂબ જ ક્રૂર રહ્યું છે. જોકે હવે આર્થિક જરૂરીયાત હોવાથી પાકિસ્તાનના નેતાઓ દેખાવ પૂરતા પણ અજય બંગાના પગમાં પડે છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી પહેલા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મતદાન યાદી બાબતે ચાલી રહેલા કેસમાં સુપ્રિમ કોર્ટમાં જાતે દલીલો કરી ત્યારે ઘણાને નવાઈ લાગી હતી. જોકે સુપ્રિમ કોર્ટમાં કરેલી દલીલો પછી એક લડાકુ રાજકારણી તરીકેની મમતા બેનર્જીની ઈમેજ વધુ તેજ થઈ ગઈ છે.

ખાસ કરીને પશ્ચિમ બંગાળના લોકો માની રહ્યા છે કે મમતા બેનર્જી ફક્ત સંસદ કે રસ્તા પર જ નહીં સુપ્રિમ કોર્ટમાં પણ જાતે લડવા સક્ષમ છે. તૃણમુલ કોંગ્રેસનું કહેવું છે કે, મમતા બેનર્જી કોર્ટમાં એટલા માટે હાજર રહ્યા હતા કે તેઓ પશ્ચિમ બંગાળને થઈ રહેલા અન્યાય બાબતે જજોનું ધ્યાન ખેંચવા માંગતા હતા.

તૃણમુલ કોંગ્રેસ માટે આ એક મહત્ત્વનો મુદ્દો છે. મતદારોને એમ લાગ્યું છે કે પ્રજા માટે મમતા કોઈપણ હદે જઈ શકે છે.

પશ્ચિમ અને દક્ષિણ એશિયાના દેશોની સુરક્ષા પદ્ધતિઓમાં શાંત પરિવર્તન થઈ રહ્યું છે. આ વિસ્તારમાં વિચારધારા કરતા વધારે સ્થાનીક રાજકારણ અને આથક બાબતો વધુ અગત્યની બની રહી છે. અમેરિકાનો ઘટતો પ્રભાવ, યુરોપનું આતરીક વિભાજન અને વૈશ્વિકશક્તિ સમતોલનમાં થઈ રહેલા ફેરફારને કારણે આ વિસ્તારના દેશો હવે સુરક્ષા માટે પોતે તૈયાર થઈ રહ્યા છે. પશ્ચિમ એશિયાના મોટા ભાગના દેશોની સુરક્ષા વ્યવસ્થા લાંબા સમય સુધી અમેરિકાની લીડરશીપ અને ગેરંટી પર આધાર રાખતી હતી. જોકે ટ્રમ્પના પ્રમુખ બન્યા પછી હવે અમેરિકાની નીતિ બદલાઈ રહી છે. એક જમાનાના અમેરિકાના સાથી દેશો પણ હવે અમેરિકાનો ચંચૂપાત સહન કરવા માંગતા નથી. યુક્રેન યુદ્ધ પછી યુકે પણ ઊર્જા સંકટને કારણે આંતરરાષ્ટ્રીય નીતી બદલવા માંગે છે.

ઓટીટી પ્લેટફોર્મ નેટફલીક્સ પર બતાવવામાં આવનાર ફીલ્મ 'ઘુસખોર પંડીત'ના ટાઈટલ બાબતે દેશનો પંડીત અને બ્રાહ્મણ સમાજ વિરોધ કરી રહ્યો છે. ફિલ્મના દિગ્દર્શક નીરજ પાંડેએ સ્પષ્ટતા કરી છે કે આ એક કાલ્પનીક પોલીસ ડ્રામા છે અને કોઈપણ જાતિ કે સંપ્રદાયને અપમાનીત કરવામાં આવ્યા નથી. હવે ઉત્તર પ્રદેશ સરકાર પણ ફિલ્મની વિરુદ્ધ થઈ ગઈ છે. ફિલ્મની સામે વિવિધ રાજ્યોમાં કેસ પણ દાખલ કરવામાં આવ્યા છે. ફિલ્મનું ટાઈટલ બદલવા માટે દબાણ વધી રહ્યું છે. વિરોધ જોઈને દિગ્દર્શક નીરજ પાંડેએ છેવટે નિવેદન આપવું પડયું છે. ફિલ્મની વાર્તા પણ નીરજ પાંડેએ જ લખી છે એમના કહેવા પ્રમાણે વપરાયેલો પંડીત શબ્દ એક કાલ્પિનક પાત્રનું નામ છે. ફિલ્મની વાર્તા એક વ્યક્તિ પર ફોકસ કરે છે. યાદ રહે કે આ જ નીરજ પાંડેએ વેનસડે ફિલ્મ બનાવી હતી ત્યારે રાષ્ટ્રપ્રેમીઓ તેના પર આફરીન પોકારી ગયા હતા.

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા પછી લાંબા સમય સુધી પ્રશાંત કિશોરનો પક્ષ જન સુરાજ પાર્ટી શાંત થઈ ગયો હતો. હવે લાંબા સમય પછી એનું કહેવું છે કે, બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મોટા પાયે ગરબડ કરવામાં આવી હતી. રાજ્યમાં ફરીથી ચૂંટણી કરવા માટે સુપ્રિમ કોર્ટમાં લેખીત અરજી કરવામાં આવી છે. ખાસ કરીને બિહારમાં મહિલા મતદારોના ખાતામાં સીધા ૧૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ આચાર સંહિતાનો ભંગ છે. આર્ટીકલ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવેલી અરજીમાં માંગણી કરવામાં આવી છે કે, મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનામાં નવા હીત ધારકોને જોડવામાં આવ્યા હતા. આચાર સંહિતા દરમિયાન એમને પૈસા આપવામાં આવ્યા હતા. જે બંધારણના આર્ટીકલ ૧૪, ૨૧, ૧૧૨, ૨૦૨ અને ૩૨૪નો ભંગ છે. મતદાન વખતે બંને ચરણમાં સેલ્ફ - હેલ્પ ગ્રુપની ૧.૮ લાખ મહિલા લાભાર્થીઓને પોલીંગ બુથ પર હાજર રાખવા એ ગેરકાયદેસર હતું.

પ્રવાસી વિઝા પર ભારત આવેલા બે બ્રીટીશ નાગરીકોને ભારતે દેશ છોડવા માટે કહ્યું છે. આ બે બ્રીટીશ નાગરીકોએ પુષ્કરમાં જાહેર સ્થળોએ પેલેસ્ટાઈનને ટેકો આપતા અને ઈઝરાયલનો વિરોધ કરતા પોસ્ટરો ચોંટાડયા હતા. કોઈપણ વિદેશથી આવનાર પ્રવાસી દેશમાં રાજકીય પ્રવૃત્તિ કરી શકતા નથી. રાજસ્થાન પોલીસે આ બંને બ્રીટીશ નાગરીકોને નોટીસ આપી છે. ભારતની આ કાર્યવાહીને કારણે ઈઝરાયલ ખુશ થઈ ગયું છે. ઈઝરાયલના સોશ્યલ મીડિયા પર ભારતના આ પગલાને વખાણવામાં આવ્યું છે. ઈઝરાયલના હનનિયા નફ્તાલીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે 'પુષ્કરમાં ઈઝરાયલ વિરુદ્ધ નફરત ફેલાવવાની કોશિષ કરનારા બે બ્રીટીશ ટુરીસ્ટોને ભારતે હાંકી કાઢયા છે. આ લોકો યહુદી દેશને નિશાન બનાવવા માટે વિસાના નિયમોનો ભંગ કરી રહ્યા હતા. આવી વ્યક્તિઓ માટે ઝીરો ટોલરન્સ બતાવીને ભારતે યોગ્ય કામ કર્યું છે.'

# 'ભાજપના નેતાઓ-કોર્પોરેટરોનું મતદારોના નામ હટાવવા ષડ્યંત્ર': વડોદરામાં નામ કમી કરવા 47,000 વાંધા લીધા

**વડોદરા, તા.08**

વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે 'ઓપરેશન સરકાર ચોરી' શિર્ષક હેઠળ પ્રેસ કોન્ફરન્સ યોજીને SIRની કામગીરીમાં ફોર્મ-7 ભરીને ભાજપના નેતાઓ અને કોર્પોરેટરોએ મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર રચ્યું હોવાના પુરાવા રજૂ કર્યા હતા. જેમાં ભાજપના કોર્પોરેટર અજીત દધીચે 122 વાંધા ઉઠાવ્યા છે. વડોદરા શહેરમાં 47,000 જેટલા વાંધા ઉઠાવવામાં આવ્યા છે. આ ઉપરાંત અનેક નેતાઓએ વાંધા ઉઠાવ્યા હોવાના પુરાવા રજૂ કર્યા હતા. આ મામલે રાષ્ટ્રદ્રોહનો ગુનો દાખલ કરવા કોંગ્રેસે માંગ કરી છે.



ચોંકાવનારી વાત તો એ છે કે, દેવેશ પટેલ નામના વ્યક્તિના 25 એપિક આઈડી આઈડી પરથી વાંધા ઉઠાવવામાં આવ્યા છે. જ્યારે સીએન માછી નામના વ્યક્તિના 20 એપિક આઈડી પરથી વાંધા ઉઠાવવામાં આવ્યા છે. એક વ્યક્તિના આટલા બધા એપિક(EPIC) કેવી રીતે હોઈ શકે તે તપાસનો વિષય છે. આ ઉપરાંત અનેક લોકો એવા છે, જેના એકથી વધારે એપીક આઈડી પરથી વાંધા ઉઠાવવામાં આવ્યા છે.

કોંગ્રેસે કરેલા આક્ષેપમાં જણાવવામાં આવ્યું છે કે, ભાજપના કોર્પોરેટર અજીત દધીચે 122 વાંધા ઉઠાવ્યા છે. આ ઉપરાંત વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન આદિત્ય પટેલે 30 વાંધા ઉઠાવ્યા છે. કોર્પોરેટર જાગૃતિ કાકા અને કોર્પોરેટર જ્યોતિ પટેલ સહિતના નેતાઓ સહિતના અનેક નેતાઓના નામ છે જેઓએ ખોટા વાંધા લીધા છે.

વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું હતું કે, SIRની પ્રક્રિયામાં ષડયંત્ર કરીને, છબરડા કરીને સત્તા પક્ષ ભાજપ અને ચૂંટણી પંચના મેળાપીપળાથી સાચા મતદારોના નામ ડીલીટ કરીને કોંગ્રેસની ચૂંટણીમાં હરાવવાનું કાવતરું રચ્યુ છે તેનો પર્દાફાશ અમે આજે કર્યો છે.

વડોદરા શહેર વિધાનસભામાં ગુજરાત સરકારના મહિલા મંત્રી(મનીષા વકીલ)ના વિસ્તારમાં કોર્પોરેટરોએ ખોટા વાંધા લીધા છે. આ પ્રકારે વડોદરા શહેરની પાંચ વિધાનસભામાં આ પ્રકારનું ખોટું કામ કર્યું છે અને 47 હજાર મતદારો સામે વાંધા લીધા છે. આ મામલે અમે વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી એટલે કે કલેક્ટરને 10થી 12 વખત રજૂઆત કરી છે. આ ઉપરાંત લેખિતમાં આવેદનપત્રો પણ આપ્યા છે. તેમ છતાં આ મુદ્દે કોઈ કાર્યવાહી થઈ નથી.


તેઓએ વધુમાં જણાવ્યું હતું, હું વડોદરા કલેકટરને ચેલેન્જ કરું છું કે, અમે આપેલા પુરાવાને ખોટા સાબિત કરી બતાવે. વડોદરાની જનતાને પણ ખબર પડી ગઈ છે કે ભાજપને વોટ ચોરી કરીને સત્તામાં આવવું છે. બિહાર, મહારાષ્ટ્ર અને હરિયાણામાં વોટ ચોરી કરીને ભાજપ સત્તામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ પણ એ સાબિત કરેલું છે. આ બધા પુરાવા અમે શોધ્યા છે અને પોલીસ ફરિયાદ કરવા માટેના ફોર્મ પણ ભર્યા છે. તેમ છતાં કાર્યક્રમ કચેરી દ્વાર ખોટા વાંધા કરનાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વોર્ડ નંબર 4ના કોર્પોરેટર અજીત દધીચ, વોર્ડ નંબર 13ના કોર્પોરેટર જાગૃતિ કાકા અને કોર્પોરેટર જ્યોતિ પટેલ સહિતના નેતાઓ સહિતના અનેક નેતાઓના નામ છે જેઓએ ખોટા વાંધા લીધા છે. ભાજપના રાજમાં શંકરાચાર્ય ને એવું કહે છે કે તમે શંકરાચાર્ય છો, એ સાબિત કરો, મતદારને એવું કહે છે કે તમે મતદાર છો એવું સાબિત કરો,. આ લોકોને સત્તાનું જે અભિમાન ચડ્યું છે એને અમે ઉતારીશું.

# વડોદરામાં એમેઝોન કંપનીની ડિલિવરી કરતા ડિલિવરી બોયનું કારસ્તાન....

**વડોદરા, તા.08**

આઈફોન 17 પ્રો અને એપલ કંપનીના એરપોડ્સ ચોરી કરી લીધા હતાં. આ મામલે લક્ષ્મીપુરા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી ડિલિવરી બોયની ધરપકડ કરી છે અને તેની પાસેથી એક આઈફોન મોબાઈલ જપ્ત કર્યો છે. જ્યારે જ્યારે બીજો આઈફોન અને એપલ કંપનીના એરપોડ્સ તેના મિત્રને આપ્યા છે. લક્ષ્મીપુરા પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.



વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારની સહકાર સોસાયટીમાં રહેતા અશોક ગોરધનભાઈ પરમાર (ઉંમર 47)એ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેઓ લક્ષ્મીપુરા રોડ પર આવેલા નંદીશ પેલેશ ખાતે 'રોયલ ગ્રાફિક્સ ડિઝાઈન' નામની દુકાન ચલાવે છે. આ ઉપરાંત તેઓ એમેઝોન કંપનીના સંકલનમાં રહીને ડિલિવરી સ્ટોર પણ ચલાવે છે. તેમની ઓફિસમાંથી લક્ષ્મીપુરા, સુભાનપુરા તેમજ ન્યુઅલકાપુરી વિસ્તારમાં એમેઝોનના પાર્સલની ડિલિવરી કરવામાં આવે છે. તેમની સાથે મનોજભાઈ શાહ અને મનોજકુમાર સોલંકી નામના બે અન્ય વ્યક્તિઓ પણ આ કામમાં જોડાયેલા છે. ડિલિવરી બોય સવારે ઓફિસે આવીને ઓનલાઈન પાર્સલ લઈ જાય છે અને એમેઝોનની 'એમેઝોન ફ્લેક્સ' એપ્લિકેશન દ્વારા ડિલિવરી કરે છે.

તા. 02/02/2026ના રોજ એમેઝોન કંપનીના એસ.એલ.પી. રાહુલ જાપડા અને સી.ટી.એલ. કમલેશ મેઘા તેમની ઓફિસે આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ઓફિસમાં કામ કરતા મનોજ સોલંકીએ એમેઝોનના ત્રણ ઓર્ડરની ડિલિવરી કરી નથી. આ ઓર્ડરના પાર્સલ એમેઝોન અધિકારીઓની રૂબરૂમાં મોબાઈલ બોક્સ ખોલીને તપાસ કરતાં તેમાં ડમી (ડુપ્લિકેટ) મોબાઈલ મળી આવ્યા હતા. એમેઝોનના સોફ્ટવેર દ્વારા જનરેટ થયેલા બિલની તપાસમાં જાણવા મળ્યું હતું કે, 27,101 રૂપિયાની કિંમતના એરપોડ્સ, 1,14,322 રૂપિયા ની કિંમતનો આઈફોન 17 પ્રો અને 1,14,322 રૂપિયાની કિંમતનો આઈફોન 17 પ્રોના પાર્સલ મનોજકુમાર સોલંકી (રહે. એફ.સી.આઈ. ગોડાઉન પાછળ, ઝાલોર સીટી, રાજસ્થાન) દ્વારા ડિલિવરી માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તેનો સંપર્ક કરતાં તેનો મોબાઈલ સ્વિચ ઓફ આવતો હતો. આ ઘટનામાં મનોજકુમાર સોલંકીએ એમેઝોનના મૂળ પાર્સલને બદલે ડમી/નકલી વસ્તુઓ ડિલિવર કરીને છેતરપિંડી કરી હતી. લક્ષ્મીપુરા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે અને આરોપીની શોધખોળ હાથ ધરી હતી. આ દરમિયાન આરોપી મનોજ સોલંકીની લક્ષ્મીપુરા પોલીસને ધરપકડ કરી છે.

# આ 'ઓરી' કે 'છોરી' નહીં પણ રાજકોટનો 'મુર્ગો' છે: પોલીસથી બચવા સલવાર પહેર્યું

## ધડાધડ ફાયરિંગ કરનાર મૂર્ગા ગેંગના મુખ્ય સૂત્રધારનો કૂકડો બોલાવ્યો

**રાજકોટ, તા.08**

રાજકોટમાં ઓક્ટોબર 2025માં મંગળા મેઈન રોડ પર થયેલો ફાયરિંગ કેસના મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સંજલાને પોલીસે માલિયાણસ પાસેથી ઝડપી પાડ્યો છે. મહત્વની વાત એ છે કે, રાજકોટમાં માથાભારે શખસની છાપ ધરાવતા સમીર પોલીસથી બચવા મહિલાના કપડા અને બુરખોનો સહારો લેતો હતો. પોલીસે જ્યારે ઝડપ્યો ત્યારે પણ સલવાર પહેરેલું હતું. પોલીસે અત્યાર સુધીમાં પેંડા અને મૂર્ગા ગેંગના આરોપીઓ સામે ગુજસીટોકનો ગુનો નોંદી 36 આરોપીઓને ઝડપી પાડ્યા છે.



29 ઓક્ટોબર 2025ના રોજ શહેરના મંગળા રોડ પર જૂની અદાવતમાં પેંડા અને મુર્ગા ગેંગ દ્વારા સામસામે સરાજાહેર ફાયરિંગ કેસમાં ફાયરિંગ થયા હતા. જેમાં મુખ્ય સૂત્રધાર જંગલેશ્વરનો સંજય ઉર્ફે સંજલો ફરાર હતો. જે રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલિયાસણ પાસે ફરતો હોવાની માહિતી મળતા પોલીસે દબોચી લીધો હતો. પોલીસે જ્યારે સમીરને પકડ્યો ત્યારે મહિલાના પહેરવેશમાં હતો.

સમીર ઉર્ફે સંજલાને ઝડપીને પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. ફાયરિંગ કરી લોકોમાં ખોફ ઉભો કરનાર આરોપી પોલીસના હાથમાં આવતા લંગડાતા પગે મુર્ગો બની ગયો હતો અને જાહેરમાં બે હાથ જોડી જનતાની માફી માગી હતી.

રાજકોટમાં આતંક મચાવનાર પેંડા અને મુર્ગા ગેંગ સામે ગુજસીટોકનું હથિયાર ઉગામી પોલીસે અત્યાર સુધીમાં 36 આરોપીઓને ઝડપી પાડ્યા છે. મુર્ગા ગેંગનો મુખ્ય સૂત્રધાર પોલીસ પકડથી બહાર હતો તે પણ હવે આવી ચૂક્યો છે.

રાજકોટ ACP ક્રાઈમ ભરત બસિયાએ જણાવ્યું હતું કે, 29 ઓક્ટોબરના રોજ મંગળા રોડ પર પેંડા અને મુર્ગા ગેંગ વચ્ચે ફાયરિંગ થયું હતું. જેમાં પોલીસ ફરિયાદી બની હતી અને એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. જેની તપાસ SOG કરી રહી છે અત્યાર સુધીમાં આ ગુનામાં 36 આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી છે. જોકે મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સંજલો ફરાર હોવાથી તેને પકડી પાડવા માટે પોલીસ કમિશનર અને એડિશનલ પોલીસ કમિશનર તેમજ ક્રાઈમ બ્રાન્ચના DCPની સૂચના મુજબ SOG ટીમ તપાસ કરી રહી હતી. 90 દિવસ આરોપી ફરાર હતો તે દરમિયાન પોતાના રહેઠાણ બદલતો હતો અને ફોનનો નહીવત ઉપયોગ કરતો હતો. જોકે રાજકોટ SOG ને મળેલી બાતમીના આધારે સમીર ઉર્ફે સંજય જાવીદભાઈ જુણેજા (ઉ.વ.35, રહે.ગ્રીન પાર્ક શેરી નં.1, કોઠારીયા રોડ, રાજકોટ) અને તેને આશરો આપનાર દિલાવર મહમદભાઈ ખલીફા (ઉ.વ.40, રહે. જુની સબ જેલની પાસે, અમરેલી)ને પકડી પાડવામાં આવ્યો છે.

આ આરોપી વિરુદ્ધ રાજકોટમાં રાયોટીંગ, મારામારી, હત્યાની કોશિશ, આર્મ્સ એક્ટ અને ગુજસીટોક જેવા 9 ગુના નોંધાઈ ચૂક્યા છે. ત્રણ મહિનામાં આરોપીએ 23 રહેઠાણ બદલ્યા છે. જેમાં રાજકોટ, મોરબી, યુપી, બિહાર, અમદાવાદ, દમણ, ધોરાજી, મુંબઈ, સાસણ, ઉદયપુર, તામિલનાડુ અને કડીનો સમાવેશ થાય છે. આરોપી અગાઉ બે થી ત્રણ વખત રાજકોટ પણ આવી ચૂક્યો છે પરંતુ તે વખતે તે મહિલાના વેશમાં અને બુરુખો પહેરીને આવતો હતો.

# અમરેલી ભાજપના ઉપપ્રમુખ સામે છેતરપિંડીનો મામલો: સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપે કહ્યું, તેની સાથે અમારે કોઈ ધંધાકીય કે નાણાકીય વ્યવહાર નથી....

**વડોદરા, તા.08**

અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરેશ પાનસુરીયા સહિત તેમના પરિવારના 5 સભ્યો સામે વડોદરાના વેપારી દર્શિત શાહે હરણી પોલીસ સ્ટેશનમાં રૂ. 3 કરોડની રોકાણ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જેને લઈને આજે સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપે પ્રેસ કોન્ફરન્સ યોજીને એમને સુરેશ પાનસુરીયા સાથે કોઇ ધંધાકીય કનેકશન ન હોવાનું જણાવ્યું હતું.



સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપના એમડી શૈલેષ ગોલવિયાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, એસ.પી. ગ્રુપ અને અમારું સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપ બંને સંપૂર્ણપણે અલગ છે. એસ.પી. ગ્રુપનું નામ 'સિદ્ધેશ્વરાય ગ્રુપ' છે. અમારા લોગોનો ખોટી રીતે દુરુપયોગ કરવામાં આવ્યો છે. અમારે એસ.પી. ગ્રુપ સાથે કોઈપણ પ્રકારની લેવાદેવા નથી. અમારું નામ ખરાબ કરવાનો પ્રયાસ છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અમારે ત્યાં દર્શિતભાઈના બે ફ્લેટ બુક કરાવેલા છે, એટલે અમે તેમને ઓળખીએ છીએ. તેઓના પૈસા કઢાવવા માટે અમારા નામનો કરાયો ઉપયોગ કરવામાં આવ્યો છે. માત્ર 2010માં એક જ પ્રોજેક્ટમાં ભાગીદારી હતી. સુરેશ પાનસુરીયા અમારા પિતરાઈ ભાઈ છે, પરંતુ તેમની સાથે કોઈ ધંધાકીય કે નાણાકીય વ્યવહાર નથી. અમારા સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપના લોગોના ખોટા ઉપયોગ બદલ નોટિસ પણ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરના અમિત નગર સર્કલ પાસે આવેલ મંગલ પાર્ક સોસાયટીમાં રહેતા દર્શિતભાઈ કમલેશભાઈ શાહ (ઉંમર 42 વર્ષ)એ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ડિસેમ્બર 2023માં સુરેશભાઈએ હરણી સમા લિંક રોડ પર આવેલા 'શ્રી સિદ્ધેશ્વર પેરેડાઈઝ' અને 'શ્રી સિદ્ધેશ્વર પ્રાઈમ પ્લસ' પ્રોજેક્ટમાં રોકાણ કરવાની લાલચ આપી હતી. તેમણે 1.5 ટકા માસિક વળતરની શરૂઆતમાં અને પછી 2 ટકા વળતરની ખાતરી આપી હતી તેમજ પ્રોપર્ટીની સિક્યોરિટી આપવાનું કહ્યું હતું. આ વિશ્વાસ પર દર્શિતભાઈ અને તેમના પિતા કમલેશભાઈ શાહે કુલ 3 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

આ રકમના બદલામાં દર્શિતભાઈ અને તેમના પિતાના નામે કુલ 6 મિલ્કતો (ફ્લેટ અને દુકાનો)ના રજિસ્ટર્ડ બાનાખત કરાવ્યા હતા. શરૂઆતમાં ફેબ્રુઆરી 2024થી ડિસેમ્બર 2024 સુધી માસિક 1.5%થી 2% વળતર રોકડ/બેન્ક દ્વારા ચૂકવવામાં આવ્યું હતું. જાન્યુઆરી 2025થી વળતર બંધ થઈ ગયું. દર્શિતભાઈએ વારંવાર પૂછપરછ કરતાં રિયલ એસ્ટેટમાં તકલીફનું બહાનું કાઢ્યું હતું અને રૂપિયા પરત ચૂકવણીનો ભરોસો આપ્યો હતો. પરંતુ, કોઈ રકમ મળી નહીં. દર્શિતભાઈના પિતાને લીવર કેન્સરની બીમારી થતાં સારવાર માટે રકમની જરૂર પડી હતી તો પણ રૂપિયા પરત કર્યા ન હતા.

આ દરમિયાન આરોપીઓએ આપેલા ચેકો બેન્કમાં બાઉન્સ થયા હતા. સપ્ટેમ્બર, 2025માં ઓફિસમાં મળવા બોલાવી અસભ્ય વર્તન કરીને ધમકીઓ આપવામાં આવી કે, તમને અને તમારા પરિવારને જોઈ લઈશું, તમે પોલીસ ફરિયાદ કરી છે, હવે રૂપિયા મળવાના નથી. થાય એ કરી લો આ દરમિયાન પ્રોજેક્ટમાં બાંધકામ અધૂરું છે અને બાનાખતવાળી મિલ્કતો પર બેંક લોન લેવાઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આરોપીઓમાં સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા, મનિષભાઈ ભાદાભાઈ પાનસુરીયા, પ્રવીણભાઈ ભાદાભાઈ પાનસુરીયા, કિશોરભાઈ ભાદાભાઈ પાનસુરીયા અને રવિભાઈ સુરેશભાઈ પાનસુરીયા (પુત્ર)નો સમાવેશ થાય છે. હરણી પોલીસે આ ફરિયાદની તપાસ હાથ ધરી હતી.

# મિલેનિયલ્સ અને જેનઝીમાં કેન્સરનું પ્રમાણ સૌથી વધારે

## અવિચારી આદતો, ધુમ્રપાન, દારૂ, બેઠાડું જીવન અને અન્ય ખાનપાનની ખરાબ આદતોના કારણે આ પેઢીમાં જીવલેણ રોગ વધ્યા

નવી દિલ્હી, તા.૦૮

કેન્સરની વાત આવે ત્યારે વિશ્વમાં એક સામાન્ય લાગણી છે કે, મોટાભાગે મોટી ઉંમરના લોકોને કેન્સર વધારે થતું હોય છે. લોકો એવું માને છે કે, લાંબા સમય સુધી ખરાબ જીવનશૈલી, ખરાબ ડીએનએ અને હેરિડિટરી ખરાબ જીન્સ, ખરાબ આદતો, ધુમ્રપાન અને મદિરાપાનના કારણે કેન્સર થઈ રહ્યા છે. તાજેતરમાં વર્લ્ડ કેન્સર ડેના દિવસે જારી થયેલા અહેવાલો જણાવે છે કે, હવે કેન્સર માત્ર ઉંમર સાથે સંકળાયેલો રોગ નથી. કેન્સર રોગના નિષ્ણાતોએ અહેવાલ આપ્યો છે કે, ૨૦ વર્ષથી ૪૦ વર્ષ સુધીના લોકોમાં કેન્સરનું પ્રમાણ વધી ગયું છે. તેઓ જણાવે છે કે, જેન ઝી અને મિલેનિયલ્સ તરીકે આપણે જેમને ઓળખીયે છીએ તેમનામાં કેન્સરનો રોગ વકરી રહ્યો છે. જાણકારોના મતે કેન્સરની વકરી રહેલી સમસ્યાના જે આંકડા આવી રહ્યા છે તેમાં ઘણી ચિંતાજનક બાબતો છે. હાલમાં સ્થિતિ એવી છે કે, જેનઝી અને મિલેનિયલ્સમાં કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ બંને જનરેશનના લોકોમાં કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. તેમાં જણાવાયેલા આંકડા પણ ચિંતાજનક જ છે. સંશોધકો અને ડોક્ટરો જણાવે છે કે, ૧૯૯૦થી ૨૦૧૯ સુધીના સમયગાળામાં કેન્સરના કેસમાં ૭૯ ટકાનો જોખમી વધારો થયો છે. તેઓ જણાવે છે કે, આ જ સમયગાળામાં કેન્સરના કારણે થનારા મોતમાં પણ ૨૮ ટકા જેવો ચિંતાજનક વધારો નોંધાયો છે.

ધ લેન્સેટ ૨૦૨૪માં રજૂ થયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, અમેરિકામાં પણ યુવાનોમાં ૧૭ પ્રકારના કેન્સરના રોગો વધી રહ્યા છે. ખાસ કરીને ૧૯૯૦ બાદ જન્મેલા લોકોમાં આ કેન્સરનું પ્રમાણ વકરી રહ્યું છે. તેમાંય નાના આંતરડા અને પિત્તાશયના કેન્સરમાં સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. ખાનપાનની ખરાબ આદતો અને નશાખોરીનું અતિશય પ્રમાણ યુવા પેઢીને મોતના મુખમાં ધકેલી રહ્યું છે. સંશોધકો વધુમાં જણાવે છે કે, જે લોકો ૧૯૮૦ બાદ જન્મ્યા છે તેમનામાં ૧૯૫૦ બાદ જન્મેલા લોકોની સરખામણીએ રેક્ટલ કેન્સરનું પ્રમાણ પણ અત્યંત વધારે છે. આ ઉપરાંત અભ્યાસ એવું પણ જણાવે છે કે, ૨૦૩૦ સુધીમાં શરૂઆતના કેન્સરના કેસમાં ૩૧ ટકાનો ભયાનક વધારો જોવા મળશે.

મિલેનિયલ્સ અને જેન ઝીમાં કેન્સર થવાનું જોખમ વધારે છે. ખાસ કરીને જેમ જેમ તેમની ઉંમર વધી રહી છે તેમ તેમ અન્ય સેક્ટરના લોકોની સરખામણીએ આ વયજૂથમાં આવતા લોકોમાં કેન્સર થવાના લક્ષણો વધારે જોવા મળી રહ્યા છે. માત્ર વિદેશમાં જ નહીં ભારતમાં પણ આ વયજૂથમાં કેન્સરનું પ્રમાણ અત્યંત ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા નોંધવામાં આવ્યું છે કે, હાલમાં દર નવમાંથી એક વ્યક્તિને કેન્સરનું નિદાન થઈ રહ્યું છે. અન્ય એક જાણીતી હોસ્પિટલના અભ્યાસમાં સામે આવ્યું હતું કે, પશ્ચિમી દેશોની સરખામણીએ ભારતમાં નાની ઉંમરના લોકોમાં કેન્સર થવાનું પ્રમાણ વધારે છે.



આ અભ્યાસ સાથે સંકળાયેલા ડોક્ટર્સનું માનવું છે કે, કેન્સર થવા પાછળ ઘણા બધા કારણો જવાબદાર છે. ખાસ કરીને યુવાનોમાં વધી રહેલા કેન્સરના પ્રમાણ માટે પણ ઘણા રોજિંદા કારણો જવાબદાર છે. ખાસ કરીને મોઢાના કેન્સરની સારવાર કરતા ડોક્ટર્સ અને જાણકારોનો અહેવાલ છે કે યુવાનોમાં કેન્સરનું પ્રમાણ અત્યંત વધી રહ્યું છે. ડોક્ટર્સ પોતે જ પોતાની જાતને સવાલ કરવા લાગ્યા છે કે, યુવાનોમાં કેન્સરનું પ્રમાણ કયા કારણોસર વધી રહ્યું છે. વધારે ને વધારે પ્રમાણમાં યુવાનો ઓરલ કેન્સર અને અન્ય કેન્સરના કારણે પીડાઈ રહ્યા છે. જાણકારોના મતે તેમણે કેન્સરના દર્દીઓ સાથે કરેલી ચર્ચા જણાવે છે કે, યુવાનોમાં કેન્સરનું પ્રમાણ વધવાનું કોઈ એક કારણ નથી. ઘણા કારણો છે જે આ વયજૂથમાં જીવલેણ રોગ વધારી રહ્યા છે. તેમાંય મેદસ્વિતા, મેટાબોલિક સિન્ડ્રોમ અને પર્યાવરણની હાનીકારક સ્થિતિની પણ લોકોના શરીર ઉપર ઘાતક અસર પડી રહી છે. યુવાનોમાં કેન્સર થવાના મુખ્ય કારણોમાં સૌથી મોખરે આવે છે તેમનું ખાનપાન. સંશોધકોએ જણાવ્યું કે, જેનઝી અને મિલેનિયલ્સ દ્વારા સૌથી વધારે પ્રમાણમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ ખાવામાં આવે છે જે વ્યક્તિના બીએમઆઈને બગાડી કાઢે છે. તે ઉપરાંત તેનામાં કેન્સર થવાની શક્યતાઓને અત્યંત વધારી દે છે. જાણકારો માને છે કે, ઘણા કિસ્સામાં ઓબેસિટીના કારણે પણ કેન્સર થવાની શક્યતાઓ વધી ગઈ હોય છે. એક અભ્યાસ જણાવે છે કે, ૨૫થી ૨૯ વર્ષના વયજૂથમાં ૨૧ પ્રકારના કેન્સરમાં વધારો થયેલો નોંધાયો હતો. તેમનામાં કોલોન કેન્સર, રેક્ટલ કેન્સર, પેન્ક્રિયાટિક કેન્સર અને કિડનીના કેન્સરમાં પણ વધારો જોવા મળ્યો હતો. આ તમામ લોકોના શરીરનું વજન અતિશય વધારે હોવાથી અને તેઓ અતિશય પ્રમાણમાં પ્રોસેસ્ડ ફૂડ ખાતા હોવાથી આમ થયું હતું. સંશોધકોએ જણાવ્યું કે, જે લોકોનું બાળપણથી કિશોરવસ્થા દરમિયાન વજન અતિશય વધારે હોય છે તેવા કિસ્સામાં તેમનો બીએમઆઈ અસંતુલિત હોય છે. આવા કિસ્સામાં કોલોરેક્ટર કેન્સર થવાની શક્યતાઓ પુરુષોમાં ૩૯ ટકા અને મહિલાઓમાં ૧૯ ટકા વધી જાય છે.જેનઝી અને મિલેનિયલ્સમાં કેન્સર થવાનું બીજું સૌથી મોટું કારણ અપૂરતી ઉંઘ અને સ્ટ્રેસમાં થયેલો અતિશય વધારો છે. સંશોધકો માને છે કે, આ બંને જનરેશન તેમની પહેલાની જનરેશન કરતા અપૂરતી ઉંઘ લે છે. જાણકારો માને છે કે, ડિજિટલ ગેજેટ્સ અને સ્માર્ટ ફોનના અતિશય વળગણ અને રાત્રે મોડે સુધી તેના ઉપયોગના કારણે જેનઝી અને મિલેનિયલ્સ તેમની પહેલાની જનરેશન અને ખાસ કરીને બેબી બુમર્સ કરતા ૪૫ મિનિટ જેટલી સરેરાશ ઓછી ઉંઘ લે છે. મોબાઈલ, લેપટોપ અને ટીવી તથા ટેબલેટ્સમાં રહેલી આર્ટિફિશિયલ લાઈટ્સ મેલાટોનનિનના સ્ત્રાવને રોકે છે જે સેલ સાઈકલને યથાવત રાખતો એક મહત્ત્વનો એન્ટિઓક્સિડન્ટ હોર્મોન છે. સંશોધકો માને છે કે, તેના કારણે બ્રેસ્ટ કેન્સર, કોલોરેક્ટર કેન્સર, લંગ્સ કેન્સર, લિવર કેન્સર અને પેન્ક્રિયાટિક કેન્સરના કેસમાં સૌથી મોટો વધારો નોંધાયો છે.

સંશોધકો માને છે કે, વિવિધ શિફ્ટમાં કામ કરતા અને આખી રાત કામ કરતા લોકોમાં પણ ઉંઘનું પ્રમાણ ઓછું અને સ્ટ્રેસનું પ્રમાણ વધારે હતું જેથી યુવાનોમાં કેન્સરનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.

ચિંતાજનક બાબત એ છે કે, માત્ર ખાનપાન, વ્યસનો કે પછી સ્ટ્રેસ અને અપૂરતી ઉંઘ જ નહીં પણ અયોગ્ય દવાઓનું સેવન અને ખાસ કરીને ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓ દ્વારા લેવાતી વિવિધ દવાઓના અતિશય સેવનથી મહિલાઓમાં કેન્સર થવાનું પ્રમાણ વધ્યું છે. તેના કારણે આ મહિલાઓના બાળકોમાં પણ કેન્સરના લક્ષણો જોવા મળ્યા છે. સંશોધકો જણાવે છે કે, જે મહિલાઓ દ્વારા ગર્ભાવસ્થા દરમિયાન બેન્ડેક્ટિન અને એન્ટિ નોશિયા ડ્રગનું વધારે સેવન કરવામાં આવ્યું હોય છે તેમના બાળકોમાં મોટી વયે કોલોન કેન્સર થવાની શક્યતાઓ ૩.૬ ગણી વધી જાય છે. તેવી જ રીતે મિસકેરેજ અટકાવવા જેમણે હાઈડ્રોક્સીપ્રોગેસ્ટેરોન તથા કેપ્રોએટ જેવી દવાઓનું વધારે સેવન કર્યું હોય તેમના સંતાનોમાં ૫૦ વર્ષ પહેલાં જ જીવલેણ કેન્સર થવાની શક્યતાઓ ૬૫ ટકા જેટલી વધી જાય છે.

નવી પેઢીને કેન્સર થવામાં નવું અને આધુનિક કારણ પ્લાસ્ટિક પણ છે. આ એક ફોરએવર કેમિકલ ગણાય છે જે આજે માણસના રોજિંદા વપરાશમાં આવી ગયું છે. છેલ્લાં કેટલાક દાયકામાં આપણે જે હવામાં શ્વાસ લઈએ છીએ, જે પાણી પીએ છીએ, જે ભોજન કરીએ છીએ કે જે વસ્તુનો ઉપયોગ કરીએ છીએ તે તમામમાં માઈક્રોપ્લાસ્ટિકની હાજરી નોંધાઈ છે. ન્યૂઝેલેન્ડની ઓટાઓ યુનિવર્સિટીના સંસોધકો જણાવે છે કે શરીરમાં રહેલા માઈક્રોપ્લાસ્ટિકને પગલે લોકોમાં કેન્સર થવાની શક્યતાઓ વધી ગઈ છે. વૈશ્વિક સ્તરે ૧૯૯૦માં ૧૨૦ મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થતું હતું જે ૨૦૨૩માં ૪૬૦ મિલિયન મેટ્રિકટન પહોંચ્યું છે. તેના કારણે માઈક્રોપ્લાસ્ટિકનું પ્રમાણ પણ તમામ સ્તરે વધી ગયું છે જે જીવલેણ બની રહ્યું છે.

મિલેનિયલ્સ અને જેન ઝીમાં ઉંઘનું અપૂરતું પ્રમાણ તો છે જ પણ સાથે સાથે તેમનામાં સ્ટ્રેસનું સ્તર પણ અત્યંત વધારે છે. જાણકારોના મતે આ જનરેશનમાં સ્ટ્રેસ એટલો બધો વધી ગયો છે કે, તેમનું કાર્ટિસોલ લેવલ અત્યંત વધારે છે જેના કારણે શરીરમાં ઈન્સ્યુલિનનું સંતુલન ખોરવાઈ ગયું છે, તેમને હાઈ બ્લડ પ્રેશરની બિમારી થઈ રહી છે અને તેમની રોગપ્રતિકારક શક્તિ પણ નબળી પડી રહી છે.

સંશોધકો માને છે કે, સ્ટ્રેસ લેવલ વધવાના કારણે શરીરમાં ઈન્ફ્લેમેશન વધે છે અને તેના કારણે શરીર નબળા કોષોને દૂર કરીને નવા કોષ બનાવી શકતું નથી. તેના કારણે શરીરમાં દબાઈને રહેલા કેન્સરના કણો કે તેના કોષ સક્રિય થઈ જાય છે. જે લોકોમાં સ્ટ્રેસનું પ્રમાણ વધારે છે તેમનું કેન્સરના કારણે મૃત્યુ થવાની શક્યતાઓ પણ અનેકગણી વધી જાય છે. સંશોધકો સ્પષ્ટ માને છે કે, આ પેઢીમાં તમાકુ, ગુટકા અને અન્ય પાનમસાલાના સેવનની સાથે સાથે મદિરાપાનનું પ્રમાણ પણ અત્યંત વધારે છે. આલ્કોહોલનું અત્યંત વધારે સેવન પણ શરીરને નુકસાન કરે છે અને ડીએનએને પણ હાનિ પહોંચાડે છે. સંશોધકો જણાવે છે કે, મિલેનિયલ્સ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં દારૂનું સેવન કરવામાં આવે છે. મહિલાઓમાં પણ આ પ્રમાણ અત્યંત વધી ગયું છે. તેના કારણે ઓરલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સરમાં વધારો નોંધાયો છે. તેમાંય દરેક તહેવારોમાં કોઈને કોઈ બહાને દારૂનું સેવન કરવાનું પ્રમાણ વધ્યું છે જે ઓરલ કેન્સર તરફ લઈ જાય છે અને મોત નોંતરે છે. જાણકારોના મતે ઘણા બિયર અને દારૂમાં ફોરેવર કેમિકલ્સનું પ્રમાણ ભયજનક સ્તરે વધારે હોય છે જે આ પેઢીમાં ટેસ્ટિકલ કેન્સર અને કિડની કેન્સરની શક્યતાઓને અત્યંત વધારી દે છે.

# T20 વર્લ્ડ કપમાં મોટી દુર્ઘટના ટળી, એકબીજા સાથે ટકરાયા ખેલાડી

**નવી દિલ્હી, તા.08**

ટી20 વર્લ્ડ કપ 2026 શરૂ થયાને બે દિવસ જ થયા છે, દરેક ટીમોનો જોશ હાઈ છે ત્યારે ટુર્નામેન્ટના પહેલા જ દિવસે બે મોટા ઉલટફેર થતાં થતાં રહી ગયા. જ્યારે બીજા દિવસે એક ખતરનાક દુર્ઘટના ટળી ગઈ, ટી20 વર્લ્ડ કપની ચોથી મેચમાં ન્યૂઝીલેન્ડ અને અફઘાનિસ્તાન સામ સામે હતા. આ મેચમાં ન્યૂઝીલેન્ડની ટીમ પહેલા બોલિંગ કરી રહી હતી, ઈનિંગની ત્રીજી ઓવરમાં જ બે ખેલાડી સામ સામે ટકરાઇ ગયા, ટક્કર એટલી જોરદાર હતી કે થોડી ક્ષણ માટે ચાહકોમાં સન્નાટો વ્યાપી ગયો.



રવિવારે 8 ફેબ્રુઆરીના રોજ ચેન્નાઈના એએમ ચિદંબરમ સ્ટેડિયમમાં ટી20 વર્લ્ડ કપની ચોથી મેચ રમાઈ રહી હતી. જેમાં અફઘાનિસ્તાનની ટીમ પહેલા બેટિંગ કરી રહી હતી. રહમાનુંલ્લાહ ગુરબાઝ અને સદિલકુલ્લાહ અટલ ઓપનિંગ કરી રહ્યા હતા. બંને મોટા શૉટ મારવાની ફિરાકમાં પણ કનેક્શન બની રહ્યું ન હતું. તેવામાં ત્રીજી ઓવર આવી, ફાસ્ટ બોલર મેટ હેનરી બોલિંગ કરી રહ્યો હતો. ગુરબાઝ સ્ટ્રાઈક પર હતો

આ જ ઓવરની પાંચમી બોલ, જેના પર હેનરીએ બાઉન્સર નાખવાની કોશિશ કરી, ગુરબાઝે પુલ શૉટ લગાવ્યો પણ સફળ ન થયો, બેટના કિનારે અડકીને બોલ વિકેટની પાછળ હવામાં ઉછળ્યો, જેને પકડવા માટે ન્યૂઝીલેન્ડ ટીમના ત્રણ ખેલાડીઓ દોડ્યા, જેમાં વિકેટ કીપર સાઈફર્ટ પણ સામેલ હતો. જેવા કેચ લપકવાનો પ્રયાસ કર્યો ત્યારે સાઈફર્ટ અને ફીન એલન વચ્ચે જોરદાર ટક્કર થઈ ગઈ, બંને મેદાન પર ઢળી પડ્યા. આગળની કેટલી સેકન્ડ બંને એકબીજાને જોઈ રહ્યા.

જો કે, રાહતની વાત એ છે કે ટક્કર ભયંકર હોવા છતાં બંને ખેલાડીઓમાંથી કોઈને પણ નુકસાન પહોંચ્યું નથી. થોડી ઘડી માટે સ્ટેડિયમમાં બેઠેલા ચાહકો પણ ટેન્શનમાં આવી ગયા હતા. પરંતુ બંને ખેલાડીઓ ઉભા થઈ ફિલ્ડિંગ માટે પરત આવી જતાં લોકો અને ટીમે રાહતનો શ્વાસ લીધો હતો. ઈજા તો ન થઈ પણ કેચ છૂટી જતાં ન્યૂઝીલેન્ડની ટીમને નુકસાન જરૂર થઈ ગયું. ગુરબાઝને જીવતદાન મળી ગયું. તે વખતે તેના માત્ર 7 રન જ હતા. જેનો ફાયદો ગુરબાઝે ભરપૂર ઉઠાવ્યો. અને બીજા 20 રન જોડી 27 રન પર આઉટ થયો.

# શું ગંભીરે કોહલીને ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવા મજબૂર કર્યો? BCCI સેક્રેટરીનો મોટો ખુલાસો

**નવી દિલ્હી, તા.08**

રોહિત શર્મા અને વિરાટ કોહલી ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૌથી મોટા ખેલાડીઓમાંથી એક છે. જ્યારે ગૌતમ ગંભીર હેડ કોચ બન્યા બાદ એવી અફવાહ ઉડી રહી છે કે, રોહિત-વિરાટને ટીમ ઈન્ડિયાથી બહાર કરવા જોઈએ. જ્યારે કેટલાક લોકોનું તો કહેવું છે કે, ગંભીરે જ વિરાટ કોહલીને ટેસ્ટમાંથી નિવૃતિ લેવા માટે મજબૂર કર્યો. આ મામલે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ મોટો ખુલાસો કર્યો છે. BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ સ્પષ્ટ જણાવ્યું કે, ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી વચ્ચે બધુ બરાબર છે. તેમણે કહ્યું કે, 'મે ક્યારે તેઓને લડતાં જોયા નથી. તેમના વચ્ચે સારા સંબંધ છે. લોકોને તેવુ લાગતું હશે પરંતુ વિરાટ હંમેશાથી ટીમ સાથે છે. ગંભીર પણ અહીં જ છે. તમે ક્યારેય જોયું છે કે, વિરાટ કોહલી ટીમનો ભાગ નથી?'



વિરાટના ટેસ્ટમાંથી નિવૃત્તિના સવાલ પર સૈકિયાએ કહ્યું કે, 'કોઈપણ કોહલીના લેવલના ખેલાડીની આ પ્રકારનો નિર્ણય લેવા માટે મજબૂર નહીં કરી શકતું. તે સાધારણ ખેલાડી નથી. તે ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી છે. બોર્ડ કોઈ પ્લેયરના કરિયરમાં દખલગીરી નથી કરતું.'

રોહિત શર્મા અને વિરાટ કોહલીના ટેસ્ટ નિવૃત્તિ પછી તેમના ODI ભવિષ્ય અંગે પ્રશ્નો ઉભા થયા હતા. એવા અહેવાલો સામે આવ્યા હતા કે, હેડ કોચ ગૌતમ ગંભીર તેમને ODI ટીમમાં જોવા માંગતા ન હતા. BCCI સેક્રેટરીએ સ્પષ્ટતા કરી હતી કે, ગંભીરે મિટિંગમાં ક્યારેય કંઈપણ ઉલ્લેખ કર્યો નથી અને આ અફવાઓ સંપૂર્ણપણે ખોટી છે. સૈકિયાએ કહ્યું, 'ઘણા લોકો ખોટી વાતો લખે છે. અમે આ બાબતો પર ટિપ્પણી નહીં કરીએ. અમને આવું કંઈ દેખાતું નથી. મિટિંગમાં ક્યારેય આવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો નથી.'

# મેચ બહિષ્કારના વિવાદ વચ્ચે BCB અધ્યક્ષ પાકિસ્તાન દોડ્યા, ICC સાથે સિક્રેટ મીટિંગના અહેવાલ....

**નવી દિલ્હી, તા.08**

ટી20 વર્લ્ડ કપ 2026માં પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચના બહિષ્કારના ડ્રામા વચ્ચે ક્રિકેટ જગતમાં મોટી હલચલ મચી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ના ચીફ મોહસિન નકવીની જીદને શાંત પાડવા માટે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ તાબડતોબ લાહોર પહોંચ્યા છે.



પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચ ન રમવાના સંભવિત નિર્ણયને પગલે ક્રિકેટ જગતના સમીકરણો બગડી રહ્યા છે. આ સ્થિતિમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષની લાહોર યાત્રા અત્યંત મહત્ત્વની માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમીનુલ ઈસ્લામ અને મોહસિન નકવી વચ્ચેની આ મુલાકાત પાકિસ્તાનના વલણને નરમ પાડવા અને એશિયન ક્રિકેટના હિતોને જાળવી રાખવા માટે થઈ રહી છે.

સમગ્ર વિવાદને વણસતો જોઈને ICCએ આજે રાત્રે એક ઈમરજન્સી બેઠકનું આયોજન કર્યું છે. આ બેઠકમાં ICCના CEO સંજોગ ગુપ્તા, PCB ચીફ મોહસિન નકવી અને BCB અધ્યક્ષ સામેલ થશે. ICCનો હેતુ કોઈપણ રીતે પાકિસ્તાનને મેદાન પર ઉતારવાનો છે, કારણ કે ભારત-પાકિસ્તાન મુકાબલો આ ટુર્નામેન્ટનો સૌથી મોટો આકર્ષણનો સ્ત્રોત છે. જો પાકિસ્તાન પોતાની જીદ નહીં છોડે, તો તેની સામે કડક આર્થિક દંડ અથવા પ્રતિબંધો પણ મુકાઈ શકે છે.

ક્રિકેટના દિગ્ગજોનું માનવું છે કે પાકિસ્તાનની આ ડ્રામેબાજી લાંબી નહીં ચાલે. ભારત સામેની મેચમાં ન રમવાથી પાકિસ્તાનને આર્થિક રીતે મોટું નુકસાન થઈ શકે છે. પૂર્વ ખેલાડીઓએ પણ નકવીને ચેતવણી આપી છે કે આ પ્રકારની જીદ પાકિસ્તાની ક્રિકેટની એક આખી પેઢીને બરબાદ કરી શકે છે. હવે જોવાનું એ રહેશે કે આજની રાતની ICCની બેઠક બાદ પાકિસ્તાન નરમ પડે છે કે પછી વિવાદ વધુ વણસે છે.

# રસાકસી ભર્યા મુકાબલામાં ઈંગ્લેન્ડે નેપાળને 4 રનથી હરાવ્યું, ઉલટફેર થતા થતા રહી ગયો

**નવી દિલ્હી, તા.08**

ટી20 વર્લ્ડ કપ 2026નો 5મો મુકાબલો આજે(8 ફેબ્રુઆરી) ઈંગ્લેન્ડ અને નેપાળ વચ્ચે રમાયો હતો. જેમાં ઈંગ્લેન્ડની ટીમે માત્ર 4 રને જીત હાંસલ કરી. આ મેચનું પરિણામ અંતિમ બોલ પર આવ્યું. આ મેચ મુંબઈના વાનખેડે મેદાન પર રમાઈ. ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઈંગ્લેન્ડે 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 184 રન બનાવ્યા હતા. પરંતુ નેપાળે છેલ્લા બોલ સુધી લડાઈ લડી અને માત્ર 4 રનથી હાર્યું. નેપાળે 20 ઓવરમાં 6 વિકેટના નુકસાન પર 180 રન બનાવ્યા હતા.




છેલ્લી 2 ઓવરમાં નેપાળને જીત માટે 24 રનની જરૂર હતી. 19મી ઓવરમાં વુડના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો અને પછી સતત 2 વાઈડ ગઈ. બીજા બોલ પર કોઈ રન ન આવ્યો. પરંતુ ત્રીજા બોલ પર લોકેશે ફરી ચોગ્ગો ફટકાર્યો. ત્યારબાદ ફરી એક વાઈડ આવ્યો. ચોથા બોલ પર 2 રન આવ્યા. 5માં બોલ પર એક રન આવ્યો. પછી 19મી ઓવરના છેલ્લા બોલ પર ગુલશન ઝા બોલ્ડ થઈ ગયો. એટલે છેલ્લા 6 બોલ પર જીત માટે નેપાળને 10 રનની જરૂર હતી.

20મી ઓવરના પહેલા બોલ પર કોઈ રન ન મળ્યો. બીજા બોલ પર એક રન આવ્યો. ત્રીજા બોલ પર પણ એક રન આવ્યો. ચોથા બોલ પર લોકેશે 2 રન લીધા. ત્યારે બે બોલમાં 6 રનની જરૂર હતી. 5માં બોલ પર લોકેશ રન ન બનાવી શક્યો. છેલ્લા બોલ પર 6 રનની જરૂર હતી. પરંતુ લોકેશ માત્ર એક જ રન બનાવી શક્યો. આમ, ઈંગ્લેન્ડે આ મેચ 4 રનથી જીતી લીધી.


ઈંગ્લેન્ડ (પ્લેઈંગ 11): ફિલ સાલ્ટ, જોસ બટલર, જૈકબ બેથેલ, ટોમ બેન્ટન, હૈરી બ્રૂક, સેમ કરેન, વિલ જૈક્સ, લિયામ ડોસન, જોફ્રા આર્ચર, આદિલ રાશિદ, લ્યૂક વુડ.

નેપાળ (પ્લેઈંગ 11): કુશલ ભુર્ટેલ, આસિફ શેખ, રોહિત પૌડેલ, દીપેન્દ્ર સિંહ એરી, આરિફ શેખ, લોકેશ બામ, ગુલસન ઝા, કરણ કેસી, નંદન યાદવ, સંદીપ લામિછાને, શેર મલ્લા.

# ફિલ્મ બેટલ ઓફ ગલવાનની રિલીઝ ડેટ ટળી શકે છે: રિપોર્ટમાં દાવો- કેટલાક મહત્વના સીનના રી-શૂટમાં વધુ સમય લાગી રહ્યો છે

**મુંબઈ, તા.08**

એક્ટર સલમાન ખાનની મોસ્ટ-અવેટેડ વોર ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન'ની રિલીઝ ડેટ ટળી શકે છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મના રી-શૂટ અને કેટલીક જરૂરી પ્રક્રિયાઓને કારણે તેની ટાઈમલાઈન આગળ વધી ગઈ છે.




જોકે, ફિલ્મની ટીમે હજુ સુધી આ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરી નથી. જણાવી દઈએ કે ફિલ્મની રિલીઝ ડેટ 17 એપ્રિલ નક્કી કરવામાં આવી હતી.

બોલિવૂડ હંગામાના રિપોર્ટ અનુસાર, ફિલ્મના કેટલાક મહત્વના સીનનું રી-શૂટ ચાલી રહ્યું છે, જેમાં ટીમને અપેક્ષા કરતાં વધુ સમય લાગી રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે સલમાન ખાન અને ડિરેક્ટર અપૂર્વ લાખિયા વાર્તાના ભાવનાત્મક અને નાટકીય પ્રભાવને વધુ મજબૂત બનાવવા માંગે છે, આ જ કારણ છે કે પ્રોડક્શનમાં વિલંબ થઈ રહ્યો છે.

રિપોર્ટ અનુસાર, 9 ફેબ્રુઆરીથી મુંબઈની ગોલ્ડન ટોબેકો ફેક્ટરીમાં ફિલ્મનું નવું શૂટિંગ શેડ્યૂલ શરૂ થવાનું છે. આ પછી થોડા જ દિવસોનું શૂટિંગ બાકી રહેવાની આશા છે. સૂત્ર અનુસાર, ફિલ્મનું સંપૂર્ણ શૂટિંગ ફેબ્રુઆરીના અંત સુધીમાં પૂરું થઈ જશે. આ પછી અપૂર્વ લાખિયા રી-શૂટ કરાયેલા સીનની એડિટિંગ શરૂ કરશે.

પ્રોડક્શન અને એડિટિંગની સાથે-સાથે ફિલ્મની રિલીઝ રક્ષા મંત્રાલયની ફરજિયાત સ્ક્રીનિંગ પર પણ નિર્ભર રહેશે. આ પ્રક્રિયાને કારણે રિલીઝમાં વધુ વિલંબ થઈ શકે છે. આ સ્ક્રીનિંગ એટલા માટે જરૂરી છે જેથી વાસ્તવિક ઘટનાઓ અને રાષ્ટ્રીય હિતોને યોગ્ય અને સંવેદનશીલ રીતે દર્શાવી શકાય, ખાસ કરીને જ્યારે ફિલ્મનો વિષય સેના સાથે સંબંધિત હોય.

વર્તમાન પરિસ્થિતિને જોતા, અગાઉ નક્કી કરાયેલી એપ્રિલ રિલીઝ હવે શક્ય લાગતી નથી. રિપોર્ટ અનુસાર, સલમાનનું માનવું છે કે દેશભક્તિ સાથે જોડાયેલી આ ફિલ્મને ખૂબ જ વિચારપૂર્વક રજૂ કરવી જોઈએ અને તેથી ટીમે કોઈપણ પ્રકારની ઉતાવળથી બચવું જોઈએ.

સૂત્ર અનુસાર, સલમાન ખાન અને અપૂર્વ લાખિયા રિલીઝ ટાળવાના વિકલ્પ પર ગંભીરતાથી ચર્ચા કરી રહ્યા છે, જોકે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. ટીમ અલગ-અલગ તારીખો પર વિચાર કરી રહી છે.

# અક્ષય કુમારની હોરર કોમેડી ફિલ્મ 'ભૂત બંગલા'ની રિલીઝ ડેટ બદલાઈ, એક્ટરે શેર કર્યું ટીઝર....

**મુંબઈ, તા.08**

અક્ષય કુમારની હોરર કોમેડી ફિલ્મ 'ભૂત બંગલા'ની નવી રિલીઝ ડેટ સામે આવી છે. ગત જાન્યુઆરી મહિનામાં ફિલ્મ મેકર બાલાજી મોશન પિક્ચર્સે એલાન કર્યું હતું કે, આ ફિલ્મ મે, 2026માં સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે. જોકે, હવે ફિલ્મ રિલીઝની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. આ સાથે અક્ષય કુમારે ફિલ્મનું ટીઝર પણ શેર કર્યું છે.



અક્ષય કુમારની આગામી ફિલ્મ 'ભૂત બંગલા'ને લઈને ફિલ્મ મેકર્સ દ્વારા શનિવારે (7 ફેબ્રુઆરી) ફિલ્મની રિલીઝ ડેટ બદલી હોવા અંગે જાણકારી આપી હતી. જેમાં જણાવ્યું હતું કે, આ ફિલ્મ આગામી 10 એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ કરાશે. આ ફિલ્મનું ડાયરેક્શન પ્રિયદર્શને કર્યું છે. અક્ષય કુમારે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર ફિલ્મનું ટીઝર શેર કર્યુ છે. જેમાં એક બ્લેક કેટ જોવા મળે છે. આ પોસ્ટમાં અક્ષય ફિલ્મની નવી રિલીઝ ડેટને લઈને માહિતીગાર કરે છે.


આ દરમિયાન પ્રોડ્યુસર એકતા કપૂરે પણ ભૂત બંગલાની રિલીઝને લઈને સોશિયલ મીડિયામાં એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેમણે લખ્યું છે કે, 'નાગિન પછી 'ભૂત બંગલા' ટૂંક સમયમાં તેના દરવાજા ખોલશે! જેની 15 વર્ષથી રાહ જોવાઈ રહી હતી, હવે તેનો અંત આવશે.'

# હેરા ફેરી 3ના હક્ક ફિરોઝ નડિયાદવાળા પાસે ન હોવાના સાઉથના નિર્માતાનો દાવો

**મુંબઇ, તા.08**

અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવળની હેરાફેરી ૩ પર મુસીબત આવી છે. સાઉથના એક નિર્માતાએ આ ફિલ્મના હક્ક ફિરોજ નડિયાદવાળા પાસે નહીં પરંતુ પોતાની પાસે હોવાનો દાવો કરીને મદ્રાસ હાઈકોર્ટમાં અપીલ કરી છે. તેણે પોતાની યાચિકામાં જણાવ્યું છે કે, ફિરોઝ નડિયાદવાળા પાસે મલયાલમ ઓરિજિનલ રામજી રાવ સ્પિકિંગ (૧૯૮૯)ના હિંદી રીમેક બનાવવાના હક્ક હતા. જેના હેઠળ તેણે હેરા ફેરી બનાવી હતી. આ પછી હેરાફેરીની સીકવલ નડિયાદવાળાએ ૨૦૦૬માં બનાવી હતી. હવે ત્રીજા રાઈટસ નડિયાદવાળાએ અક્ષય કુમારના પ્રોડકશનને વેંચી દીધા છે. નડિયાદવાળા પાસે ફક્ત એક હિંદી વર્ઝન બનાવવાનો હક્ક હતો જેના બદલે તેણે ભાગ ટુ કર્યો અને હવે ભાગ ૩ની તૈયારી કરી રહ્યો છે. જેનો તેને કોઈ અધિકાર નથી.






તેણે હેરાફેરીના બીજા ભાગ માટે કોઈ ફરિયાદ ન કર્યાની સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, તેને બીજો ભાગ નીરજ વોરાના ડાયરેકશનમાં બન્યો તેની ખબર બહુ મોડી પડી હતી. પછીથી તેને જાણ થઇ હતી કે ફિરોઝ નડિયાદવાળાએ તેની સાથે દગો કર્યો છે. આ વખતે તેને જાણ થઈ કે, ફિરોજ નડિયાદવાળાએ હેરાફેરી ૩ના રાઈટસ અક્ષય કુમારના પ્રોડકશન હાઉસને વેંચી દીધા હોવાથી તેણે કોર્ટમાં અપીલ કરી છે. સાઉથના નિર્માતાના આ દાવા પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, હેરાફેરી ૩ પર વિવાદ ઊભો થયો છે અને તે પાર પડે છે કે નહીં તે સમય જ દાખવશે.

# જે.ડી. મજેઠિયાની ચુંબકમાં મજબુત કાસ્ટનો કોમેડી ડ્રામા

## ઓલ્ડ મુંબઈ આધારિત કોમેડી-ડ્રામા સીરિઝમાં નીના ગુપ્તા, સુમિત વ્યાસ અને દેવેન ભોજાણી મુખ્ય ભૂમિકામાં

**મુંબઇ, તા.08**

જે.ડી. મજેઠીયા ટીવીની દુનિયાનું જાણીતું નામ છે, ખીચડી, બા બહુ ઔર બેબી, પુષ્પા, વાગલે કી દુનિયા કે પછી ભાખરવડી જેવી ખુબ લોકપ્રિય ટીવી સિરીયલના જાણીતા લેખક અને ડિરેક્ટરની જોડી અતિશ કાપડિયા અને જે. ડી.મજેઠીયા ફરી એક વખત ઓટીટી પર એક કોમેડી ડ્રામા સિરીઝ લઈને આવી રહ્યા છે.




નેટફ્લિક્સે તેનો 2026નો પટારો ખોલ્યો, તેમાં આ સિરીઝનો પણ સમાવેશ થાય છે. ચુંબકનું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે. જેમાં પાડોશી જીવન અને રોજિંદી જિંદગીમાં મળતી નાજુક પરંતુ મજબુત સંબંધોની ઝલક જોવા મળે છે. ટીઝર એક એવી દુનિયાનો પરિચય કરાવે છે, જે સાથે ભોજન, હાસ્ય, વાદ- વિવાદ, આંસુઓ અને લાંબા સમય સુધી ટકતી સાથસંગાથથી જીવંત બનેલી છે.

મુંબઈના જૂના રો-હાઉસ વિસ્તારમાં સ્થિત ચુંબક એવી જગ્યા શોધે છે, જ્યાં પડોશીઓ માત્ર ઔપચારિક ઓળખાણ પૂરતા સીમિત નથી રહેતા. સીરિઝ પાંચ પરિવારોની કહાની કહે છે, જેમનું જીવન એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલું છે અને સમય જતાં તેઓ એક પરિવાર બની જાય છે. એક યુવા લેખક અને એક વિચિત્ર ફેમિલી સપોર્ટ ગ્રુપની આસપાસ ફરતી આ કહાની હાસ્ય, નાજુક લાગણીઓ અને સામૂહિક સહનશક્તિની પળોને દર્શાવે છે, જ્યાં પાત્રો રોજિંદા જીવનના પડકારોનો સામનો સાથે મળીને કરે છે.

નિર્માતાઓના મતે, "અમે આખરે ચુંબકને દુનિયા સામે રજૂ કરતા ખૂબ ઉત્સાહિત છીએ. આ સફર સંપૂર્ણપણે સહયોગથી ભરેલી રહી છે અને દરરોજ સાથે કામ કરવાની પ્રક્રિયામાં જે એકબીજા સાથે મજા કરી છે, તે સેટ પર સ્પષ્ટ દેખાતી હતી. એ જ ભાવના સુંદર રીતે સ્ક્રીન પર ઉતરી આવી છે અને અમે આતુર છીએ કે દર્શકો આ વર્ષે નેટફ્લિક્સ પર ચુંબકનો અનુભવ કરે."

સીરિઝનું લેખન અને દિગ્દર્શન આતિશ કાપડિયાએ કર્યું છે, જ્યારે જમનદાસ મજેઠિયા પ્રોડ્યુસર તરીકે જોડાયેલા છે. ચુંબકમાં વિશાળ કાસ્ટ છે, જેમાં મુખ્ય ભૂમિકામાં નીના ગુપ્તા સાથે દેવેન ભોજાણી, અમાયરા દસ્તૂર, અનંત જોશી, સુમિત વ્યાસ, માનસી પારેખ, અર્જુન બિજલાણી, હેલી શાહ, સુમિત રાઘવન અને સંદીપા ધરનો સમાવેશ થાય છે. આ તમામ કલાકારો એવા પાત્રોને જીવંત કરે છે, જેમનું જીવન અણધારી રીતે એકબીજાને સ્પર્શે છે. જે.ડી. મજેઠિયાના હેટ્સઓફ પ્રોડક્શને આ પહેલાં એમેઝોન પ્રાઈમ વીડિયો માટે હેપ્પી ફેમિલી કન્ડિશન્સ અપ્લાય પણ બનાવી હતી.

# નવા ઇનકમ ટેક્સ નિયમોનો ડ્રાફ્ટ જાહેર: નિયમોની સંખ્યા 511થી ઘટીને 333 થઈ, 1 એપ્રિલ 2026 થી નવી સિસ્ટમ લાગુ પડશે.....

**નવી દિલ્હી, તા.08**

આવકવેરા વિભાગે શનિવારે 'આવકવેરા નિયમો, 2026' નો નવો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. આ નવા નિયમો આગામી નાણાકીય વર્ષ એટલે કે 1 એપ્રિલ 2026 થી અમલમાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય ટેક્સ ફાઈલિંગ પ્રક્રિયાને સરળ બનાવવાનો અને સામાન્ય કરદાતાઓ માટે નિયમોને સરળ બનાવવાનો છે.




નવા પ્રસ્તાવિત ડ્રાફ્ટમાં નિયમો અને ફોર્મની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી અમલમાં રહેલા 'આવકવેરા નિયમો, 1962' માં કુલ 511 નિયમો અને 399 ફોર્મ હતા. નવા ડ્રાફ્ટમાં તેમને ઘટાડીને હવે માત્ર 333 નિયમો અને 190 ફોર્મ કરી દેવામાં આવ્યા છે.

વિભાગે એવા જોગવાઈઓને દૂર કરી દીધી છે જેમની હવે જરૂર નહોતી અને ઘણા સમાન નિયમોને એકબીજા સાથે જોડી દીધા છે. આનાથી ટેક્સ સિસ્ટમની જટિલતા ઘટશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટ ભાષણ દરમિયાન કહ્યું હતું કે ઈનકમ ટેક્સના નિયમો અને ફોર્મને સરળ બનાવવામાં આવશે જેથી સામાન્ય નાગરિકો કોઈપણ મુશ્કેલી વિના તેનું પાલન કરી શકે. નવા ડ્રાફ્ટમાં ફોર્મને ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યું છે.

નિષ્ણાતોનું કહેવું છે કે ફોર્મની ભાષાને હવે વધુ 'યુઝર-ફ્રેન્ડલી' બનાવવામાં આવી છે જેથી વહીવટી અને કાનૂની ગૂંચવણો ઓછી થાય. આ સાથે, ફોર્મ સાથે આપવામાં આવતી માર્ગદર્શિકાઓને પણ સરળ બનાવવામાં આવી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT) એ આ ડ્રાફ્ટને સાર્વજનિક ડોમેનમાં મૂક્યો છે. સામાન્ય લોકો અને હિતધારકો આગામી 15 દિવસ સુધી એટલે કે 22 ફેબ્રુઆરી 2026 સુધી આ પ્રસ્તાવો પર પોતાના સૂચનો આપી શકે છે. સરકારનું માનવું છે કે જનતાનો અભિપ્રાય લેવાથી કાયદાને વધુ પ્રભાવી અને સમાવેશી બનાવી શકાશે. સૂચનોના આધારે અંતિમ નિયમોને નોટિફાય કરવામાં આવશે.

ઈનકમ ટેક્સ બિલમાં એસેસમેન્ટ યરને ટેક્સ 'યર'થી રિપ્લેસ કરવામાં આવ્યું છે. બિલના પાના 823થી ઘટીને 622 થઈ ગયા છે. જોકે, ચેપ્ટર્સની સંખ્યા 23 જ છે. સેક્શન 298થી વધારીને 536 કરી દેવામાં આવ્યા છે અને શેડ્યુલ્સ પણ 14થી વધીને 16 થઈ ગયા છે.

ક્રિપ્ટો એસેટ્સને કોઈપણ અનડિસ્ક્લોઝ્ડ ઈનકમ હેઠળ ગણવામાં આવશે, જેમ કે હાલમાં રોકડ, બુલિયન અને જ્વેલરીનો સમાવેશ કરવામાં આવે છે. આવું એટલા માટે કરવામાં આવ્યું છે જેથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પણ પારદર્શક અને કાયદેસર રીતે નિયંત્રિત કરી શકાય.

બિલમાં ટેક્સપેયર્સ ચાર્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે ટેક્સપેયર્સના અધિકારોનું રક્ષણ કરશે અને ટેક્સ પ્રશાસનને વધુ પારદર્શક બનાવશે. આ ચાર્ટર ટેક્સપેયર્સના હિતોનું રક્ષણ કરવાની સાથે ટેક્સ અધિકારીઓના અધિકારો અને જવાબદારીઓને પણ સ્પષ્ટ કરશે.

પગાર સંબંધિત કપાત, જેમ કે સ્ટાન્ડર્ડ ડિડક્શન, ગ્રેચ્યુઈટી અને લીવ એનકેશમેન્ટને હવે એક જ જગ્યાએ સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. જૂના કાયદામાં રહેલા મુશ્કેલ સ્પષ્ટીકરણો અને જોગવાઈઓને દૂર કરવામાં આવ્યા છે, જેનાથી કરદાતાઓ માટે તેને સમજવું સરળ બનશે.

# IT શેરોમાં ઉથલપાથલ : સપ્તાહમાં રૂ. 6.4 લાખ કરોડનું જંગી નુકસાન...

## AIના વધતા પ્રભાવથી રોકાણકારોનો વિશ્વાસ ડગમગ્યો : ઈન્ફોસિસનો શેર સૌથી વધુ ઘટ્યો

**અમદાવાદ, તા.08**

માહિતી ટેકનોલોજી કંપનીઓના શેરોમાં ઘટાડો ચાલુ રહ્યો છે, જે આ અઠવાડિયે ચાર મહિનામાં સૌથી ખરાબ પ્રદર્શન દર્શાવે છે. આર્ટિફીશયલ ઈન્ટેલીજન્સ (એઆઈ)ના ઝડપી વિકાસથી પરંપરાગત આઈટી સેવાઓ વ્યવસાયોને નુકસાન થવાની આશંકાએ આ ક્ષેત્રના શેરો પર દબાણ બનાવ્યું છે.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સે ગત અઠવાડિયા માટે ૬.૪%નો ઘટાડો નોંધાવ્યો હતો. આઈટી શેરોમાં વેચાણથી નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં કંપનીઓના બજાર મૂડીમાં આશરે રૂ. ૬.૪ લાખ કરોડનો ઘટાડો થયો છે.

વિતેલા સપ્તાહ દરમિયાન ઈન્ફોસિસનો શેર સૌથી વધુ ૮.૨% ઘટયો હતો. ટેક મહિન્દ્રાએ ૭.૧% ઘટયો હતો. આઈટી ક્ષેત્ર વિશેની આ ચિંતાઓ એન્થ્રોપિકની નવી જાહેરાતોને અનુસરે છે, જેણે



ગુરુવારે નાણાકીય સંશોધન માટે તેના એઆઈ મોડેલનું નવું સંસ્કરણ બહાર પાડયું હતું. કંપનીએ જણાવ્યું હતું કે નવું ક્લાઉડ ઓપસ ૪.૬ મોડેલ ફક્ત થોડા કલાકોમાં વિગતવાર નાણાકીય વિશ્લેષણ પૂરું પાડી શકે છે.

એન્થ્રોપિક દ્વારા તેના જનરેટિવ એઆઈ વર્કસ્પેસને કાનૂની, વેચાણ, માર્કેટિંગ અને ડેટા વિશ્લેષણ જેવા કાર્યોને સ્વચાલિત કરવામાં મદદ કરતા નવા પ્લગ-ઈન્સ રજૂ કર્યાના થોડા દિવસો પછી આઈટી શેરોમાં ઘટાડો થયો હતો. ગયા બુધવારે, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૫.૯% ઘટયો હતો, જે ૨૩ માર્ચ, ૨૦૨૦ પછીનો સૌથી મોટો ઘટાડો છે.

એઆઈ પ્રેરિત ફેરફારો અંગેની ચિંતાઓ એવા સમયે ક્ષેત્ર પર દબાણ લાવી રહી છે જ્યારે ભારતીય આઈટી કંપનીઓ માટે આવક વૃદ્ધિ ધીમી રહી છે. ડોલરના સંદર્ભમાં આઈટી ઉદ્યોગ ખૂબ જ ધીમી ગતિએ વધી રહ્યો છે. વધુમાં, એઆઈ હાલના બિઝનેસ મોડેલોને વિક્ષેપિત કરે તેવી આશંકાએ રોકાણકારોના વિશ્વાસને હચમચાવી નાખ્યો છે.

# ટોપ-10 ફર્મ્સમાંથી 8ની વેલ્યુ ₹4.55 લાખ કરોડ વધી: રિલાયન્સને ₹1.41 લાખ કરોડનો ફાયદો...

**મુંબઈ, તા.08**

ગયા અઠવાડિયે શેરબજારમાં તેજીના કારણે ભારતના ટોપ-10 સૌથી મૂલ્યવાન ફર્મ્સમાંથી 8નું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન 4.55 લાખ કરોડ રૂપિયા વધી ગયું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આમાં સૌથી મોટી ગેનર રહી. છેલ્લા 5 દિવસમાં સેન્સેક્સ 2,857.46 અંક અથવા 3.53% વધ્યો.

આનાથી ટોપ-10માં રિલાયન્સ, HDFC બેંક, ભારતી એરટેલ, ICICI બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બજાજ ફાઈનાન્સ, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) અને હિન્દુસ્તાન યુનિલિવર ગેનર્સ રહ્યા, જ્યારે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) અને ઈન્ફોસિસના વેલ્યુએશન્સ ઘટ્યા.

બજારની આ રેલીમાં બેંકિંગ અને ટેલિકોમ સેક્ટરને સૌથી વધુ ફાયદો થયો. ભારતી એરટેલની માર્કેટ વેલ્યુ 52,516.39 કરોડ વધીને 11.62 લાખ કરોડને પાર પહોંચી ગઈ. પ્રાઈવેટ સેક્ટરની બેંકોમાં ICICI બેંકની વેલ્યુમાં 52,476.97 કરોડનો ઉછાળો આવ્યો, જ્યારે HDFC બેંકની વેલ્યુ 32,350.28 કરોડ વધી છે.

સરકારી બેંક SBIની માર્કેટ કેપ પણ 45,460.79 કરોડ વધીને 9.84 લાખ કરોડના સ્તરે પહોંચી ગઈ.




સરકારી વીમા કંપની LICની માર્કેટ વેલ્યુમાં પણ ગયા અઠવાડિયે મોટો સુધારો જોવા મળ્યો. LICનું વેલ્યુએશન 64,926.1 કરોડ વધીને 5.70 લાખ કરોડ થયું. જ્યારે, બજાજ ફાઈનાન્સની માર્કેટ કેપમાં 48,659.83 કરોડનો વધારો થયો, જેનાથી તેની કુલ વેલ્યુ 6.10 લાખ કરોડ પર પહોંચી ગઈ.

FMCG સેક્ટરની મોટી કંપની હિન્દુસ્તાન યુનિલિવર (HUL)ની વેલ્યુમાં પણ 17,058.03 કરોડનો વધારો નોંધાયો.

એક તરફ જ્યાં 8 કંપનીઓએ નફો કમાવ્યો, ત્યાં જ આઈટી સેક્ટરની બે સૌથી મોટી કંપનીઓ ટીસીએસ અને ઈન્ફોસિસ માટે ગત સપ્તાહ ખરાબ રહ્યું. ટીસીએસની માર્કેટ વેલ્યુ 88,172.8 કરોડ ઘટીને 10.64 લાખ કરોડ રહી ગઈ. આ જ રીતે ઈન્ફોસિસની વેલ્યુમાં પણ 63,462.66 કરોડનો ઘટાડો જોવા મળ્યો.

માર્કેટ એક્સપર્ટ્સ અનુસાર, દુનિયાભરમાં ટેક કંપનીઓના નબળા પ્રદર્શન અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટેકનોલોજીની ઝડપી ગતિને લઈને ભવિષ્યની ચિંતાઓને કારણે રોકાણકારોએ આઈટી શેરોમાં વેચવાલી કરી. આ ઉપરાંત, વેલ્યુએશનને લઈને વધતી ચિંતાઓએ પણ આ શેરો પર દબાણ બનાવ્યું.

# વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 14- નિષ્ક્રિય સોનાને આવક-ઉત્પાદન કરતી સંપત્તિમાં ફેરવવું એ એક સ્માર્ટ નાણાકીય પગલું

**મુંબઈ, તા.08**


Gold (સોનું)ને કેવી રીતે આવક અને વેચાણ કરતી સંપત્તિમાં ફેરવવું એના વિશે વિસ્તૃત માહિતી આપીશ. સોનાંના ભાવ હાલ આસમાન ને આંબી રહ્યા છે. દુનિયાની હાલની પરિસ્થિતિ પ્રમાણે સોનાંના ભાવમાં ઘટાડો થાય તેવી કોઈ જ સંભાવના દેખાતી નથી.

નિષ્ક્રિય સોનાને આવક-ઉત્પાદન કરતી સંપત્તિમાં ફેરવવું એ એક સ્માર્ટ નાણાકીય પગલું છે. ઘરગથ્થુ અને બેંક લોકરમાં અબજો ડોલરનું સોનું હોવાથી, આ ધાતુને વેચ્યા વિના એનું મુદ્રીકરણ કરવું જોઈએ અને એના માટે ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે. તમારા નિષ્ક્રિય સોનાને તમારા માટે કામમાં લાવવાની મહત્વ ની પાંચ (5) રીતો:

સરકાર-સમર્થિત GMS તમને તમારા ભૌતિક સોનું (ઝવેરાત, સિક્કા અથવા બાર) બેંકમાં જમા કરાવવાની મંજૂરી આપે છે જેથી વ્યાજ મેળવી શકાય.

વળતર: ટૂંકા ગાળાની થાપણો માટે સામાન્ય રીતે વાર્ષિક 2.25% થી 2.5%.

લાભો: સોનાના ભાવમાં વધારા ઉપરાંત વ્યાજ મળે છે, અને



વ્યાજ કરમુક્ત છે.

પ્રક્રિયા: સોનાને ઓગાળવામાં આવે છે અને શુદ્ધતા ચકાસવા માટે તેનું પરીક્ષણ કરવામાં આવે છે, તેથી આ જૂના અથવા તૂટેલા ઘરેણાં માટે શ્રેષ્ઠ છે જે તમે ફરીથી પહેરવાનો ઈરાદો ધરાવતા નથી.

આનાથી તમે તમારા ભૌતિક સોનાને સોનીઓને ભાડે આપી શકો છો, જેઓ તેનો ઉપયોગ કામચલાવ મૂડી તરીકે કરે છે.

વળતર: વાર્ષિક 2% થી 5% ની ઉપજ, ઘણીવાર સોનાના ગ્રામમાં ચૂકવવામાં આવે છે, જે તમારા હોલ્ડિંગ્સને વધારે છે.

ફાયદા: જ્યારે સોનું ઉપજ મેળવે છે ત્યારે તમારી માલિકી તમારી પાસે રહે છે.

Maturity પર, તમને સોનું (અથવા તેનું મૂલ્ય) વત્તા સંચિત વ્યાજ પાછું મળે છે.

મિકેનિઝમ: સેફગોલ્ડ જેવા પ્લેટફોર્મ, જૂના ઝવેરાતને 24k સોનામાં પીગળીને અને તેને ડિજિટલી રેકોર્ડ કરીને આને ખૂબ સરળ બનાવે છે.

નાણાકીય કટોકટીમાં સોનું વેચવાને બદલે, તમે લોન મેળવવા માટે તેને ગીરવે મૂકી શકો છો, તમારી સંપત્તિને સુરક્ષિત રીતે સંગ્રહિત રાખી શકો છો.

ફાયદા: સોનાની માલિકી તમારી પાસે રહે છે, અને તે સામાન્ય રીતે ચુકવણી પછી તમને પાછું આપવામાં આવે છે.

ઉપયોગ: તમે સોનાના મૂલ્યના 75-85% સુધી લોન લઈ શકો છો, જેનો ઉપયોગ તમે તમારી જરૂરિયાત પ્રમાણે કરી શકો છો.

વ્યાજ: વ્યાજ ઘણીવાર વ્યક્તિગત લોન કરતા ઓછું હોય છે, અને જો તમે ઓવરડ્રાફ્ટ સુવિધા પસંદ કરો છો તો જ તમે વપરાયેલી રકમ પર વ્યાજ ચૂકવો છો. મ્યુચ્યુઅલ ફંડમાં ગોલ્ડ ETFના ફંડ્સ ઉપલબ્ધ છે, જે તમને લાંબા ગાળામાં ખુબ જ સારું વળતર આપી શકે છે.જો તમે ફક્ત રોકાણ તરીકે ભૌતિક સોનું રાખતા હોવ, તો તેને એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETFs) અથવા ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રૂપાંતરિત કરવાથી વધુ તરલતા મળે છે અને સંગ્રહની મુશ્કેલીઓ દૂર થાય છે.

પ્રવાહિતા: આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા તાત્કાલિક વેચી શકાય છે, જ્યારે ભૌતિક સોનાના વેચાણમાં ડીલરોનું ઉચ્ચ કમિશન અને લાંબા સમય સુધી રાહ જોવાનો સમય શામેલ હોઈ શકે છે.

ખર્ચ-કાર્યક્ષમતા: કોઈ મેકિંગ ચાર્જ કે લોકર ભાડું નહીં, અને તેઓ વાસ્તવિક સમયના સોનાના ભાવને નજીકથી ટ્રેક કરે છે.

જો તમારું સોનું જૂના, ન વપરાયેલા ઘરેણાંના રૂપમાં છે, તો તમે સંપૂર્ણ મેકિંગ ચાર્જ ચૂકવ્યા વિના તેને નવી ડિઝાઈનમાં અપગ્રેડ કરીને એને તદ્દન નવા સ્વરૂપ માં પરિવર્તિત કરી શકો છો.

મિકેનિઝમ: ઘણા ઝવેરીઓ શૂન્ય-કપાત વિનિમય યોજનાઓ ઓફર કરે છે, જે તમને જૂની વસ્તુઓને નવી વસ્તુઓ સાથે બદલવાની મંજૂરી આપે છે.

મૂલ્ય જાળવી રાખવું: આનાથી નવા દાગીના ખરીદવા સાથે આવતા ઊંચા મેકિંગ ચાર્જ (ઘણીવાર 15-25%) બચે છે, જે નવી ખરીદીના ખર્ચમાં અસરકારક રીતે ઘટાડો કરે છે.

જો આવી રીતે, તમે બચત અને તમારા સોનાને અપગ્રેડ કરો તો જીવનમાં આર્થિક મુશ્કેલી ન જ પડે.

આ વાતાવરણમાં, ફિઝિકલ સોનાનો મોહ ન રાખીને Gold ETF જેવી સ્કીમમાં રોકાણ કરવાથી આર્થિક રીતે ચોક્કસ ફાયદો થાય છે જ. અને આ volatile બજારમાં સોનું લેવું એ હિતાવહ નથી. હા, જો પ્રસંગ હોય અને લેવું પડે એ એક અલગ બાબત છે પણ જો રોકાણના ઉદ્દેશ્યથી લેવા માંગતા હો તો ચોક્કસ પણે ઉપરોક્ત વિકલ્પો જોઈ લેવા જોઈએ.

# આય ફાઈનાન્સનો IPO આજથી ખુલશે: તેમાં 11 ફેબ્રુઆરી સુધી બોલી લગાવી શકાશે

**મુંબઈ, તા.08**

ગુરુગ્રામ સ્થિત નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) આય ફાઈનાન્સ પોતાનો IPO લાવી રહી છે. પબ્લિક સબસ્ક્રિપ્શન માટે આ ઈશ્યૂ 9 ફેબ્રુઆરીએ ખુલશે અને રોકાણકારો 11 ફેબ્રુઆરી સુધી તેમાં બોલી લગાવી શકશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 1,010 કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે.

IPO સત્તાવાર રીતે ખુલતા પહેલા, કંપનીએ 6 ફેબ્રુઆરીએ એન્કર રોકાણકારો દ્વારા 454.5 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. કંપનીએ અપર પ્રાઈસ બેન્ડ પર 19 એન્કર રોકાણકારોને 3.52 કરોડ શેર ફાળવ્યા છે.

નિપ્પોન લાઈફ અને ગોલ્ડમેન સૅક્સ સૌથી મોટા રોકાણકારો




કંપનીના એન્કર બુકમાં મોટા વૈશ્વિક અને સ્થાનિક નામોએ રસ દાખવ્યો છે. તેમાં સૌથી મોટા રોકાણકારો નિપ્પોન લાઈફ ઈન્ડિયા અને ગોલ્ડમેન સૅક્સ ફંડ્સ રહ્યા છે. આ બંને કંપનીઓએ 74-74 કરોડના શેર ખરીદ્યા છે. આ ઉપરાંત, બે પોન્ડ, સોસાયટી જનરલ, બીએનપી પારિબા અને અશોક ઈન્ડિયા ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ જેવા વૈશ્વિક રોકાણકારોએ પણ ભાગ લીધો છે.

પ્રાઈસ બેન્ડ 122 થી 129 સુધી કંપનીએ તેનો પ્રાઈસ બેન્ડ 122 થી 129 રૂપિયા પ્રતિ શેર નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 116 શેરના એક લોટ માટે બોલી લગાવી શકે છે, જેના માટે ઉપલા સ્તરે 14,964 રૂપિયાનું રોકાણ કરવું પડશે. જ્યારે વધુમાં વધુ 1,94,532 રૂપિયા લગાવી શકાશે. બિઝનેસ વધારવામાં ફંડનો ઉપયોગ થશે આય ફાઈનાન્સ કંપની સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ને લોન આપવાનું કામ કરે છે. કંપનીએ જણાવ્યું કે IPO માંથી મળનારા નવા ફંડ (710 કરોડ રૂપિયા)નો ઉપયોગ તેના કેપિટલ બેઝને મજબૂત કરવા માટે કરવામાં આવશે. આનાથી કંપનીને ભવિષ્યમાં તેના બિઝનેસ અને એસેટ્સના વિકાસ માટે જરૂરી મૂડી મળી શકશે. IPO શું હોય છે? જ્યારે કોઈ કંપની પહેલીવાર પોતાના શેર્સને સામાન્ય લોકો માટે જાહેર કરે છે, ત્યારે તેને ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ એટલે કે IPO કહેવાય છે. કંપનીને કારોબાર વધારવા માટે પૈસાની જરૂર હોય છે. આવી સ્થિતિમાં, કંપની બજારમાંથી લોન લેવાને બદલે કેટલાક શેર પબ્લિકને વેચીને અથવા નવા શેર ઈશ્યુ કરીને પૈસા એકઠા કરે છે. આ માટે જ કંપની IPO લાવે છે.

# બેન્કોમાં પડી રહેલી દાવા વગરની થાપણોમાં જોવા મળી રહેલો વધારો

## નિષ્ક્રિય થાપણો માટે તેના હકદારો આગળ આવે તે માટે રિઝર્વ બેન્ક દ્વારા હાથ ધરાયેલી ખાસ ઝૂંબેશ

**મુંબઈ, તા.08**

બેન્કોમાં દાવા વગરની પડી રહેલી થાપણો માટે દાવા કરવા થાપણદારોને પ્રોત્સાહિત કરવા શરૂ કરાયેલી ઝૂંબેશને કારણે ડિસેમ્બરમાં રૂપિયા ૧૦૦૦ કરોડથી વધુની નિષ્ક્રીય થાપણોનું પેઆઉટ શકય બન્યું હતું. જે અગાઉ રૂપિયા ૧૦૦-૨૦૦ કરોડ જેટલું રહેતું હતું. એક અંદાજ પ્રમાણ વ્યાજ સહિત દાવા વગરની એકંદર રૂપિયા ૮૫૦૦૦ કરોડની થાપણ દેશની બેન્કો પાસે પડી છે.

ગયા વર્ષના ઓકટોબરથી દર



મહિને દાવા વગરની પડી રહેલી થાપણ માટેના દાવામાં વધારો થઈ રહ્યો છે. ઓકટોબરમાં રૂપિયા ૭૫૯ કરોડની થાપણ માટે દાવા કરાયા હતા જે નવેમ્બરમાં વધી રૂપિયા ૮૦૨ કરોડ અને ડિસેમ્બરમાં રૂપિયા ૧૦૪૩ કરોડ રહ્યો હતો.

નિષ્ક્રિય હાલતમાં પડેલી થાપણો માટે તેના હકદારો આગળ આવે તે માટે રિઝર્વ બેન્ક દ્વારા હાથ ધરાયેલી ખાસ ઝૂંબેશ પૂર્વે દર મહિને અંદાજે રૂપિયા ૧૦૦થી ૨૦૦ કરોડની થાપણો માટે દાવા કરાતા હતા એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

બેન્ક થાપણો, વીમાની પાકેલી રકમ, ડિવિડન્ડસ તથા પેન્શન સહિતની દાવા વગરની નાણાંકીય એસેટસ તેના ખરા કાનૂની વારસદારને મળી રહે તે માટે ગયા વર્ષમાં સરકારે દેશભરમાં ખાસ ઝૂંબેશ શરૂ કરી હતી.

# ચીન ડૉલર-બોન્ડ વેચી સોનાનો કરી રહ્યો છે ભંડાર, સતત 15મા મહિને બમ્પર ખરીદી કરી ચોંકાવ્યાં

**મુંબઈ, તા.08**

ચીન સતત અમેરિકન બોન્ડ વેચીને ડી-ડોલરાઈઝેશન તરફ આગળ વધી રહ્યું છે. ચીનની આ આક્રમક નીતિનો વધુ એક પુરાવો મળ્યો છે જેમાં ચીન યુએસ બોન્ડ અને ડોલર વેચી તો રહ્યું છે અને સામે સોનાનો બમ્પર સ્ટોક પણ કરી રહ્યું છે. બીજી તરફ સોનાના ઊંચા ભાવને પરિણામે 2025માં વિશ્વની વિવિધ કેન્દ્રીય બેન્કો દ્વારા સોનાની ખરીદી 1000 ટનની અંદર રહી હતી. અગાઉના ત્રણ વર્ષમાં દર વર્ષે ખરીદીનો આંક 1000 ટનની ઉપર રહ્યો હતો.

ચીનની સેન્ટ્રલ બેંકે સતત 15મા મહિને સોનાની ખરીદી કરીને વૈશ્વિક નાણાકીય બજારોનું ધ્યાન ખેંચ્યું છે. પીપલ્સ બેંક ઓફ ચાઈનાના તાજેતરના ડેટા અનુસાર, જાન્યુઆરીમાં સોનાના ભંડારમાં વધારો થયો છે. ડ્રેગનનું ગોલ્ડ રિઝર્વ એક મહિના અગાઉના 74.15 મિલિયન ટ્રોય ઔંસની સામે વધીને ગત મહિને કુલ 74.19 મિલિયન ફાઈન ટ્રોય ઔંસ થયું છે. વધતા ભૂરાજકીય અને આર્થિક જોખમો વચ્ચે, ચીનની આ વ્યૂહરચના સોનાને સુરક્ષિત રોકાણ તરીકેના દરજ્જાને વધુ મજબૂત બનાવતી હોય તેવું લાગે છે.

કુલ સ્ટોક ઉપરાંત, ચીનના સોનાના ભંડારના કુલ મૂલ્યમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ચીનની સેન્ટ્રલ બેંકના સોનાની




વેલ્યુ 369.58 બિલિયન ડોલર પહોંચી છે, જે એક મહિના અગાઉ 319.45 બિલિયન ડોલર હતી. આ દરમિયાન, વૈશ્વિક સોનાના ભાવમાં તીવ્ર વધઘટ જોવા મળી છે.

ચીનની આ ડી-ડોલરાઈઝેશનની નીતિ અને વૈશ્વિક સટ્ટાકીય ખરીદીને કારણે, જાન્યુઆરીમાં સોનાના ભાવ 5600 ડોલર પ્રતિ ઔંસના ઐતિહાસિક રેકોર્ડ ઉચ્ચતમ સ્તરને સ્પર્શી ગયા હતા. જોકે, આ રેકોર્ડ તેજી ટકાઉ ન હતી. યુએસ ફેડરલ રિઝર્વના આગામી વડા તરીકે કેવિન વોર્શના નામાંકનના સમાચારથી બજારનું માનસ ખરડાયું હતું. હાજર બજારમાં સોનાના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો અને હાલ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ હવે પ્રતિ ઔંસ 4500 ડોલર પર પહોંચી ગયા છે.

અત્રે મહત્વનું છે કે ચીનનો એકંદર સોનાનો વપરાશ થોડો ઘટયો છે. સરકાર સમર્થિત ચાઈના ગોલ્ડ એસોસિએશન અનુસાર, 2025 માં ચીનનો સોનાનો વપરાશ 3.75 ટકા ઘટીને 950 મેટ્રિક ટન થયો હતો.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ડેટા પ્રમાણે 2025 માં વિશ્વની વિવિધ કેન્દ્રીય બેન્કો દ્વારા સોનાની એકંદર ખરીદી 863 ટન રહી હતી. કિંમતી ધાતુના ઊંચા ભાવને પરિણામે ખરીદીમાં પીછેહઠ થઈ હોવાનું કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

ઊંચા ભાવને કારણે કેન્દ્રીય બેન્કો સાવચેતીભરી ખરીદી કરી રહી હતી. ખરીદી ભલે ધીમી પડી હોય પરંતુ સોનામાં લાંબા ગાળાના વ્યૂહાત્મક રસ મજબૂત રીતે ટકી રહ્યા છે. કાઉન્સિલ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં 24 માંથી 22 કેન્દ્રીય બેન્કોના ગોલ્ડ રિઝર્વમાં વધારો થયાનું જણાયું છે. આગામી થોડા વર્ષો દરમિયાન ગોલ્ડ રિઝર્વ વધારવાની યોજના હોવાના કેટલીક મોટી કેન્દ્રીય બેન્કોએ સંકેત આપ્યા છે જે જોખન સંચાલનના તેમના પ્રયાસો ચાલુ હોવાનું સૂચવે છે.

# ઈન્જેકશનથી પાર્સલ ખોલી આઇફોનની ચોરી: ક્રાઈમ બ્રાંચે પાંચને દબોચ્યા

## પોલીસની હાજરીમાં બે મિનિટમાં જ અસલી ફોન કાઢી નકલી પેક કરી દીધો

**અમદાવાદ, તા.08**

ઓનલાઈન પ્લેટફોર્મ પરથી કરવામાં આવતી ખરીદી સમયે વસ્તુનું જે પાર્સલ તૈયાર કરાય છે તે કોઈ ખોલી ન શકે તેવું જો કોઈ માનતું હોય તો તે એક મોટી ભૂલ છે. ઓનલાઈન પ્લેટફોર્મ પરથી આવેલા પાર્સલમાંથી અસલી વસ્તુ કાઢી નકલી પેક કરી દેતી એક ટોળકીનો અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. જેઓ પાસેથી ગમ રિમુવર કેમિકલ પણ મળી આવ્યું છે જેને ઈન્જેકશનમાં ભરીને પાર્સલ ખોલતા હતા. પોલીસે જ્યારે આરોપીને પકડ્યા ત્યારે આરોપીઓએ બે મિનિટમાં જ પોલીસની હાજરીમાં પાર્સલ ખોલી અસલી વસ્તુ કાઢીને પરત પેક કરી બતાવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે જે ટોળકીનો પર્દાફાશ કર્યો છે તેઓ એક વ્યવસ્થિત રીતે આ રેકેટ ચલાવતા હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ અને તેના મિત્રો વિવિધ IDથી ખોટા સરનારા પર ઓનલાઈન ઓર્ડર બુક કરાવતા હતા. જ્યારે પાર્સલ આવે ત્યારે બધા મળીને તેમાંથી અસલી વસ્તુ કાઢી લેતા અને તેની જગ્યાએ નકલી વસ્તુ મુકીને વિશાલ નામના







આરોપીને આપી દેતા હતા.

નવા નરોડામાં આવેલી કુરિયર પાર્સલની કંપની ઓનલાઇન શોપિંગ પ્લેટફોર્મની એક કંપનીના ઓનલાઇન પાર્સલોની ડિલીવરીનું કામ કરે છે. ગત તા.28 જાન્યુઆરીએ 60 પૈકીના એક કર્મચારીએ ઓર્ડર કેન્સલ થયો હોવા અંગે અને તેમાં છેડછાડ થવા બાબતે જાણ કરી હતી. જેથી તે પાર્સલની તપાસ કરતા તેમાંથી ડુપ્લીકેટ ફોન મળી આવ્યો હતો. જેથી રિશભભાઈએ ઓનલાઇન સોફ્ટવેરમાં તપાસ કરતા 1.34 લાખનો આઈફોન 17 પ્રો અને અન્ય 1.22 લાખનો ફોન સરદારનગરના સરનામા પર ડિલીવરી કરવાની વિગતો પ્રાપ્ત થઇ હતી. જે બાદ વધુ તપાસ કરાતા કંપનીમાં કામ કરતા વિશાલ બાવરી આ વસ્તુઓ ડિલીવરી માટે લઈ ગયો હતો.જેથી વિશાલ બાવરીની પૂછપરછ કરતા તેણે સમગ્ર બાબતે વટાણા વેરી નાખ્યા હતા.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે જ્યારે આરોપીઓ પાસે ડેમો કરાવ્યો તો આરોપીઓએ પેટ્રોલ જેવા દેખાતા એક પ્રવાહીને ઈન્જેકશનમાં ભર્યું હતું અને તેની મદદથી બે મિનિટમાં જ પાર્સલ ખોલી બતાવ્યું હતું. જે જોઈને પોલીસકર્મીઓ પણ આશ્ચર્યમાં મૂકાયા હતા.

વિશાલ દ્વારા પરત આવેલા અન્ય પાર્સલોની તપાસ કરાતા આઈફોન સહિત બે ફોન, 1.79 લાખની બે એપલ વોચ પણ છેતરપિંડીથી મેળવી હોવાનું ખુલવા પામ્યુ હતું. જે મામલે ક્રાઈમબ્રાંચે ગુનો નોંધી આરોપી રામલાલ ગેહલોત, મનોજ, માલી, ભરત સુંદેશા, વિશાલ પંચાલ, વિશાલ બાવરી નામના પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી 8 ફોન, 25 ડમી ફોન, ડમી ઈયર બડ, ગેમિંગ પ્રોસેસર, કેમેરા લેંસ, હેરડ્રાયર અને ગાડી મળી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે હવે આ ગેંગના રીશીપાલ ભાટી અને વિનોદની શોધખોળ હાથ ધરી છે. આરોપીઓએ અમદાવાદની સાથે રાજસ્થાન, સુરત અને વડોદરામાં પણ છેતરપિંડીના ગુના આચર્યા હતા.

પીઆઈ દીપક ઢોલાએ જણાવ્યું કે આરોપીઓ પૈકી કેટલાક ડિલિવરી બોય તરીકે કામ કરતા અને કેટલાક અલગ અલગ ઓર્ડર કરતા હતા. આરોપીઓ પૈકીનો ડિલિવરી બોય જે વિસ્તારમાં હોય તે જ વિસ્તારમાં અન્ય આરોપીઓ ઓર્ડર કરતા હતા.વેરહાઉસ પરથી ડિલિવરી બોય નીકળે ત્યારે પાર્સલને ગમ રિમુવર ઈન્જેક્શનમાં ભરીને ખોલીને અસલી પ્રોડક્ટ કાઢીને નકલી પ્રોડક્ટ મૂકી દેતા હતા.

પ્રોડક્ટ બદલ્યા બાદ એપ્લિકેશનમાં રીફંડ કરતા હતા. UPI,કાર્ડ અને નેટ બેન્કિંગ મારફતે રિફંડ મેળવી લેતા હતા.પ્રોડક્ટ રિટર્ન કંપનીમાં જાય અને વેરીફાઈ થાય તેની પ્રોસેસ લાંબી હતી જ્યારે રિફંડ 3-4 દિવસમાં થઈ જતું હતું. જેથી કંપનીમાં ફ્રોડ અંગની મોડા જાણ થતી હતી.આરોપીઓ ઝાલોરમાં બધી પ્રોડક્ટ મોકલી દેતા હતા ત્યાંથી રિશિપાલ અને રોમીલ નામના આરોપીઓ વેચી દેતા હતા.આરોપીઓ છેલ્લા દોઢ મહિના આ પ્રકારે ગુનો આચરતા હતા.

# રાજકોટમાંથી ચોરી થયેલી ચાંદી મહેસાણામાંથી ઝડપાઈ: અમદાવાદ ક્રાઈમ બ્રાંચે 40 કિલો ચાંદી સાથે એકની ધરપકડ

**અમદાવાદ, તા.08**

રાજકોટમાંથી ચાર દિવસ પહેલા થયેલી 125 કિલો ચાંદીની ચોરીનો ભેદ ઉકેલાયો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે મહેસાણાથી એક શખસને 40 કિલો ચાંદી સાથે ઝડપી પાડ્યો છે. ચોરીનો અન્ય માલ અન્ય આરોપી પાસે હોય ક્રાઈમ બ્રાંચની એક ટીમે સુરત-વડોદરા તરફ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે રાજકોટના સોના-ચાંદીના વેપારી અતુલ પટેલે પોતાના મિત્ર બીપીનભાઈના ઘરમાં સવાસો કિલો ચાંદી સુરક્ષિત રાખી હતી. આ ઘર રાજકોટના ચંપકનગર વિસ્તારમાં આવેલું છે. જોકે તસ્કરોને ચાંદી હોવાની માહિતી મળતાં તેમણે બીપીનભાઈના ઘરમાં ઘુસી સવાસો કિલો ચાંદીની ચોરી કરી હતી. આ ઘટનાને પગલે રાજકોટ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી



કે ચોરી કરેલી ચાંદીનો જથ્થો મહેસાણા ખાતે વેચવા માટે લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે માર્ગમાં ચેકિંગ ગોઠવી કાર્યવાહી કરી હતી અને 40 કિલો ચાંદી સાથે એક આરોપીને ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ ગુનામાં સંડોવાયેલા અન્ય એક મુખ્ય આરોપી ફરાર છે. જેને પકડવા માટે સુરત અને વડોદરામાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ચોરીના કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે.પોલીસે પ્રદીપ અને કમલેશ ને ઝડપી લીધા છે.

# વિદેશી દારૂની 72 બોટલ સાથે કુંભારવાડાનો શખ્સ ઝડપાયો: ચોથીબેન છાશવાળાના ખાંચામાં દારૂ વેચતો હતો ને પોલીસ ત્રાટકી

**ભાવનગર, તા.08**

ભાવનગરમાં પેરોલ ફર્લો સ્કવોડની ટીમે પેટ્રોલિંગ હતી તે દરમ્યાન કુંભારવાડા વિસ્તારમાં રેડ કરતા સ્થળ પરથી એક શખ્સને ઝડપી લઈ રૂ.63,120 કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. આ કેસમાં સંડોવાયેલ અન્ય એક આરોપી હાલ ફરાર છે. જેને ઝડપી લેવા પોલીસે કવાયત હાથ ધરી છે, આ મામલે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન હેઠળ ગુન્હો નોંધાતા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડનો પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન મળેલી બાતમીના આધારે શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી અબ્દુલ કલામ નીશાળવાળા ચોકની પાસે આવેલ ચોથીબેન છાશવાળાના ખાંચામાં બાતમીવાળી જગ્યાએ રેડ કરતા મૂળ કુંભારવાડાનો રહેવાસી મુસ્તુફા ઉર્ફે ભાણો



સલીમભાઈ આરબ ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરતો મળી આવ્યો હતો.

પોલીસે રેઈડ કરતા મુસ્તુફા ઉર્ફે ભાણો સલીમભાઈ આરબ મળી આવતા તપાસ દરમ્યાન ઈંગ્લીંશ દારૂની નાની-મોટી 72 નંગ બોટલો સહીત કુલ. રૂ.63,120ના મુદ્દામાલ મળી આવ્યો હતો. જ્યારે આ બનાવમાં અન્ય એક શખ્સ હારૂન અવેશભાઈ કટીયા જે પકડવાનો બાકી છે. પોલીસે આ બનાવના બન્ને શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ગુન્હો દાખલ કરાવતા બોરતળાવ પોલીસે પ્રોહીબિશનની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફાઈનાન્સ કંપનીના મેનેજર પર પૂર્વ કર્મચારી સહિત ચાર શખ્સોનો હુમલો

**ભાવનગર, તા.08**

ભાવનગર શહેરમાં ફાઈન્સ કંપનીના ડિવિઝનલ મેનેજર પર પૂર્વ કર્મચારી સહિત ચાર શખ્સોએ હુમલો કર્યાની ગંભીર ઘટના સામે આવી છે. જૂના વહેમ અને રંજિશના કારણે લોખંડના સળિયા, લાકડાના ધોકા અને ઢીકા-પાટુથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવા મામલે ફરિયાદ થતા, પોલીસે આ બનાવમાં 4 શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ બનાવ અંગે બોરતળાવ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, ગ્રામીણ લિમિટેડ માઈક્રો ફાઈન્સ કંપનીમાં ડિવિઝનલ મેનેજર તરીકે ફરજ બજાવતા નરેશ ભરતસિંહ પરમારએ કંપનીના પૂર્વ કર્મચારી ભાવનગરના રહેવાસી રામદેવસિંહ જયવંતસિંહ સરવૈયા અને અન્ય 3 અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, નરેશ ભરતસિંહ પરમાર અને રામદેવસિંહ જયવંતસિંહ સરવૈયા કંપનીમાં સાથે કામ કરતા હતાં. જેમાં રામદેવસિંહ જયવંતસિંહ સરવૈયાએ બે મહિના પહેલા કંપનીમાંથી રાજીનામું આપી દીધું હતું.

પરંતુ આ રાજીનામુ આપવામાં ડિવિઝનલ મેનેજર નરેશ પરમારે કંપનીમાં ખોટી રજુઆત કરી હોવાનો રામદેવસિંહ સરવૈયાને મનમાં વહેમ હતો. જે વહેમની દાઝ રાખીને રામદેવસિંહ સરવૈયાએ અજાણ્યા શખ્સોને સાથે રાખી નરેશ પરમારને લોખંડના સળિયા, લાકડાના ધોકા અને ઢીકા પાટુનો માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જે બનાવના પગલે ડિવિઝનલ મેનેજર નરેશ પરમારે રામદેવસિંહ જયવંતસિંહ સરવૈયા તેમજ અન્ય અજાણ્યા ત્રણ શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે BNS 115(2), 352, 351(3), 54 તેમજ જીપી એક્ટ 135 મુજબ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# નરહરી અમીને બંધ કરાવેલો કટ ખોલાવવા લોકો ફરી રસ્તે ઉતર્યાં

## અમદાવાદના SP રિંગ રોડ પર ટ્રાફિક દૂર કરવા જતાં પોલીસ સાથે ઘર્ષણ

**અમદાવાદ, તા.08**

ભાજપના સાંસદ નરહરી અમીનની રજૂઆત બાદ અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર હોટેલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ ઔડા-પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે થઈ ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં વાહનચાલકોને હાલાકી પડી રહી છે. ત્યારે આજે (8 ફેબ્રુઆરી)ના રોજ ડિવાઈડર કટને ખોલવા માટે સ્થાનિક નાગરિકો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન કરવામાં આવ્યું છે. લોકોને ત્રણથી ચાર કિલોમીટર ફરીને જવું પડતું હોવાના કારણે હાલાકી પડી રહી છે, જેથી કટ ખોલાવવા માટે સ્થાનિક લોકો દ્વારા નરહરી અમીન અને કોર્પોરેટરોને રજૂઆત કરી છે, છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા લોકો ફરી એકવાર રોડ ઉપર ઉતરી આવ્યા હતાં.



SP રિંગ રોડ પર લોકોએ રસ્તો રોકી ચક્કાજામ કર્યો હતો. સ્થાનિકોની સાથે આમ આદમી પાર્ટીના ચાંદખેડા વોર્ડ અને સાબરમતી વોર્ડના પ્રમુખ તેમજ ચાંદલોડિયા વોર્ડના પ્રમુખ સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ પણ પહોંચી ગયાં હતાં. આપના તમામ નેતાઓ સ્થાનિક લોકો જોડે વિરોધ કરવા અને રોડ બંધ કરાવવા લાગ્યા હતા. હોટેલ હિલ્લોક પાસે લોકોએ રોડ બંધ કરી દેતા અડધો કિલોમીટરથી લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ સર્કલ તરફ જતા વાહનો ટ્રાફિકજામમાં ફસાયા છે.

ઘટનાની જાણ થતાં ચાંદખેડા પોલીસ સ્ટેશનના એક પીએસઆઈ અને પાંચ પોલીસકર્મીઓ સ્થળે દોડી ગયાં હતાં. ચાંદખેડા પોલીસ દ્વારા સ્થાનિક લોકોને સમજાવવામાં આવ્યા હતા કે, તમારે જ્યાં રજૂઆત કરવી હોય ત્યાં તમે રજૂઆત કરો, અત્યારે હાલમાં રોડ બંધ ન કરો. રોડ ખોલી દો, જેના કારણે બીજા લોકોને તકલીફ પડે નહીં. આ દરમિયાન રકઝક થતાં સ્થાનિક લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. લોકોની એક જ માક હતી કે, તાત્કાલિક કટ ખોલવામા આવે.

બીજી તરફ રોડ ખુલ્લા કરવા આવેલા એલ ટ્રાફિક પોલીસ સ્ટેશનના મહિલા પીઆઇ સમક્ષ સ્થનિકોએ ઉગ્ર રજૂઆત કરી હતી કે, ડિવાઈડર ખોલ્યો નથી અને ગરનાળા પાસે પણ ટ્રાફિકજામ થાય છે, ત્યારે ત્યાં પોલીસ હાજર હોતી નથી, જેના કારણે અમારે ખૂબ જ તકલીફનો સામનો કરવો પડે છે. આ સાથે જ માગ કરી હતી કે, ગરનાળા પાસે પણ ટ્રાફિક પોલીસને હાજર રાખો. અન્ય પ્રાચીબેન નામના સ્થાનિક મહિલાએ જણાવ્યું કે, હોટેલ હિલ્લોલ પાસેનો કટ ખોલવાનો જ છે. જો ના ખોલવો હોય તો આ સર્કલની મંજૂરી શા માટે આપી? સર્કલની મંજૂરી આપી હોય છે તો કટ મુકવા માટે જ આપી છે. અમારે તો ભૂપેન્દ્રભાઈનો મત વિસ્તાર જોતો જ નથી. આટલો મોટો મત વિસ્તાર આપ્યો જ ખોટો છે.

# પાલડીમાં ડોક્ટરને બ્લેકમેલ કરી પૈસા પડાવ્યા: ક્લિનિકમાં મસાજ કરાવતા હોય તેવું ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર માગ્યા

**અમદાવાદ, તા.08**

અમદાવાદના પાલડી વિસ્તારમાં ક્લિનિક ચલાવતા ડોક્ટરને ધમકાવીને એક ગેંગના લોકોએ પૈસા પડાવ્યા છે. ડોક્ટર તેમની કેબિનમાં બોડી મસાજ કરાવતા હોય તેવા સીસીટીવી મોકલીને 40 હજાર અને 35 હજાર જેવી રકમ માંગતા ડોક્ટરે ગભરાઈને ઓનલાઈન 5 હજાર મોકલી દીધા હતા. જોકે બાદમાં આરોપીઓએ બ્લેકમેલ કરવાનું યથાવત રાખતા ડોક્ટરે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પાલડી વિસ્તારમાં રહેતા આધેડ વયના ડોક્ટરને થોડા દિવસો પહેલા વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી એક વીડિયો આવ્યો હતો. આ વીડિયોમાં ક્લિનિકના ફૂટેજ હતા. જેમાં ડોક્ટર બોડી મસાજ કરાવતા હતા. વીડિયો મોકલનારે આવી અનેક ક્લિપ હોવાનું કહીને ડોક્ટરને ડરાવ્યા હતા. વીડિયો મોકલનારે આખુ ફોલ્ડર બનાવ્યુ છે અને તે ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર રૂપિયાની માંગણી કરી હતી.



મેસેજ કરનારે પૈસા નહી આપો તો સમાજના ગ્રુપમાં વીડિયો મોકલીને તમને બદનામ કરીશુ તેવી ધમકી પણ આપી હતી. જેથી ડોક્ટરે ગભરાઈને તેમનો નંબર બંધ કરી દીધો હતો. જે બાદ ફરીથી શખસોએ તેમને અન્ય એક વીડિયો મોકલ્યો હતો સાથે ઓનલાઈન પેમેન્ટનું સ્કેનર મોકલ્યુ હતું. બાદમાં વોટ્સએપ નંબરથી અવાર-નવાર પૈસાની માંગણી ચાલુ રહેતા તેમણે નંબર બ્લોક કરી દીધો હતો.

જોકે ડોક્ટરે ડરીને પાંચ હજાર રૂપિયા ચુકવી દીધા હતા. ઓનલાઇન પેમેન્ટની લિમીટ હોવાથી આરોપીઓએ બેંક એકાઉન્ટની વિગતો આપીને 40 હજારની માંગણી કરી હતી. જેથી ડોક્ટરે પરિચિત તથા મિત્રો સાથે વાત કરતાં આ મામલે અરજી કરી હતી. ડોક્ટરે પૈસા ન આપતા 'અગર ઘી સીધી ઉંગલી સે નહી નીકલેગા તો ટેઢી કરની પડેગી' તેવા મેસેજ કરીને ધમકી આપી હતી. જે બાદ ફેસબુક પેજનો ફોટો મોકલ્યો હતો જે પેજની વિઝીટ કરતાં તેમાં ક્લીનીક અને ડોક્ટરની વિગતો સાથેના અગાઉ મોકલેલા વીડિયો અપલોડ કર્યા હતા. ડોક્ટરે અરજી કર્યા બાદ હવે પાલડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

